www.zalawadi.com

RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 1, Year : 65, April, 2018, Pages : 52, Price Rs. 7.00



www.zalawadi.com



**આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ**

Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

# સપ્તપદીની ૭૦ વર્ષની સાર્થકતાઃ



## શ્રીમતી લિલાવંતીબેન અને શ્રી કાંતીલાલ ઉજમશી શાહ

લગ્ન જીવનનાં સાત દાયકા પૂર્ણ કરે છે. સપ્તપદીની સમજણને આત્મસાત કરી : સંસારિક જવાબદારીઓ અને વ્યાવહારીક પ્રસંગો ખુબજ આત્મવિશ્વાસ અને સ્નેહથી પૂર્ણ કરી રહ્યાં છે. ધર્મ પ્રત્યેની અપાર શ્રદ્ધા - રૂચિ અને ઉચ્ચ આચરણ થકી અમ સૌ માટે ઉદાહરણરૂપ બની રહ્યાં છે. સમાજ ઉપયોગી કાર્યો ખુબ જ સહજતા થી કર્યા અને કરતા રહ્યાં છે.

અમને સૌને અપાર વ્હાલ આપ્યું છે.

આમારા આ માવતર ને અમ સૌના શત્ શત્ પ્રણામ

અખાત્રીજ વર્ષ ૧૯૪૮ : દામપત્ય જીવનની શુભ શરૂઆત

અખાત્રીજ વર્ષ ૨૦૧૮ : ૭૦ વર્ષનો સહવાસ.....

| | | | |
|---|---|---|---|
| શૈલા-દિલીપ, | નૈના-ચંદ્રવદન, | અતુલ-ગીતા, | પંકજ-દિવ્યા |
| ચિંતન-નિરાલી, | વિરાજ-નીપા, | અર્પીતા-પ્રતિક | પલક-પ્રાચી |
| અંકિતા-ધવલ | નેન્સી-હિતેશ | પારસ-મોનલ | જિલ |
| આરવ-શૌર્ય-વિવાન | નીવ-નૈનિકા-નમીશ | કિયાન-આરી | |

શ્રી ઉજમશી કચરાભાઈ શાહ પરિવાર (ચુડા), શ્રી ચિમનલાલ મનસુખભાઈ શાહ પરિવાર (લિંબડી)

એચ. કાંતીલાલ એન્ડ કું.

Advt.



Digitalised By ITDESK SOLUTIONS LLP




શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

એપ્રિલ–૨૦૧૮

વર્ષ : ૬૫ : : અંક : ૨

: તંત્રી :

સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :

પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :

૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

ટેલિફોન :૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬

ટાઈપસેટિંગ :મુદ્રાંકન, મુંબઈ–૪૦૦૦૯૨

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



## કોને ખબર?

પાંદડું કેવી રીતે પીળું થયું, કોને ખબર?
એટલે કે ઝાડમાંથી શું ગયું, કોને ખબર?

શહેર પર ખાંગી થઈ વરસી પડી આખી વસંત
એક જણ નખશિખ ઉજ્જડ રહી ગયું, કોને ખબર?

શાહીમાંથી આમ કાં ઢોળાય છે તારાં સ્મરણ?
એને મારું એક મન ઓછું પડ્યું? કોને ખબર?

સ્વપ્નમાં વહેતી'તી નહેરો તારા ચહેરાની સતત,
ને સવારે આંખમાંથી શું વહ્યું, કોને ખબર?

માછલીએ એકદા જ્યારે પૂછ્યું, તું કોણ છે?
એનો ઉત્તર શોધવા જળ ક્યાં ગયું, કોને ખબર?

મેં અરીસાને અમસ્થો ઉપલક જોયો, 'રમેશ'
કોણ એમાંથી મને જોતું રહ્યું, કોને ખબર?

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# વાર્તા એક ઢીંગલીની

☐ મોરારિબાપુ

લગભગ પાંચ-છ વર્ષની ઉંમરનું એક બાળક હતું. એ બાળક પોતાની પાસે કંઈક પર્સ જેવું હતું તે લઈને એક બહુ જ મોટો શોપિંગ મોલ હતો એના એકાઉન્ટન્ટ પાસે જઈને ઊભો રહ્યો. એની પાછળ એક ધનિક માણસ પણ શોપિંગ કરવા આવ્યો હતો એ પણ ઊભો હતો. એ ધનિક વ્યક્તિને એમ થાય છે કે આ એકલો નાનકડો બાળક શું લેવા આવ્યો હશે ? ત્યાં પેલા બાળકે કહ્યું, 'અંકલ, મને પેલી ઢીંગલી જોઈએ છે.' વેચનારને ખબર હતી કે બાળક પાસે ઢીંગલીના પૂરતા પૈસા નથી. એ બિચારો ત્યાં નોકરી કરતો હતો એટલે કંઈ કરી શકે એમ પણ ન હતો. એટલે એ મોલનો કર્મચારી બાળકને કહે છે કે તારી પાસે આ ઢીંગલી ખરીદવા માટે પૂરતા પૈસા નથી. ધનિક માણસ જુએ છે કે બાળક એનું પોકેટ ખોલે છે ને બંધ કરે છે !

જુઓ, સંવેદનાનો જન્મ કેવી રીતે થાય છે ! પેલા ધનિક માણસને થયું કે અરે, આ નાનકડા બાળક માટે હું શું કરું ? એ બાળકને બોલાવે છે ને પૂછે છે કે તું આ ઢીંગલી શા માટે ખરીદવા માગે છે ? બાળક હવે કથા શરૂ કરે છે–'અંકલ, મારી બહેન ભગવાન પાસે ચાલી ગઈ છે અને મારી બહેનને આ ઢીંગલી બહુ પ્રિય હતી, પરંતુ પહેલાં અમે એને આ ઢીંગલી ન અપાવી શક્યા. પણ ભગવાન પાસે ગયેલી એ મારી બહેન માટે હવે મારે એ ખરીદવી છે.' પેલા ધનિક અને કર્મચારી માટે તો આ સમસ્યા વધુ જટિલ બની ગઈ. સાત વર્ષના બાળકને કેમ સમજાવવો ? પેલા ધનિક માણસ બાળકને પૂછે છે કે, 'તું એ ઢીંગલી તારી બહેન પાસે કેમ પહોંચાડી શકીશ ?'

બાળક કહે છે, 'અંકલ, એનો ઉપાય છે. મારી મા બે-ત્રણ દિવસમાં ભગવાન પાસે જવાની છે !'

રહસ્ય વધુ ઘેરું બનતું ગયું, કાઉન્ટર પર બેઠેલા અને પાછળ ઊભેલા ધનિક એ બંને માણસો માટે રહસ્ય હતું ! પેલા પાછળ ઊભેલા ધનિકને થયું કે ત્રણ દિવસ પહેલાં અખબારમાં એક ખબર છપાઈ હતી, કે ટ્રક ડ્રાઈવરે શરાબ પીને ટ્રક ચલાવ્યો અને એક બાળકીનું મૃત્યુ થયું તથા એની મા બહુ ગંભીર રીતે ઘાયલ થઈ. એની માને હોસ્પિટલમાં દાખલ કરી ને ડૉક્ટરોએ કહ્યું કે તે બચે પણ ખરી અને ન પણ બચે ! ક્યાંક આ બાળકની એ બહેન તો મરી ગઈ નહિ હોય ને ? ક્યાંક હોસ્પિટલમાં દાખલ થયેલી એની બેહોશ મા વિશે તો ડૉક્ટરોએ હાથ અધ્ધર તો નહીં કરી દીધા હોયને ? ત્યારે કદાચ આ માસૂમ હૃદયમાં એવી વાત ઊઠી હશે કે, હું મારી મા સાથે મારી બહેન માટે આ ઢીંગલી મોકલી આપું ! એટલે બિચારો આ બાળક પોતાની પાસેના થોડાંક પૈસા લઈને ઢીંગલી ખરીદવા ઘૂમતો હશે ! ધનિક કહે છે, 'બેટા, તારું પર્સ લાવ. કદાચ ગણવામાં તારી ભૂલ થતી હશે.'

બાળકે પોકેટ આપ્યું અને બાળકને ખબર ન પડે તે રીતે તે વ્યક્તિએ થોડા પૈસા એમાં નાખી દીધા !

સંવેદનાનો જન્મ આમ થાય છે. કહેવાય છે કે જ્યાં પૈસા હોય છે ત્યાં સંવેદના નથી હોતી. આ કાયમી સિદ્ધાંત નથી. જો આપણા જીવનમાં વિવેક પ્રગટ થાય તો પૈસામાંથી પણ સંવેદના પ્રગટ થઈ શકે; વિદ્યામાંથી પણ સંવેદના પ્રગટ થઈ શકે છે. દરેક ક્ષેત્રમાં સંવેદનાનો જન્મ થાય છે. મારું એક સૂત્ર છે કે જે દેશમાં વેદ હોય, પરંતુ વેદના ન હોય તો વેદ કેટલો સહાયક બની શકે ? ! આપણી પાસે વેદ છે પરંતુ વેદના નથી. હું મારા યુવાન ભાઈ-બહેનોને એ જ કહેવા માગું છું કે વડીલો પાસેથી પ્રેરણા લઈને હરિને પ્રાર્થના કરો કે અમારી અંદરની સંવેદનાનો નાશ ન થાય. આપણી વેદના સલામત રહે એ બહુ જરૂરી છે. પરસ્પર સંવેદના હોય તો એક નાનકડી ઝૂંપડી પણ રાજમહેલ બની જાય છે. અને એ અંકલે બાળકના પોકેટમાં પૈસા નાખીને વિશ્વને એક મેસેજ આપ્યો કે મારા ભાઈ-બહેનો, થોડી સંવેદના અર્જિત કરો. આ નાનકડી વાર્તાના સારરૂપે મારે તમને એ જ કહેવું છે કે આપણામાં સંવેદના પ્રગટ થવી જોઈએ અને એ પ્રગટશે સત્સંગ દ્વારા.

સત્સંગ વિના વિવેક નથી આવતો. 'સારનાથ'ની કથામાં મેં એક વાત કરી હતી કે, સત્સંગથી વિવેકની શક્તિ પ્રાપ્તિ થાય છે અને વિવેકનું વર્ધન પણ વિવેકથી થાય છે. તમે 'ભગવદ્ગીતા'નું પારાયણ કરો તો એ સત્સંગ જ છે, પરંતુ મારી વ્યાસપીઠે સત્સંગનો બહુ વિશાળ અર્થ કર્યો છે. જેમાં કલા હોય, કલ્પન પણ હોય એવું કોઈક ચિત્ર તમે તલ્લીનતાથી અંકિત કરો તો એ ચિત્ર પણ સત્સંગ બની શકે છે. સાહિત્ય પણ સત્સંગ બની શકે છે. કોઈપણ વિદ્યા સત્સંગ બની શકે છે, પરંતુ સત્સંગનું જે ફળ છે–વિવેક એમાં વધારો થવો જોઈએ. મારા અનુભવ મુજબ વિવેકની વૃદ્ધિ સત્સંગથી થાય છે.

સત્સંગ એટલે કોઈ જાગ્રત બુદ્ધ પુરુષનો સંગ. કોઈ વ્યક્તિમાં શ્રદ્ધા જાગે કે ન જાગે એની ચિંતા ન કરો, પરંતુ કોઈ વ્યક્તિના સંગમાં બેસવાથી સારું લાગે તો પણ એ બુદ્ધપુરુષનો સંગ ધીરે ધીરે વિવેકવર્ધન કરે છે. સ્વામી વિવેકાનંદજી એનું ઉદાહરણ છે. ઠાકુરમાં એમની નિષ્ઠા તો ઘણી હતી, પરંતુ શરૂઆતમાં ત્રણ વસ્તુ બાબતે પરમહંસ સાથે નિરંતર ચર્ચા થતી રહેતી. તેઓ ઠાકુરની વાત સ્વીકારતાં નહોતા, પરંતુ એમને ઠાકુર બહુ સારા લાગતા હતા. મારી મૂળ ચર્ચા હતી કે સત્સંગથી વિવેકનું વર્ધન થાય છે. વિવેકાનંદ એક સિદ્ધપુરુષ, શુદ્ધપુરુષ, બુદ્ધપુરુષ, પહોંચેલો પુરુષ, ભગવાન રામકૃષ્ણના સંગથી એમનામાં કેટલું વિવેકવર્ધન થયું છે ! તો સત્સંગથી વિવેકની પ્રાપ્તિ, સત્સંગથી વિવેકનું વર્ધન અને અસંતના સંગથી વિવેકનો ક્ષય, ક્રમશઃ પતન ! મૂળ મુદ્દો સંવેદનાનો છે, પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સંવેદનાનો ઈશ્વર પ્રગટે એ જરૂરી છે.✱✱✱

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

# અષ્ટમંગલ : ભીતરમાં રહેલા અરૂપી આત્મતત્ત્વનું દર્શન

☐ કુમારપાળ દેસાઈ

શુભનો કેટલો બધો મહિમા છે. વ્યક્તિ એના જીવનમાં સદૈવ શુભને પ્રાર્થે છે. એ શુભથી પોતાનું કાર્ય સારી રીતે પૂર્ણ થવાની દૃઢ આસ્થા બંધાય છે. એ શુભથી મંગલનો ભાવ પ્રવર્તે છે. આવી આઠ મંગલદાયક વસ્તુઓના સમૂહને 'અષ્ટમંગલ' કહેવામાં આવે છે. આ અષ્ટમંગલ વિશે એક વિસ્તૃત ગ્રંથ આચાર્યશ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી સૌમ્યરત્નવિજયજી મ. સા.એ અથાગ શ્રુતપુરુષાર્થ કરીને તૈયાર કર્યો છે.

આ ગ્રંથમાં અષ્ટમંગલ વિશે અનેક પ્રકારે માહિતી આપવામાં આવી છે. આ ગ્રંથમાં આ લેખકે (કુમારપાળ દેસાઈ) અષ્ટમંગલની વાત કરતાં કહ્યું કે (૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ (૩) શ્રી નંદ્યાવર્ત (૪) વર્ધમાનક (શરાવ-સંપુટ) (૫) ભદ્રાસન (૬) કલશ (૭) મત્સ્યયુગલ અને (૮) દર્પણ. એમ આઠ મંગલને અષ્ટમંગલ કહેવામાં આવે છે.

જૈનદર્શનમાં પ્રતીક, ચિત્ર, આકૃતિ કે પ્રતીકની પાછળ આગવી ભાવસૃષ્ટિ રહેલી હોય છે. એ શબ્દનો માત્ર વ્યવહારજગતમાં થતો સ્થૂળ, સામાન્ય કે સપાટી પરનો અર્થ સ્વીકારીને ચાલવાને બદલે એના ગર્ભિતાર્થ એવા આધ્યાત્મિક અર્થને પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે. એના આધ્યાત્મિક અર્થ અને સંકેતોને જાણનારો જ એની યોગ્ય ઉપાસના કરી શકે છે અને તેથી અહીં એ અષ્ટમંગલની આકૃતિઓ કરી સાથેસાથે એના આંતર અર્થને દર્શાવવામાં આવ્યો છે.




સામાન્ય રીતે શુભસૂચક એક ચિહ્ન હોય છે. એક મંગલ હોય છે, પણ અષ્ટમંગલમાં આઠ મંગલનું આલેખન છે, અષ્ટમંગલની આકૃતિમાં એક સાથે આઠ શુભનું દર્શન છે અને એ રીતે એનાથી દર્શનાર્થીઓની ભાવસૃષ્ટિમાં શુભ ભાવનું પ્રબળ સંચલન થાય છે. એમાંની આકૃતિ કોઈ એક નહીં, પણ આઠ-આઠ ધર્મ-સંદેશ આપી જાય છે. આ પ્રતીકોમાંથી આત્મજાગૃતિ, આત્મચિંતન અને આત્મવિકાસના સંકેતો પ્રાપ્ત થાય છે, પણ સાથોસાથ આ પ્રતીકોમાં માત્ર 'સ્વ'નો જ વિચાર નથી 'સર્વ'નો પણ વિચાર કર્યો છે અને તેથી એની સાથે વ્યાપક લોકહિત અને જનકલ્યાણની મંગલ ભાવના જોડાયેલી છે.

શ્વેતાંબર પરંપરામાં જિનાલયમાં અષ્ટમંગલની ધાતુની પાટલી જોવા મળે છે. એક સમયે અષ્ટમંગલની આકૃતિઓ દોરવામાં આવતી હતી. આજે એ અષ્ટમંગલની પટ્ટી કે સ્ટીકર જૈનોના જૈનોના દ્વાર (બારશાખ) પર મળે છે, તે શુભભાવની અંગત અભિવ્યક્તિ છે. આજે તીર્થંકર ભગવાનની પૂજા કર્યા પછી અંતે અષ્ટમંગલને આલેખવાનો રિવાજ છે. શ્વેતાંબર જૈન મંદિરમાં અષ્ટમંગલની પાટલી અવશ્ય હોય જ. મોટાં પૂજનો સમયે પણ પાટલાપૂજનમાં એક પાટલા પર અષ્ટમંગલની આઠ આકૃતિઓ ચાંદીના પતરામાંથી દોરેલી હોય છે.

અષ્ટમંગલનું દર્શન થાય છે, પણ વિશેષ આવશ્યકતા તો એના આંતરિક અનુભવની છે. હજારો વર્ષથી સ્વસ્તિક (સાથિયો) એ શુભ, મંગલ અને કલ્યાણકારી એવું ઉત્તમ મંગલ ગણાય છે. માત્ર જૈન પરંપરામાં જ નહીં, બલ્કે હિંદુ અને બૌદ્ધ પરંપરામાં પણ આનો એવો જ મહિમા છે. સ્વસ્તિક એટલે જ કલ્યાણ કરે અને આશાર્વાદરૂપ હોય. વળી એની આકૃતિ પણ એવી સરળ કે સહુ કોઈને આલેખવી સહજ બને. જિનાલયમાં અષ્ટમંગલની પાટલી પર કે ઘરના દ્વારે રાખેલી અષ્ટમંગલની પટ્ટીઓ પર જ્યારે સ્વસ્તિક જુઓ ત્યારે એ વિચારજો કે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીએ ચાર ગતિમાં ભમતા આ જીવને વિશુદ્ધિ પ્રાપ્ત થાય. દ્રવ્ય-પૂજામાં સ્વસ્તિક પર ચોખાનો સાથિયો કરીને ઢગલી કરવામાં આવે છે. આ ઢગલી તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. એના પરની અર્ધચંદ્રાકાર આકૃતિ તે શિદ્ધશિલા અને તેના પરની નાની રેખામાં સિદ્ધ ભગવંતો હોય છે. આમ સ્વસ્તિકના ચાર પાંખિયાં એ ચાર ગતિની વાત કરે છે અને એમાંથી કઈ રીતે ત્રણ રત્નો વડે મોક્ષ ગતિ પ્રાપ્ત કરી શિદ્ધશિલા પર પહોંચી શકાય અને ત્યાં અનંતકાળ માટે વિશુદ્ધ આત્મસ્વરૂપે સ્થિર થઈ શકાય એનો સંકેત આપે છે. આમ સ્વસ્તિક એ ચાર ગતિના જીવોને એના ઊર્ધ્વ જીવનપથનું દર્શન કરાવે છે.

*સામાન્ય રીતે શુભસૂચક એક ચિહ્ન હોય છે. એક મંગલ હોય છે, પણ અષ્ટમંગલમાં આઠ મંગલનું આલેખન છે, અષ્ટમંગલની આકૃતિમાં એક સાથે આઠ શુભનું દર્શન છે અને એ રીતે એનાથી દર્શનાર્થીઓની ભાવસૃષ્ટિમાં શુભ ભાવનું પ્રબળ સંચલન થાય છે. એમાંની આકૃતિ કોઈ એક નહીં, પણ આઠ-આઠ ધર્મ-સંદેશ આપી જાય છે.*

જ્યારે શ્રીવત્સ એટલે પુરુષની છાતીના મધ્ય ભાગમાં, નાના ખાડા જેવા ભાગમાં જે વાળ ઊગે છે તે અંગને શ્રીવત્સ કહેવામાં આવે છે. જેમ સ્વસ્તિક ભગવાન સુપાર્શ્વનાથનું લાંછન છે, એ જ રીતે શ્રીવત્સ ભગવાન શીતલનાથનું લાંછન છે. તીર્થંકરોની પ્રતિમામાં આ શ્રીવત્સ ચોક્કસ આકારે કલાત્મક રીતે ઉપસાવવામાં આવે છે. આ તીર્થંકર ભગવાનની દેશના જેમાંથી પ્રગટ થઈ હતી એવું આ શ્રીવત્સ છે અને તેથી ભગવાનના હૃદયમાં રહેલા પરમ જ્ઞાનને વંદન કરવામાં આવે છે. એક અર્થમાં કહીએ તો સાધક પ્રભુને પ્રાર્થના

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

કરે છે કે મારા આત્માની જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ આપના માર્ગે ચાલીને આપના જેવી બને એવી ભાવના સેવું છું. નંદ્યાવર્તને 'સર્વતોભદ્ર' પણ કહેવામાં આવે છે. આરનાથ ભગવાનના લાંછન જેવા નંદ્યાવર્ત એ સ્વસ્તિકનું વધુ વિકસિત અને કલાત્મક સ્વરૂપ છે. બૌદ્ધ અને જૈન પરંપરામાં આ પ્રચલિત છે અને તે સુખાકારી આપનારું છે. અહીં નંદી શબ્દનો અર્થ આનંદ છે અને આવર્ત શબ્દનો અર્થ પુનઃ અથવા ફરી ફરીને થવું તે છે અને એ રીતે નંદ્યાવર્ત એ સુખના આવર્તનરૂપ ગણાય છે. નંદ્યાવર્તને અક્ષયનિધિના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે ચોથું મંગલ વર્ધમાનક છે. વર્ધમાનક એટલે જે વૃદ્ધિ પામે તે. આ વર્ધમાનક તે નાના કે મોટા કોડિયા જેવું માટીનું વાસણ છે. જે સમયાંતરે ધાતુનું પણ થયું. આ વર્ધમાનકની આકૃતિ તંત્રસાધનામાં પણ ઉપયોગી ગણાય છે. જ્યારે પાંચમું મંગલ ભદ્રાસનમાં તીર્થંકર પરમાત્મા સમવસરણમાં સિંહાસન પર બેસીને દેશના આપે છે. આ રીતે ભદ્રાસન એ ભદ્ર કરનારું મંગલ છે, કલ્યાણ કરનારું છે અને એ કલ્યાણ ત્યારે સધાય જ્યારે આસનની સ્થિરતા હોય. આમ આસનની સ્થિરતા દ્વારા ધ્યાનની સ્થિરતા સાધીને અંતે શુક્લધ્યાન વડે જીવ કેવળજ્ઞાન પામે છે અને મોક્ષગતિ મેળવી શકે છે, તેવો આ પ્રતીકનો ભીતરનો ભાવ છે.

છઠ્ઠું મંગળ કળશ દ્વારા માનવદેહના કળશને આત્મજ્યોતિથી સભર કરવાની વાત છે, તો બીજી દૃષ્ટિએ કળશ એ વિશુદ્ધિ અને પૂર્ણતાનું પ્રતીક છે. તીર્થંકર ભગવાનના જન્મ સમયે સ્નાત્ર મહોત્સવની ઉજવણી વખતે દેવો વિવિધ ધાતુના કળશ ભરીને ભગવાનને મેરુશિખર પર સ્નાન કરાવે છે. મંદિર પર કળશ ચડાવવામાં આવે તે કરેલા પુરુષાર્થ કે કાર્યની પૂર્ણાહુતિનું પ્રતીક છે. હસ્તપ્રતોમાં પણ લહિયાઓ હસ્તપ્રત લખાઈ જતાં કળશની આકૃતિ દોરતા હતા. બીજા અર્થમાં કહીએ તો જેમ પાણીનો આધાર કળશ છે, એ જ રીતે સર્વ પ્રાણીઓના જીવનનો આધાર પ્રભુ છે.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–સુરેન્દ્રનગરના પૂર્વ પ્રમુખશ્રી એ. પી. શાહનો ૮૫મો જન્મદિવસ



શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-સુરેન્દ્રનગરના પૂર્વ પ્રમુખશ્રી એ. પી. શાહ(વકીલ)નો ૮૫મો જન્મદિવસ તા. ૧૮-૦૩-૨૦૧૮ને રવિવારે સવારે ૯ઃ૩૦ કલાકે સી. યુ. શાહ મેડિકલ હોલ, સુરેન્દ્રનગરમાં તેઓશ્રીના પરિવારના સભ્યો તેમ જ જૈન સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. આ પ્રસંગે મ્યુઝિકલ ઈવેન્ટ તેમ જ લંચની સુંદર વ્યવસ્થા તેઓશ્રીના પરિવાર તરફથી કરવામાં આવી હતી.

૮૫મા જન્મદિવસની ઉજવણીની ખુશાલી નિમિત્તે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-સુરેન્દ્રનગરના વિધવા નિરાધાર-પેન્શનના લાભાર્થી બહેનો-ભાઈઓને પાંચ કિલો ગોળ તેમ જ અનાજની કીટ તથા શ્રી કેરીબજાર સંઘના સાધર્મિક કુટુંબોને પાંચ કિલો ગોળ શ્રી નીરૂબેન ભાવેશભાઈ શાહ, શ્રી આરતીબેન અતુલભાઈ શાહ, શ્રી દિપલબેન પથિકભાઈ શાહ તરફથી આપવામા આવ્યો હતો. શ્રી એ. પી. શાહ પરિવાર સ્થા. જૈન સંઘ-બોરીવલીમાં પણ આયંબિલ ઓળીના મુખ્ય દાતા તરીકે સહયોગી બન્યો હતો.

મુરબ્બી શ્રી એ. પી. શાહને દીર્ઘાયુ, નિરામય જીવનની શુભેચ્છા.

સાતમું મંગલ મીનયુગલ. આમાં નર અને માદા તરીકે બે માછલી બતાવવામાં આવી છે. સામાન્ય અર્થમાં તે સુખનું પ્રતીક છે. હસ્તરેખા શાસ્ત્રમાં પણ મત્સ્યની આકૃતિ ધરાવનાર વ્યક્તિ ભાગ્યશાળી ગણાય છે. મત્સ્ય (માછલી)માં મત્સ્યગલાગલન્યાય પ્રવર્તતો હોય છે. મોટી માછલી નાની માછલીને મારી નાખતી હોય છે, ત્યારે અહીં દર્શાવવામાં આવ્યું છે કે સબળે નિર્બળની રક્ષા કરવી જોઈએ. પોતાની શક્તિથી નિર્બળોને પીડવા કે હણવા જોઈએ નહિ. આને સૂક્ષ્મ અર્થમાં જોઈએ તો જંગલમાં પ્રવર્તતા મત્સ્યગલાગલન્યાયને જોઈને સાધકે વિચારવું જોઈએ કે મારે મારાથી જે નિર્બળ છે તે અને નિઃસહાય છે, એના તરફ ઉપેક્ષા કે ધિક્કારનો ભાવ છોડીને ઉદારતા કે અનુકંપાની ભાવના રાખવી જોઈએ. માણસ એ પ્રાણી જગતમાં સૌથી બળવાન છે, તેથી જ એણે પ્રાણીઓની હત્યા કરવાને બદલે એની રક્ષા કરવી જોઈએ. આમ વિચારીને જીવનમાં અહિંસા અપનાવવી. અન્ય પ્રાણીઓને અભયદાન આપવું જોઈએ. એનો સંકેત મત્સ્યયુગલમાં મળે છે.

આઠમું મંગલ છે દર્પણ. આજના માનવીના જીવન સાથે દર્પણ જોડાયેલું છે. પણ હકીકતમાં એ પોતાની જાતને દર્પણમાં જોઈને ભીતરમાં રહેલા પરમાત્માનો વિચાર કરતો હોય છે. અથવા તો પોતાના અંતઃકરણમાં પ્રભુનું પ્રતિબિંબ ઝીલતો હોય છે. આત્મદર્શનની ઓળખ મેળવવા માટે માણસને જાગ્રત કરતું દર્પણ મંગલમય ગણાય છે. દર્પણમાં ભગવાનનાં દર્શન કરવાની પ્રથા પણ પ્રવર્તે છે.

આ દર્પણ એવો પણ સંકેત કરે છે કે ભલે તું અત્યારે તારા નશ્વર બાહ્યરૂપને જો, પણ સાથોસાથ તેમાં ભીતર વસેલા આત્મતત્ત્વનું દર્શન કર. આમ રૂપને જોઈને અરૂપીને પામવાનો આમાં પ્રયાસ છે. અષ્ટમંગલનાં આ આઠેય મંગલ એક અર્થમાં કહીએ તો સાધકને સંસારની ક્ષણભંગુરતા, આત્મસ્વરૂપની ઓળખ અને અને મોક્ષમાર્ગ પ્રત્યેની ગતિનો આધ્યાત્મિક સાધનાપથ છે.

✶ ✶ ✶

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

'નહીં પપ્પા, એ નહીં બને.' નારાયણી તાડૂકી, 'તમે દહેજ દઈને તમારી દીકરીને પરણાવવા તૈયાર થયા છો ? એટલી બધી બોજ બની ગઈ છું હું કે તમે તમારા સિદ્ધાંતોને, આદર્શોને ભૂલી જઈ આવું પગલું ભરવા તૈયાર થયા છો !'

'એવું નથી નારાયણી. એક નાની એવી માગણી એ લોકોએ કરી છે, જે આપવા માટે હું સક્ષમ છું, તો પછી પ્રોબ્લેમ શું છે ?'

'પ્રોબ્લેમ છે પપ્પા, મોટો પ્રોબ્લેમ છે, એ લોકો પૈસાદાર છે. ગાડી-બંગલો, નોકર-ચાકર બધું જ છે એમની પાસે. કમી છે તો ફક્ત સેન્સની.'

'એવું ન બોલાય બેટા.'

'કોઈ વસ્તુની ખોટ ન હોવા છતાં પણ જો એ બીજા પાસેથી લેવાની વૃત્તિ રાખે તો એવા માણસોને નોનસેન્સ નહીં તો શું કહેવા ? શું હું એવા લાલચુ માણસો વચ્ચે સુખી રહી શકીશ ખરી કે જેઓ આ પ્રકારની સોદાબાજી કરતાં સહેજેય અચકાયા નહીં ? હું દહેજની તદ્દન ખિલાફ છું માટે તમે સુકેતુ સાથે આ રીતે મને પરણાવવાનું ભૂલી જાઓ પપ્પા.'

છવ્વીસ વર્ષની નારાયણી દેખાવે મધ્યમ, દુબળી-પાતળી અને ઘઉંવર્ણી હોવાથી કોઈ જ મુરતિયો તેને પસંદ કરતો નહોતો. સુકેતુ સાથેની વાતચીત દરમિયાન એવું લાગી રહ્યું હતું કે તેને નારાયણી ગમી છે. આ વખતે નારાયણી અને તેના પિતા સુબોધભાઈના હૈયે એ બાબતની ધરપત થઈ હતી કે, હવે મામલો જરૂર ગોઠવાઈ જશે, પણ જ્યારે ફોન પર સુકેતુનાં મમ્મીએ દહેજની માગણી કરી ત્યારે નારાયણીની આંખોમાં તિરસ્કારી મોજાં પછડાવા લાગ્યાં. તેનો ચહેરો શીર્ણ-વિશીર્ણ થઈ ગયો. તે જાણે પોતાની જિંદગી જ હારી બેઠી હોય એટલી ગમગીન બની ગઈ.

'પપ્પા, મને તો છોકરાઓની જાત પ્રત્યે નફરત થવા માંડી છે. મેં નિર્ણય કરી લીધો છે કે હું કુંવારી જ રહીશ.'

'બેટા, એ યોગ્ય નથી. એક વાત યાદ રાખજે કે, દુ:ખના તડકામાં ચાલ્યા પછી જ સુખનો શીતળ છાંયડો મળે છે. તારા માટે ઈશ્વરે તારે લાયક વર બનાવ્યો જ હશે, પણ તેને તારા સુધી



# ગત અવસર આવે નહીં

□ વંદિતા દવે

પહોંચતાં થોડો વિલંબ થયો છે માટે તું અકળામણ નહીં અનુભવતી. સુકેતુ સાથે લગ્ન કરવાની તારી ઇચ્છા નથી તો હું તને ફોર્સ નહીં કરું.'

આ બાજુ સુકેતુને જાણ થઈ કે, નારાયણી તરફથી લગ્નની 'ના' આવી છે. તે જાણતાં એ ક્રોધે ભરાયો. 'એ ક્યાં સ્વર્ગની અપ્સરા હતી કે, મને નાપસંદ કરે ! એ તો વાતચીતમાં મને થોડી વ્યવસ્થિત લાગી હતી માટે મેં તેના પર પસંદગી ઉતારી હતી. બાકી મારા માટે તો છોકરીઓની લાઈન લાગી છે.'

'મને એ લોકો પાસે આ જવાબની જ આશા હતી.' સુકેતુના પિતા શેઠ હીરાચંદ ગુસ્સામાં બોલ્યા, 'તમે મા-દીકરો એક સજ્જન અને સુશીલ છોકરીની ખરી કિંમત ન આંકી શક્યાં. મારી લાખ ના છતાં તમે બંનેએ લાખ રૂપિયાની

***'મને એ લોકો પાસે આ જવાબની જ આશા હતી.' સુકેતુના પિતા શેઠ હીરાચંદ ગુસ્સામાં બોલ્યા, 'તમે મા-દીકરો એક સજ્જન અને સુશીલ છોકરીની ખરી કિંમત ન આંકી શક્યાં. મારી લાખ ના છતાં તમે બંનેએ લાખ રૂપિયાની દહેજરૂપી માગણી કરી. એ સિદ્ધાંતવાદી લોકો આ બાબત ક્યાંથી માન્ય રાખે ?'***

દહેજરૂપી માગણી કરી. એ સિદ્ધાંતવાદી લોકો આ બાબત ક્યાંથી માન્ય રાખે ?'

'એવી કાળી-કલૂટી છોકરીને મફતમાં લઈ પણ કોણ જાય ? ક્યાં રાજાના કુંવર જેવો આપણો સુકેતુ અને ક્યાં એ...' સુકેતુના મમ્મી ક્રિષ્નાબહેન વાક્ય પૂરું કરે એ પહેલાં વચ્ચેથી જ રોકીને હીરાચંદ બોલ્યાં, 'ક્રિષ્ના, બસ કર હવે. તું અને તારો આ લાડકવાયો એક દિવસ પેટ ભરીને પસ્તાવાના છો, યાદ રાખજે મારી વાતને.'

મોડી રાત્રે હીરાચંદે સુકેતુને સમજાવવાની કોશિશ કરી, 'દહેજ દૂષણ છે. દહેજ લેનાર અને દેનાર બંને ગુનેગાર ગણાય છે. પોલીસને જાણ થાય તો જેલના સળિયા ગણવાનો વખત આવતા વાર ન લાગે. આપણી પાસે ઘણો પૈસો છે. પછી આવી લાલચ રાખવાનો શો મતલબ ? તારી મા તો હવે ઘરડી થઈ ગઈ છે. તેની કાયા કરતાં તો તેની અક્કલ વધારે વૃદ્ધાવસ્થાને પામી ગઈ છે. તે તો નથી સમજતી, પણ તું એનો સાથ આપી રહ્યો છે ?'

'પપ્પા, મમ્મીએ જે કર્યું એ યોગ્ય જ છે. નારાયણી જેવી છોકરી માટે સુંદર વર જોઈતો હોય તો તેના બાપે કંઈક તો ગુમાવવું જ પડે ને ? વળી, એ લોકો એટલા ગરીબ નથી કે એક લાખ જેવી રકમ જમાઈને આપી ન શકે !'

'સવાલ એક લાખનો નથી. સવાલ સિદ્ધાંતનો છે. વળી, આપણે પણ કંઈ એટલા ગરીબ નથી કે એના આપેલા રૂપિયા પર જ આપણો જીવનનિર્વાહ ચાલી શકે.'

'રાત્રિના બાર વાગ્યા છે. તમે બાપ-દીકરો શું ક્યારના અહીં બાલ્કનીમાં ભરાયા છો ? સૂઈ જાવ હવે.' ક્રિષ્નાબહેને કહ્યું, 'સવારે મારે વહેલા ક્લબમાં જવાનું છે. ત્યાં મારો ખાસ પ્રોગ્રામ છે. સુકેતુ, તું જરા વહેલા ઊઠીને મને ત્યાં છોડી જજે.'

વહેલી સવારે ક્રિષ્નાબહેનને સુકેતુ પોતાની કારમાં ક્લબ લઈ ગયો, 'મમ્મી, કાર્યક્રમ પૂરો થયા પછી મને મોબાઈલ પર જણાવજો. હું તમને લઈ જઈશ. ઓકે ?' સુકેતુ ચાલ્યો ગયો. ક્લબની સીડીઓ ચડતાં અચાનક ક્રિષ્નાબહેનને આંખે અંધારાં આવવા લાગ્યાં. એ હાંફી ગયાં અને

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

એકાએક ચક્કર આવતાં તે સીડી પરથી નીચે પડ્યાં. માથામાં વાગવાથી બેહોશ થઈ ગયાં. આંખ ખૂલી ત્યારે હોસ્પિટલના બેડ પર હતા. એક નર્સ સામેની ખુરશી પર બેઠી બેઠી કાગળો તપાસતી હતી, 'સિસ્ટર, વોટર પ્લીઝ.'

'અરે! તમને હોશ આવી ગયા? પ્લીઝ, બેઠાં ન થાઓ.'

'સિસ્ટર, મને અહીં કોણ લાવ્યું?' પાણીનો ઘૂંટડો ગળે ઉતારતાં ક્રિષ્નાબહેને પૂછ્યું. નર્સ કંઈ જવાબ આપે એ પહેલાં જ એક પડછંદકાય, નાજુક-નમણો ચહેરો, સ્માર્ટ, બ્લેક જીન્સ અને વ્હાઈટ ટીશર્ટમાં શોભતો સોહામણો યુવક વોર્ડમાં પ્રવેશ્યો. 'કેમ છો આન્ટી? તબિયત કેવી છે? બહુ પીડા તો નથી થતીને?' એ યુવકે પૂછ્યું. ક્રિષ્નાબહેન સમજયાં કે કદાચ એ ડૉક્ટર હશે. નર્સે જણાવ્યું કે, 'આ પાર્થ અહુજા, તમને જખમી હાલતમાં અહીં લાવ્યાં હતાં.'

'હું તમને અહીં નથી લાવ્યો, હા, તમને અહીં લાવવામાં કોઈકને મદદરૂપ બન્યો છું. મને અહીં લાવનાર તો મારા કુટુંબની કોઈ યુવતી છે.'

'હા બહેન, જો એ તમને અહીં ન લાવી શકી હોત તો શાયદ તમારી કન્ડિશન સંભાળવી ડૉક્ટરો માટે વધારે તકલીફજનક બની જાત., કેમ કે તમારા માથામાંથી ખૂબ લોહી વહી રહ્યું હતું.' નર્સ બોલી. કોઈ ઑટો કે ટેક્સી ન હોવાથી તેણે મારી કાર ઊભી રખાવી. મેં જરા આનાકાની કરી. તો લડી-ઝઘડીને તેણે મને સીધો દોર કરી દીધો. એ છોકરી તો સાક્ષાત્ મા દુર્ગાનો અવતાર છે. પોતાની વેધક વાણીથી મને ઓગાળી નાખ્યો અને ઝડપથી કાર ભગાડીને મને અહીં લઈ આવ્યાં. એ તમારી દીકરી હશે ખરું ને?'

'ના, મારે કોઈ દીકરી છે જ નહીં. હું એ જ વિચારમાં છું કે એ યુવતી છે કોણ જેણે મારા માટે આટલું બધું કર્યું!'

'તો એ તમારી સાથે નહોતી?' પાર્થે પૂછ્યું.

'નહીં મારી સાથે કોઈ નહોતું. હું એકલી જ હતી.'

થોડી વાર બાદ એ યુવતી ક્રિષ્નાબહેનના વોર્ડમાં દાખલ થઈ. એને જોતાં જ તે પથારીમાંથી બેઠા થઈ ગયા. તે યુવતીએ નર્સના હાથમાં મેડિસિનની કોથળી પકડાવી અને ક્રિષ્નાબહેન પાસે જઈ કહ્યું, 'ચિંતા ન કરશો આન્ટી, નાઉ યુ આર આઉટ ઑફ ડેન્જર. મેં સુકેતુને ફૉન કરી દીધો છે. એ લોકો હમણાં આવી જશે.'

'નારાયણી, તું? તું મને અહીં લઈ આવી?'

'હા આન્ટી, તમે ક્લબની સીડીઓ પરથી પડી ગયાં ત્યારે હું ત્યાં હાજર હોવાથી તમને અહીં લઈ આવી.'

'દીકરી, મેં તારી સાથે કેટલો દુર્વ્યવહાર કર્યો હતો! છતાં પણ તેં...'

'પ્લીઝ આન્ટી, તમને વધારે બોલવાની ડૉક્ટરે મનાઈ કરી છે. સુકેતુ અને અંકલ આવતા જ હશે. હું જાઉં છું. તમારી તબિયતનો ખ્યાલ રાખજો.'

ક્રિષ્નાબહેનને પોતાની ભૂલ પર અફસોસ થયો.

થોડા દિવસ બાદ ક્રિષ્નાબહેન નારાયણીના ઘરે ગયાં. સુબોધભાઈ અને પાર્થ બંને વાતો કરતા હતા. ક્રિષ્નાબહેનને જોઈ સુબોધભાઈને થોડું અચરજ થયું. તેમણે માનભેર આવકાર આપી બેસાડ્યા.

'નારાયણી, ક્રિષ્નાબહેન આવ્યાં છે.'

નારાયણી પાણીનો ગ્લાસ લઈ બહાર આવીને ક્રિષ્નાબહેનનાં ખબરઅંતર પૂછ્યાં.

'ભાઈ, તમારી દીકરી તો હીરો છે. મેં કરેલી ભૂલને ક્ષમ્ય ગણી મારા સુકેતુની ખુશી મારી ઝોળીમાં નાખી દો ભાઈ.'

'સોરી બહેન, તમે થોડા મોડા પડ્યાં.'

'હું સમજી નહીં.'

'ગઈ કાલે જ નારાયણીની સગાઈ થઈ ગઈ.'

ક્રિષ્નાબહેનનાં માથે તો જાણે પહાડ તૂટી પડ્યો.

'હા અને આ મારા જમાઈ.' એણે પાર્થની પીઠ પર હાથ મૂકી જણાવ્યું. ક્રિષ્નાબહેન પાસે તો હવે શબ્દો જ બચ્યા નહોતા. એ હતાશ વદને ઘરે પાછાં ફર્યાં.

✶ ✶ ✶

## એમનું અસ્તિત્વ કેવળ એક અકસ્માત છે!

*જેઓ પાસે ભૂલ કરવાની હિંમત નથી;*
*જેઓ પાસે ભૂલ કબૂલ કરવાની તાકાત નથી;*
*જેઓ ચોમાસામાં પણ ભીના થવા તૈયાર નથી;*
*જેઓ શિયાળામાં પણ હૂંફાળા નથી થઈ શકતા;*
*જેઓ ઉનાળામાં પણ શિતળતાનું અભિવાદન નથી કરતા;*
*જેઓ ખાસ મિત્રને પણ દિલની વાતો નથી કરતા;*
*જેઓ શત્રુની એકાદ ખૂબીને પણ બિરદાવી નથી શકતા;*
*જેમની આંખો ભીની થવાની ખો ભૂલી ગઈ છે;*
*જેઓ સુખને મમળાવવામાં કંજૂસાઈ કરે છે;*
*જેઓ દુ:ખને છાતીએ વળગાડીને ફરતા રહે છે;*
*જેઓ એકપણ પુસ્તકના પ્રેમમાં નથી;*
*જેમણે જીવનમાં એકપણ વૃક્ષ ઉછેર્યું નથી;*
*જેમણે એકપણ મધુર સંબંધ ખીલવ્યો નથી;*
*એવા લોકો પીએચ. ડી. થયા હોય, તોય અભણ જાણવા,*
*તેઓ બે પગ પર ઊભા છે એ તો એક અકસ્માત છે!*

**–ગુણવંત શાહ**


Digitalised By ITDESK SOLUTIONS LLP

# આપણો શબ્દવૈભવ

**લોચન :**
ચક્ષુ, આંખ, નયન, નેણ, દગ, નેત્ર, આંખ્ય, ઈક્ષણ, લિપ્સા, ચાક્ષુસ, આર્ક્ષ, નેન.

**અવાજ :**
રવ, ધ્વનિ, નિનાદ, શોર, ઘોંઘાટ, ઘોષ, સ્વર, બૂમ, વિરાવ, કલરવ, કિલ્લોલ, શબ્દ, સૂર, કંઠ, નાદ.

**આકાશ :**
વ્યોમ, નભ,અંબર, આભ, ગગન, અંતરિક્ષ, અવકાશ, આસમાન, ગયણ, સુરપથ, વિતાન, નભસિલ, ફલક.

**રજની :**
રાત્રિ, નિશા, ક્ષિપા, શર્વરી, યામિની, વિભાવરી, નિશીથ, ઘોરા, દોષા, ત્રિયામા, રાત.

**સાગર :**
સમુદ્ર, ઉદધિ, રત્નાકર, અબ્ધિ, દરિયો, સમંદર, અંભોધી, મહેરામણ, જલધિ, અર્ણવ, સિંધુ, અકૂપાર, મકરાકટ, કુસ્તુભ, સાયર, જલનિધિ, દધિ, અર્ણવ, મહોદધિ.

**નસીબ :**
ભાગ્ય, કર્મ, કિસ્મત, ઇકબાલ, નિયતિ, વિધાતા, પ્રારબ્ધ, દેવ, તકદીર.

**સુવાસ :**
પમરાટ, મહેંક, પરિમલ, સૌરભ, મઘમઘાટ, ખૂશ્બુ, વાસ, પીમળ, સુગંધ, પરિમણ, ફોરમ.

**ધરતી :**
પૃથ્વી, ધારિણી, વસુંધરા, વસુધા, અવનિ, વિશ્વંભરા, અચલા, વસુમતી, ધરા, ભોંય, જમીન, ભોમકા, ધરિત્રિ, ક્ષિતી, ધરણી, ભૂપૃષ્ઠ, મેદિની, ભૂતળ, પ્રથમી, ભૂમિ, ઈલા, ઉર્વી, ભૂલોક, રત્નગર્ભા.

**સૂરજ :**
રવિ, સૂર્ય, શુષ્ણ, ચંડાશુ, માર્તંડ, પુષ્કર, દીશ, અયર્મા, આદિત્ય, ચિત્રભાનુ, તિગ્માંશુ, મઘવા, અંશુમાલી, મરિચી, ખગેશ, ભાણ, વિભાકર, ક્લિંદ, સવિતા, ભાસ્કર, દિવાકર, ભાનુ, દિનકર, ખુરશદે, કિરણમાલી, મિહિર, દિનકર, આફતાબ, અર્ક, ઉષ્ણાંશુ, દીનેશું.

**પંકજ :**
કમળ, પદ્મ, અરવિંદ, નલિન, ઉત્પલ, અંબુજ, જલજ, સરોજ, રાજીવ, સરસિજ, નીરજ, શતદલ, તિલસ્મી, તોયજ, પુંડરિક, કોકનદ, કુવલય, કુસુમ, વારિજ, પોયણું.

**ભમરો :**
ભ્રમર, મધુકર, દ્વિરેફ, આલિ, ભૃંગ, ઘંડ, મકરંદ, શિલીમુખ, મધુપ, દ્વિફ.

**પાણી :**
જલ, સલિલ, ઉદક, પય, વારિ, અંબુ, નીર, આબ, તોય, તોયમ.

**વિશ્વ :**
સૃષ્ટિ, જગ, જગત, સંસાર, લોક, આલમ, બ્રહ્માંડ, ભુવન, ખલક, દહર.

**દિવસ :**
દહાડો, દિન, દી, અહ્ર (આજ).

**રાત :**
રાત્રિ, રાત્રી, નિશા, નિશ, રજની, તમિસ્ર.

**ચાંદની :**
ચાંદની, ચાંદરડું, ચાંદરણું, ચંદ્રકાંતા, ચંદ્રજ્યોત, ચંદ્રપ્રભા, ચંદ્રિકા, ચાંદરમંકોડું, કૌમુદી, જ્યોત્સના.

**શાળા :**
શાલા, નિશાળ, વિદ્યાલય, વિદ્યા મંદિર, શારદા મંદિર, વિનયમંદિર, જ્ઞાનમંદિર, ફૂલવાડી, મકતબ, અધ્યાપન મંદિર, બાલમંદિર, શિશુવિહાર, પાઠશાલા, મહાશાલા, વિદ્યાનિકેતન, ગુરુકુળ, અધ્યાપન વિદ્યાલય, વિદ્યાભારતી, ઉત્તર બુનિયાદી, આશ્રમશાળા,આંગણવાડી.

**ઘર :**
ગૃહ, આવાસ, મકાન, ધામ, સદન, નિકેત, નિકેતન, નિલય, નિવાસસ્થાન, બંગલી, બંગલો, હવેલી, ખોરડું, ખોલી, કુટિર, ઝૂંપડી, મઢી, છાપરી, ઠામ, પ્રાસાદ, મંજિલ, મહેલાત, મહેલ, મહોલાત, ફ્લેટ, વિલા.

**પર્વત :**
પહાડ, ગિરિ, નગ, અદ્રિ, ભૂધર, શૈલ, અચલ, કોહ, તુંગ, અશ્મા, શ્રમાધર, ડુંગર.

**જંગલ :**
વન, વગડો, અરણ્ય, રાન, ઝાડી, અટવિ, વનરાઈ, કંતાર, આજાડી, કાનન.

**વરસાદ :**
વૃષ્ટિ, મેઘ, મેહ, મેહુલો, મેવલો, મેઘલિયો, પર્જન્ય, બલાહક.

**પક્ષી :**
પંખી, વિહંગ, અંડજ, શકુંત, દ્વિજ, શકુનિ, ખગ, બ્રાભણ, નભસંગમ, વિહાગ, વિહંગમ, શકુન, ખેચર.

**વાદળ :**
નીરદ, પયોદ, ઘન, મેઘલ, જીમૂત, જલદ, મેઘ, બલાહક, અભ્રકુલ, અંબુદ, વારિદ, ઉર્વી, આબ્દ, જલધર, પયોધર, અંબુધર, અંબુવાહ, અંભોદ, અંભોધર, તોયદ, તોયધર.

**મુસાફર :**
પથિક, અધ્વક, પંથી, રાહદારી, યાત્રિ, વટેમાર્ગુ, ઉપારૂ, પ્રવાસી.

**પ્રવીણ-કાબેલ :**
હોંશિયાર, ચાલાક, પંડિત, વિશારદ, ધીમાન, વિદગ્ધ, પ્રજ્ઞ, બુધ, દક્ષ, કોવિંદ, તજજ્ઞ, કર્મન્ય, ચકોર, નિષ્ણાંત, આચાર્ય, ખેર, વિદ્યાગુરુ, ભેજાબાજ, પારંગત, ચતુર, કુશળ, પાવરધો, કુનેહ, ખબરદાર.

**બગીચો :**
વાટિકા, વાડી, ઉદ્યાન, પાર્ક, વનીકા, આરામ, ફૂલવાડી, ગુલિસ્તાન, ગુલશન, ખેતર, બાગ, ઉપવન.

**અરજ :**
વિનંતી, વિનવણી, પ્રાર્થના, આજીજી, બંદગી, વિજ્ઞપ્તિ, કરગરી, કગરી, અભ્યર્થના, ઈબાદત, અનુનય, અરજી, ઈલ્તિજા, અર્ચના, આર્જવ, સરળતા.

**ભપકો :**
ઠાઠ, દંભ, દમામ, પાખંડ, ઠસ્સો, ઠઠારો, શોભા, શણગાર, આડંબર, દબદબો, રોફ, ભભક, ચળકાટ, તેજ, ડોળ.

**સેના :**
લશ્કર, સૈન્ય, ચેમૂ, અનિક, કટક, ફોજ, પૃતના, અસ્કર, દલ.

**ઝઘડો :**
બબાલ, વિગ્રહ, લડાઈ, જંગ, ઘમસાણ, અનિક, તકરાર, યુદ્ધ, ટંટો, તકરાર, કલહ, રકઝક, તોફાન, કજિયો, કંકાસ, હુલ્લડ, પંચાત, ઝંઝટ, બળવો, ધીંગાણું, બખેડો, ભંડન, ચકમક.

**કાપડ :**
વસ્ત્ર, અશુંક, અંબર, વસન, પટ, ચીર, કરપટ, પરિધાન, લૂંગડુ, વાઘા.

**ઝાકળ :**
શબનમ, ઓસ, ઠાર, બરફ, હેમ, તુષાર.

**(વધુ હવે પછી)**

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો `Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા ઉપર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશુંય સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા. નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક `Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સ્વ. ફૂલઝરીબેન ચંદુલાલ શાહ (દાદભાવાળા)ના સ્મરણાર્થે, વઢવાણ હાલ મલાડ
- શ્રીમતી વર્ષાબેન હિતેનભાઈ કામદાર C/o મહાસુખલાલ કેવલચંદ કામદાર ચેરિટેબલ ટ્રસ્ટ–સાયન
- બોટાદ હાલ માટુંગા ચિ. જય અને રુચિના લગ્ન પ્રસંગે શ્રી ગુણવંતરાય મફતલાલ દોશી પરિવાર તરફથી
- પૂજ્ય માતુશ્રી મંજુલાબેન કાંતિલાલ કોઠારીના સ્મરણાર્થે હસ્તે શ્રીમતી દિનાબેન હર્ષદભાઈ વોરા તરફથી
- બરવાળા (ઘેલાશા) નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. હંસાબેન અશ્વિનભાઈ શાહના સ્મરણાર્થે હસ્તે અશ્વિન મનસુખલાલ કાનજીભાઈ શાહ પરિવાર
- સ્વ. હરિલાલ ધારશીભાઈ શાહ, સ્વ. લીલાવંતી શાહ, સ્વ.વિનોદીની પ્રફુલચંદ્ર શાહ તથા સ્વ. સમીરભાઈ પ્રફુલચંદ્ર શાહના સ્મરણાર્થે હસ્તે પ્રફુલચંદ્ર હરિલાલ શાહ પરિવાર
- શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા, અંધેરી

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

- શ્રીમતી મધુકાંતા ધીરજલાલ અજમેરા, અંધેરી
- બોટાદનિવાસી હાલ દહિસર શ્રીમતી પન્નાબેન સુનીલભાઈ નગીનદાસ શાહના સુપુત્ર ચિ. દર્શનના શુભલગ્ન રાણપુર નિવાસી હાલ બોરીવલી, શ્રીમતી શ્રુતિબેન મુકેશકુમાર વર્ધમાનભાઈ દોશીની સુપુત્રી શ્રેયા સાથે થયા તેની ખુશાલીમાં.
- ધ્રાંગધ્રાનિવાસી હાલ ઘાટકોપર, નયનાબેન પ્રવીણચંદ્ર શાહ
- વડીલોના આત્મશ્રેયાર્થે હસ્તે રેખાબેન પ્રવીણચંદ્ર શાહ-મુલુંડ
- શ્રી અતુલભાઈ લાભુભાઈ તુરખિયા-ઘાટકોપર
- સ્વ. મંજુલાબેન ભૂપતરાય મહેતાના સ્મરણાર્થે, હસ્તે વર્ષાબેન હર્ષદભાઈ તુરખિયા-વિલેપાર્લા (ઈસ્ટ)
- શ્રી મહેન્દ્રભાઈ આર. અજમેરા-ઘાટકોપર
- કૃતિકા મહેન્દ્રભાઈ અજમેરા-મુલુંડ
- રૂપાબેન શ્રેણિકભાઈ શાહ (ટુવાવાળા) ૩૬મી મેરેજ એનિવર્સરી નિમિત્તે
- શ્રીમતી કોકિલાબેન મહેન્દ્ર શાહ તરફથી, સુરેન્દ્રનગર હાલ માટુંગા
- શ્રી હરેશ જયંતીલાલ શાહ હાલ ઘાટકોપર, હસ્તે બીજલ હરેશ શાહ તરફથી
- કાનિયાડ નિવાસી હાલ સાયન, રાજેશ અનંતરાય દેસાઈના સ્મરણાર્થે પરિવાર તરફથી, હસ્તે કિરણબેન રાજેશ દેસાઈ પરિવાર
- વઢવાણ નિવાસી હાલ નાલાસોપારા, શ્રીમતી પ્રીતિબેન દિલીપભાઈ શાહ તરફથી
- ચોટીલા નિવાસી હાલ વડાલા, નાની મંજુલાબેનના સ્મરણાર્થે તેમની દોહિત્રીઓ ડીમ્પલ દીપેશ શેઠ, મોના નિલેશ શેઠ પજવાણી અને નેહલ નિમિત્ત તરફથી

**સ્નેહીજનો,**

૩૧મી માર્ચ ૨૦૧૮ સુધી એટલે કે ૨૦૧૭-૧૮ના વર્ષમાં દાતાઓએ ઉદાર દિલે આધારસ્તંભ બનવાનું ઉત્તરદાયિત્વ સ્વીકાર્યું. રૂા. ૧૧હજારનું અનુદાન આપીને સ્વધર્મી સહાય, તબીબી રાહત યોજના, નોટબુક યોજના તથા પાણી પરબ યોજનામાં સહભાગી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

ઝાલાવાડી સભા આપ સહુનો હૃદયપૂર્વક આભાર માને છે. સંસ્થા થકી આ વર્ષે **સ્વધર્મી સહાય**માં લગભગ **ચાર લાખ ચાલીસ હજાર રૂા.**, **તબીબી રાહત** અન્વયે **છ લાખ એકવીસ હજાર રૂા.**, **નોટબુક યોજનામાં ચાર લાખ પચાસ હજાર રૂા.** તથા **પાણી પરબ યોજનામાં એક લાખ દસ હજાર રૂા.** જેટલી રકમ વાપરવામાં આવી છે.

આ તમામ યોજનાઓનું વિસ્તરણ કરી, સમાજને વધુ ઉપયોગી થાય તેવા આયોજનો કરવાની સભાની તમન્ના છે. સાત હજાર પરિવાર સભ્યોનો સહયોગ જોઈએ છે. સભ્યોના સાથથી અનેક પ્રકલ્પો ઉત્તમ રીતે આપણે સંપન્ન કરી શક્યા છીએ, એ સહુ શ્રેયસ્કર યોજનાના પાયામાં આપનું યોગદાન છે.

૨૦૧૮-૧૯ ના વર્ષમાં પણ આપના સહકારની પ્રતીક્ષા છે, શ્રદ્ધા છે... વિશ્વાસ છે.


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

## એ સફળતાની નિસરણી શું કામની કે જેમાં માણસ તો ઉપર ચઢે પણ માણસાઈ નીચે ઊતરી જાય ?

તમે હેરાન થાવ છો એનો અર્થ એ નથી કે, તમારું નસીબ ખરાબ છે.
એનો અર્થ એ છે કે,
તમારો સ્વભાવ જરૂર કરતાં વધારે સારો છે.

x x x

મારી પાસે એવા માણસને નફરત કરવાનો ટાઈમ નથી કે જે મને નફરત કરે છે,
કેમ કે, હું એવા લોકોમાં વ્યસ્ત છું જે લોકો મને પ્રેમ કરે છે.

x x x

ભૂખ તો સંબંધોને પણ લાગે છે !!
બસ, લાગણીઓ સ્વાદિષ્ટ હોવી જોઈએ.

x x x

ભક્ત હોય તો નરસિંહ મહેતા અને મીરાં જેવી,
જેમાં ટેન્શન હંમેશાં ભગવાનને જ લેવું પડે છે.

x x x

તું કહે છે ખાલી હાથે શું મળે, પૈસો ખર્ચો તો જગત આખું મળે !
બોલ, સોદા કરવા તૈયાર છું, કેટલામાં બાળપણ પાછું મળે ?

x x x

ગામમાં લીમડા ઘટતા જાય છે
અને ઘરમાં કડવાશ વધતી જાય છે...!!
હોઠો પરથી 'સુગર' ઘટી છે,
ત્યારથી લોહીમાં વધી છે...!!

x x x

મને નથી ખબર કે હું એક સારો મિત્ર છું કે નહીં પણ મને એ ખબર છે કે મારી મિત્રતા જેમની સાથે છે તે બધા સારા મિત્રો છે.

x x x

'ઘર નાનું હોય કે મોટું' પણ જો મીઠાસ ન હોય તો...
માણસ તો શું કીડીઓ પણ નથી આવતી...

x x x

લાગણીઓ જ નબળી થઈ જાય છે,
બાકી, માણસ તો બહુ મજબૂત હોય છે.

x x x

પ્રેમ અને દોસ્તીમાં ચઢિયાતી દોસ્તી છે, દોસ્તો ત્યારે તો રાધા રડે છે કૃષ્ણ માટે અને કૃષ્ણ રડે છે સુદામા માટે.

x x x

પરિસ્થિતિ આપણને સાચવી લે તો આપણું નસીબ, પરિસ્થિતિને આપણે સાચવી લઈએ તો આપણી સમજણ.

x x x

એ સફળતાની નિસરણી શું કામની કે જેમાં માણસ તો ઉપર ચઢે પણ માણસાઈ નીચે ઊતરી જાય ?

x x x

આ દુનિયાની સૌથી સુંદર જોડી... 'હાસ્ય અને આંસુ', આ બંનેનું સાથે આવવું અશક્ય છે... પરંતુ સાથે આવે એ સમય સહુથી ખૂબસૂરત હોય છે...

x x x

આજકાલ કોઈને એલાર્મ નથી જગાડતું સાહેબ...
હર કોઈને તેની જવાબદારીઓ જ જગાડે છે...

x x x

કોઈપણ વસ્તુ કે માણસની એટલી બધી અપેક્ષા ન રાખવી કે તેના વગર જીવી ન શકાય...

x x x

પાંપણો પર જો પાળ બાંધી હોત ને સાહેબ,
તો ...આંખો સાતેય દરિયાની માલિક હોત...

x x x

અફવા એ એવું ઝડપી ગતિવાળું પક્ષી છે,
જેની પાંખોને ક્યારેય 'વા' લાગતો નથી.

x x x

સાપ ઘરે જોવા મળે તો લોકો દંડો મારવા દોડે છે, અને શિવલિંગ પર જોવા મળે તો દૂધ પીવડાવવા દોડે છે,
સન્માન તમારું નહિ, તમારા સ્થાન અને સ્થિતિનું થાય છે.

x x x

આપણે જેમને સહુથી વધુ ચાહીએ તેમનામાં જ આપણને વધુ દુઃખ આપવાની શક્તિ રહેલી હોય છે.

દુનિયાની સાચી હકીકત–જ્યાં સુધી 'સાચી વાત' ઘરની બહાર નીકળે... ત્યાં સુધીમાં તો 'ખોટી વાતે' અડધી દુનિયા ફરી લીધી હોય છે...

x x x

સિંહ અને વાઘ ખૂબ જ શક્તિશાળી છે, પણ શિયાળ ક્યારે સર્કસમાં કામ નથી કરતો.

x x x

બસ દિલ જીતવાનો જ હેતુ રાખજો, કારણ કે...
દુનિયા જીતીને પણ સિકંદર ખાલી હાથે જ ગયો...

x x x

અજબ રિવાજ છે આપણા દેશનો, નજર મર્દોની ખરાબ હોય છે, અને સ્ત્રીઓને લાજ કાઢવાનું કહે છે.

x x x

ઘડિયાળની ટીક ટીકને મામૂલી ના સમજો સાહેબ, એટલું સમજી લ્યો કે જિંદગીનાં વૃક્ષ પર કુહાડીના ઘા છે.

x x x

તમે ભલે તમારા જીવનથી અસંતુષ્ટ હોવ, પણ ઘણાં લોકો એવા હશે જે તમારા જેવું જીવન જીવવા તરસતા હશે.

x x x

કોઈને 'સારા' લાગશો, કોઈને 'ખરાબ' લાગશો, પણ ચિંતા ના કરશો... જેવા જેના વિચારો હોય છે, તેવા જ તેના 'મૂલ્યાંકન' હોય છે.

x x x

લાગણીઓના વ્યવહારમાં ખેલ ના કરાય વહાલા, કારણ કે સાચા મિત્રોના ક્યાંય સેલ ના ભરાય. દોસ્ત તારી ગેરહાજરી એટલે ફીલ અને તારી હાજરી એટલે મહેફિલ.

x x x

રેતીમાં ઢોળાયેલ ખાંડ કીડી વીણી શકે, પરંતુ હાથી નહિ, તેથી ક્યારેક નાના માણસને નાનો ના ગણવો, ક્યારેય નાનો માણસ મોટું કામ કરી જાય છે.

✷ ✷ ✷

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# પંખપ્રસાર

❑ ક્રિષ્ણા આશર

આજે સવારથી કામિનીના મનમાં ઉદ્વેગ હતો, મન ક્યાંય લાગતું નહોતું. રોજિંદા કામોથી પરવારીને થોડી શાંતિ ઇચ્છતું હતું મન. એમાં વળી ક્યારનું આ ચકલીઓનું ચીં...ચીં. વળી, માળામાંથી ખરતાં તણખલાં અને સૂકાં પાંદડાંનો કચરો. સવારથી અત્યાર સુધીમાં ચાર વખત વરંડામાં કચરો વાળ્યો. આજે કલશોર કૈંક વધારે હતો કે પછી પોતાની અકળામણના કારણે વધારે લાગતો હતો. થોડા દિવસ પહેલાં જ ઈંડાંમાંથી બહાર આવેલાં બચ્ચાં ચીં... ચીંના કોરસમાં જોડાયાં હતાં.

પ્રસન્નતા અને ખુશીના સમયને સૌની સાથે વહેંચી લેવાની તત્પરતા હોય છે, જ્યારે ચિંતા, ઉદ્વેગ કે નિર્ણયીકરણ જેવા સમયમાં વ્યક્તિ પોતાની જાત સાથે રહેવા ઈચ્છે છે. કામિની આમ પણ જાત સાથે સંવાદ સાધીને, મનની વાત સાંભળીને જીવતી હતી. પરમ દિવસે જ કાવ્યાનું બારમીનું રિઝલ્ટ આવ્યું અને ઘર ખુશીઓના કલરવથી ગુંજી ઊઠ્યું હતું. છેક કે. જી.થી નિયમ હતો કે રિઝલ્ટના દિવસે કાવ્યાને મોટી ચોકલેટ અને એ માગે એ ગિફ્ટ મળતી. ચોકલેટનો ટુકડો મમ્મી-ડેડી સાથે શેર કરતાં કાવ્યાએ ગિફ્ટમાં આગળ સ્ટડી માટે બેંગ્લુર જવાની પરમિશન માગી. એને બેંગ્લુરની 'ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માંથી રોબોટિક એન્જિનિયરિંગ કરવું હતું. કામિની અને નૈતિક તો એને અહીં અમદાવાદની જ કોઈ એન્જિનિયરિંગ કૉલેજમાં ભણાવવાનું વિચારી રહ્યાં હતાં. બે ત્રણ દિવસનો સમય હતો નિર્ણય લેવા માટે. નૈતિકે વિચારીને કહું એમ કહેતાં વાતને મોકૂફ રાખી, જ્યારે કામિનીએ ત્યારે જ નકારાત્મક પ્રતિભાવ આપી દીધો અને એ પણ જોરદાર વિરોધ નોંધાવીને ! ઘરનું વાતાવરણ ત્યારથી ગંભીર અને ભારેખમ હતું, જેવું સામાન્યતઃ ઘરમાં ક્યારેય ન રહેતું.

આંગણામાં વાવેલા ફૂલછોડ અને ઝાડપાનના કારણે પંખીઓની ઊડાઊડ રહેતી અને ઘરમાં એવો જ કલબલાટ કરતી કાવ્યાની હાજરીથી ઘર કિલ્લોલતું રહેતું. ઘરની સજાવટ હોય કે નવી વાનગી, તહેવારની ઉજવણી કે બર્થડે પાર્ટી, નવી ખરીદી કે ટૂરનું પ્લાનિંગ–દરેક નાની-મોટી બાબતોમાં કાવ્યાની પસંદગીને પ્રાથમિકતા અપાતી. કાવ્યા ઉંમરના પ્રમાણમાં સમજદાર હતી. વિચારીને નિર્ણય લઈ શકતી.

આરામખુરશી પર બેસીને છાપું લેતાં કામિનીને યાદ આવ્યું કે આજે વરંડામાં ચકલીઓ માટે દાણા-પાણી મૂકવાનું રહી ગયું છે. કૂંડામાં પાણી ભરીને પાસેની પ્લેટમાં દાણા નાખતાં એની નજર માળા તરફ ગઈ. ગુલાબી રંગનાં બે બચ્ચાં આજે થોડાંક મોટા લાગતાં હતાં. ચકો-ચકી બચ્ચાંની પાંખમાં ચાંચ મારીને એમને ઉડાડવા માટે ચીં...ચીં કરે અને બચ્ચાં આનાકાની કરીને ચીં...ચીં કરે. કામિનીને હસવું આવ્યું કે કાવ્યા ઘરમાં હોત તો આ સીન જોઈને ખિલખિલાટ હસી પડત, પણ યાદ આવ્યું કે એ તો નારાજ અને ઉદાસ હતી બે દિવસથી. સવારે નાસ્તો કરતી વખતે જ ઢીલા અવાજે બોલી હતી, 'મમ્મી, તારી અને ડેડીની સો ટકા હા હોય તો જ હું જવા માગું છું બેંગ્લુરુ. નહીંતર પછી તમે જેમ કહો તેમ. હું મારી સ્કૂલનું થોડું કામ પતાવીને અહીંની એન્જિનિયરિંગ કૉલેજોની પૂરી ડિટેલ્સ લઈને ડેડીની ઑફિસે જઈશ. ત્યાંથી એની સાથે ઘેર આવીશ.' એક્ટિવાની ચાવી લઈને 'બાય' બોલતી એ નીકળી મમ્મીને વિચારતી મૂકીને. ઑફિસે જવાની તૈયારી કરતા નૈતિકનું મન પણ ભારે હતું. બધાં ગયાં પછી એકલી પડતાં જ એને ગઈ કાલનો પોતાનો અને નૈતિક વચ્ચે થયેલો સંવાદ યાદ આવી ગયો. 'કામિની, મેં મારી રીતે બેંગ્લુરુની એ ઇન્સ્ટિટ્યૂટની તપાસ કરી લીધી છે. ભણવાની, રહેવા, જમવાની બધી સુવિધા છે અને...'

'મેં કાલે કહ્યુંને કે મારી બિલકુલ ઇચ્છા નથી એને બહારગામ મોકલવાની. આવડું મોટું અમદાવાદ, આટલી બધી એન્જિનિયરિંગ કૉલેજ. ત્યાં છેક મોકલવાની જરૂર જ ક્યાં છે ?'

'પણ અહીં એ રોબોટિક એન્જિનિયર બની શકે એવી ફેકલ્ટી જ નથી.'

'તો એને સમજાવો કે બીજી કોઈ બ્રાન્ચમાં એડમિશન લઈને એન્જિનિયર બની જ શકાય.'

'તને ખબર છે ને કે એને પહેલેથી નિતનવું જાણવાનો, વાંચવાનો અને સ્કૂલના પ્રોજેક્ટ બનાવવામાં કેટલો રસ હતો. એને પ્રોત્સાહિત કરવામાં તારો ફાળો નાનોસૂનો નથી. હવે કેમ આવું કરે છે ? જાતિભેદ કે આર્થિક સમસ્યાનો પ્રશ્ન નથી, પછી કેમ નિર્ણય લોમાં જડ વલણ અપનાવી રહી છે ?' અને કામિનીની આંખો અનરાધાર વરસી પડી.

'તમે નહીં સમજી શકો માના હૃદયને, નૈતિક ! એ જન્મી ત્યારથી અત્યાર સુધી મારું જીવન મેં એની સારસંભાળમાં એવી રીતે ગૂંથી રાખ્યું છે કે એના દૂર જવાની કલ્પના પણ મને અકારી લાગે છે. એ કે.જી.માંથી ફર્સ્ટ સ્ટાન્ડર્ડમાં આવી ત્યારે સ્કૂલનો સમય બે કલાક વધી ગયેલો અને પછી દિવસો સુધી મને એની કેટલી ચિંતા થતી ! તેણે લંચબોક્સમાંથી નાસ્તો ખાધો હશેને, વોટરબેગનું ટાઈટ ઢાંકણું એનાથી નહીં ખૂલે તો મૂંઝાશે,

***ચકો-ચકી સામેના વૃક્ષ પરની ડાળ પર બેઠાં હતાં. બચ્ચાં ઊડી ગયાં હતાં. માળો ખાલી હતો. હા, મૌન હતું ત્યાં પણ થોડીવાર પહેલાંના ચહેકાટની પ્રસન્નતાથી ભરેલું મૌન ! પંખીએ રોકી નહોતી એનાં બચ્ચાંની ઉડાનને. ઊડવા અને વિકસવા આખું આકાશ આપી દીધું હતું. કામિનીનું હળવાશ અનુભવતું મન એક નિર્ણય પર આવી ઊભું.***

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

ટીચર ભૂલ બદલ પનિશ કરશે તો, કેટલી ચિંતાઓ ઘેરી વળતી મને. એને ખૂબ આળ-પંપાળથી આપણી છત્રછાયામાં જ હસતી-રમતી રાખી છે અને હજી પણ એમ જ રાખવા માગું છું. એકમાત્ર સંતાનને નજરથી દૂર નહીં જ મોકલી શકું.'

'પણ કામિની, એનાં લગ્ન પછી તો એ આપણાથી દૂર જશે જ ને, તો પછી અત્યારે...'

'એટલે જ કહું છું. એને અત્યારે દૂર નહીં જવા દઉં. સ્ટડી પૂરો થશે ત્યાં લગ્નની ઉંમર થશે. આપણી સાથે રહેવાનો સમય જ ક્યાં રહેશે પછી? આમ પણ મારા વગર, અજાણ્યા શહેરમાં એને નહીં જ ફાવે.'

'આ તારી બિનજરૂરી ચિંતાઓ અને વ્યર્થ દલીલો તું કાવ્યાને કાલે સમજાવી શકે તો ઠીક છે. કાલે ફોર્મ સબમિટ કરવાનો છેલ્લો દિવસ છે.' નારાજ થઈને નૈતિક પડખું ફેરવીને સૂતો.

પંખીઓના વધી રહેલા કલશોરથી કામિનીની

***'તમે નહીં સમજી શકો માના હૃદયને, નૈતિક! એ જન્મી ત્યારથી અત્યાર સુધી મારું જીવન મેં એની સારસંભાળમાં એવી રીતે ગૂંથી રાખ્યું છે કે એના દૂર જવાની કલ્પના પણ મને અકારી લાગે છે. એ કે.જી.માંથી ફર્સ્ટ સ્ટાન્ડર્ડમાં આવી ત્યારે સ્કૂલનો સમય બે કલાક વધી ગયેલો અને પછી દિવસો સુધી મને એની કેટલી ચિંતા થતી!***

વિચારયાત્રા અટકી. વરંડામાં નજર ફેરવી તો બચ્ચાં માળાથી ફૂલના ક્યારા સુધી ઊડાઊડ કરતાં હતાં. 'ચાલો, પાંખો આવી ગઈ, હવે ચારેય મળીને ચારેકોર કચરો કરશે, પછી નિરાતે જ વાળું.' બબડતાં કામિની કિચન તરફ વળી. આજે ડિનરમાં કાવ્યાને ભાવતાં 'આલુ પરોઠાં' અને સાથે 'ચીઝ પાઈનેપલ મેક્રોની' બનાવીને એને થોડીક તો મનાવી શકાશે એવો વિચાર કરતાં એણે ડિનરની તૈયારી શરૂ કરી.

થોડું પરવારી ત્યાં એનું ધ્યાન ગયું કે વરંડામાં શાંતિ છવાયેલી છે. એને નવાઈ લાગી. એ ત્યાં પહોંચી. ચકો-ચકી સામેના વૃક્ષ પરની ડાળ પર બેઠાં હતાં. બચ્ચાં ઊડી ગયાં હતાં. માળો ખાલી હતો. હા, મૌન હતું ત્યાં પણ થોડીવાર પહેલાંના ચહેકાટની પ્રસન્નતાથી ભરેલું મૌન! પંખીએ રોકી નહોતી એનાં બચ્ચાંની ઉડાનને. ઊડવા અને વિકસવા આખું આકાશ આપી દીધું હતું. કામિનીનું હળવાશ અનુભવતું મન એક નિર્ણય પર આવી ઊભું.

કાવ્યાના સ્ટડી રૂમમાં જઈને એણે કમ્પ્યૂટર ઑન કર્યું. 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બેંગ્લુરુ'ની વેબસાઈટ ઓપન કરીને એડમિશન ફોર્મ પર ટાઈપ કર્યું. 'કાવ્યા નૈતિક શાહ.' આગળની ડિટેઇલ્સ ભરવાનું શરૂ કરતાં પહેલાં બાજુની દીવાલ પર શોભતી કાવ્યાની હસતી તસવીર સામે જોઈને એનાથી મલકી જવાયું.

✷ ✷ ✷

## પ્રેરણા અને પડકાર ગમે ત્યાંથી મળી શકે છે

ગયા વર્ષે એપ્રિલમાં ઝારખંડની રાજધાની રાંચીથી ૨૭ કિલામીટર દૂર ઓરમાઝી બ્લોકના બે નાનકડાં ગામડાં–આરા અને કરામમાંથી ૩૫ લોકો મહારાષ્ટ્રમાં અણ્ણા હઝારેના ગામ રાલેગણસિદ્ધિ ગયા હતા. ત્યાં તેમણે જોયું કે લોકો કેવી રીતે પોતાના ગામને સ્વચ્છ રાખે છે, સમાજના ફાયદા માટે કેવી રીતે સારા નિર્ણયો લે છે અને કેવી રીતે સમાજમાં ફેલાયેલી મુશ્કેલીઓ સામે લડવા માટે એકબીજાને મદદ કરે છે. ડિસેમ્બર સુધીમાં ૬૦૦ સ્ત્રી, પુરુષો અને બાળકોએ પોતાનાં બંને ગામને આદર્શ ગામ બનાવી દીધાં.

પહેલાં પુરુષો પોતાની આવકનો મોટો ભાગ દારૂ પાછળ ખર્ચી નાખતા. હવે તેમના ઘરની દીવાલ પર લખ્યું છે, 'બુરા ન માનો શરાબબંધી લાગુ હૈ.'

આ વિસ્તારની એકમાત્ર માધ્યમિક શાળામાં ફક્ત બે શિક્ષક હતા એટલે બે શિક્ષિત યુવાનોને વિદ્યાર્થીઓની મદદ માટે તૈયાર કરાયા. રોજ સવારે જે પણ વહેલા ઊઠે છે, તે એનાઉન્સમેન્ટ રૂમમાંથી માઈક દ્વારા જાહેરાત કરીને અન્ય લોકોને જગાડે છે. મોટા ભાગે સવારે પાંચ વાગ્યા સુધીમાં ઊઠી ગયા પછી બાળકોથી માંડીને વડીલો સહિત બધા એક કલાક સુધી પોતાના ઘરની આજુબાજુ સફાઈ કરે છે.પછી શિક્ષકો તમામ બાળકોને અભ્યાસ કરાવે છે અને પછી બધા ખેતીકામમાં જોડાઈ જાય છે.

**સ્પર્ધાની વાર્તા :**

જો તમે એવું વિચારતા હો કે ઓલા અથવા ઉબર જેવી સેવાઓ શરૂ કરવી ભાડામાં લૂંટ ચલાવનાર પરંપરાગત ઑટો અને ટૅક્સી સેવાઓને એક પડકારરૂપ જવાબ છે તો તમે ખોટા સાબિત થઈ શકો છો. આ પ્રાઈવેટ સેવાઓમાં જે સર્જ પ્રાઈઝિંગ (માગ વધારે તો ભાડું વધારે) જેવી ખામીઓ છે, જેની ચુકવણી ઘણા યુવાનો પસંદ કરતા નથી.

બેંગ્લુરુની યાત્રા વખતે આ સમસ્યા જોઈને કોલકાતાના દીપાંજન પુરકાયસ્થ અને આદિત્ય પદ્દારે 'નમ્મા ટીજીવાઈઆર' નામની ટેક્નોલોજી આધારિત પરિવહન કંપની બનાવીને બેંગ્લુરુમાં એપ કેબ સર્વિસ શરૂ કરી. નવી કંપની અન્યની સરખામણીએ ડ્રાઈવરને અડધું કમિશન આપી દે છે.જેથી મુસાફરને ભાડામાં બચત થાય અને ડ્રાઈવર પણ તેમના પ્લેટફોર્મ તરફ આકર્ષિત થાય. ડ્રાઈવરને સબસિડી ઉપરાંત કંપનીએ ડ્રાઈવર અને તેમના પરિવાર માટે સ્વાસ્થ્ય વીમો, અને અકસ્માતનું કવરેજ, કારનો રોડ ટૅક્સ, કાર વૉશ, બાળકોના અભ્યાસનાં પુસ્તકો પર સબસિડી જેવી સેવાઓ આપવા દ્વારા તેમનામાં પ્રામાણિકતા લાવવાનો નિર્ણય કર્યો છે.

આપણે હંમેશાં સાવધ રહેવું પડે, કેમ કે આપણને નથી ખબર કે ક્યાંથી પ્રેરણા મળશે અને ક્યાંથી સ્પર્ધા માટે પડકાર મળશે.

**–એન. રઘુરામન**


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# સંવેદના વગરનો માણસ સાંત્વના શું આપવાનો ?

□ કૃષ્ણકાંત ઉનડકટ

માણસ એની સંવેદનાથી ઓળખાતો હોય છે. સંવેદના સાત્ત્વિક હોવી જોઈએ. આપણી સંવેદનાઓ 'સિલેક્ટિવ' થઈ ગઈ છે.સંવેદના માણસ માણસે બદલાતી રહે છે. કોઈના પ્રત્યે વધુ સંવેદના તો કોઈના પ્રત્યે ઓછી. કોઈના માટે આપણે વરસી પડીએ છીએ, કોઈ આપણા માટે તરસી જાય તો પણ આપણામાં સહેજેય સ્પંદન ઊઠતાં નથી. ઘણા લોકો માટે આપણે જડ થઈ ગયા હોઈએ છીએ. જડ થઈ ગયેલો માણસ ઝટ મળતો નથી. ભૂલા પડી જવામાં અને ખોવાઈ જવામાં ફરક છે. ભૂલો એ પડે જે રસ્તો ચૂકે છે. ખોવાઈ જાય છે જેને ખુદની ખબર નથી. ઘણા લોકો મળે ત્યારે એ ક્યાંક ખોવાયેલા હોય છે. જે પોતાને જ મળતા ન હોય એ બીજાને શું મળી શકવાના ? ખાલી માણસ પાસેથી ખાલીપો જ મળવાનો છે. ભરેલો માણસ જ બીજાને ભીંજવી શકે. રંગીન હોય એ જ રંગી શકે, ગમગીન હોય એને ગોતવો પડે.

આપણા ચહેરાઓ ગંભીર છે, કારણ કે આપણાં મન ઉદાસ છે. આપણે ઉદાસી ઓઢીને ફરીએ છીએ. આવડત હોવાના દાવાઓ કરીએ છીએ અને હસવાનું ભૂલી જઈએ છીએ. એક કૉલેજના પ્રોફેસરે પોતાના સ્ટુડન્ટ્સની વાત કરી. તેણે કહ્યું, હવે આપણું એજ્યુકેશન શાર્પ થઈ ગયું છે. એ બધું જ ભણતર માત્ર ડિગ્રીઓ માટે છે. જિંદગી માટે નથી. જીવવા માટે હવે નવા ક્લાસ શરૂ કરવા પડશે. આજે સૌથી વધુ જરૂર હોય તો લોકોને હળવા રહેતા શીખવવાની. આપણો સિલેબસ માણસને સેડ અને સિલી બનાવે છે, સ્વીટ અને સુખી નહીં. હવે એવું શિખવાડવાની જરૂર છે કે હસવું કઈ રીતે ? જીવવું કઈ રીતે ? પેટમાં આંટી વળી જાય એવું તમે છેલ્લે ક્યારે હસ્યા હતા ? કોઈની પીડા, વેદના, દર્દ, ઉચાટ કે વલોપાત જોઈને તમારી આંખનો ખૂણો ક્યારે ભીનો થયો હતો ? તમારી ઉષ્મામાં ક્યારે ઊભરો આવ્યો હતો ? હવાની રૂખને તમે છેલ્લે ક્યારે મહેસૂસ કરી હતી? કોયલના ટહુકાની તમે ક્યારે હાજરી પૂરી હતી ? છેલ્લે તમારા દિલમાંથી ક્યારે 'વાહ'નો ઉદ્‌ગાર નીકળ્યો હતો ? ફૂલની પાંખડીના સ્પર્શ માટે



ક્યારે તમારાં ટેરવાં સળવળ્યાં હતાં ? આપણી સંવેદનાઓ સળવળતી નથી, કારણ કે આપણે ટળવળતાં હોઈએ છીએ. આપણે આપણને ટાળતા હોઈએ છીએ. સમય આપણી મુઠ્ઠીમાં નથી હોતો, આપણે સમયની મુઠ્ઠીમાં હોઈએ છીએ.

તમારામાં સંવેદના છે ? હા છે ! સંવેદના હોય જ. સંવેદના વગરનો માણસ હોઈ જ ન શકે. આપણે એ સંવેદનાની દરકાર કરતા નથી. સંવેદનાઓ કોઈ એક ખૂણે દબાયેલી હોય છે અને આપણે આપણી અંદર જ ધરબાયેલા હોઈએ છીએ. રિલેક્સ થવા માટે આપણે હવે મહેનત કરવી પડે છે. હળવાશ માટે પ્લાનિંગ કરવું પડે છે. મજા માટે આપણે ટેકનોલોજીના મહોતાજ થઈ ગયા છીએ. આપણે બહુ ફાસ્ટ થઈ ગયા છીએ. એટલા બધા ફાસ્ટ કે આપણે

***કોઈની પીડા, વેદના, દર્દ, ઉચાટ કે વલોપાત જોઈને તમારી આંખનો ખૂણો ક્યારે ભીનો થયો હતો ? તમારી ઉષ્મામાં ક્યારે ઊભરો આવ્યો હતો ? હવાની રૂખને તમે છેલ્લે ક્યારે મહેસૂસ કરી હતી ? કોયલના ટહુકાની તમે ક્યારે હાજરી પૂરી હતી ? છેલ્લે તમારા દિલમાંથી ક્યારે 'વાહ'નો ઉદ્‌ગાર નીકળ્યો હતો ? ફૂલની પાંખડીના સ્પર્શ માટે ક્યારે તમારાં ટેરવાં સળવળ્યાં હતાં ?***

સ્લો થવાનું શીખવું પડે. બ્લડપ્રેશર હાઈ રહે છે. પ્રેશરને કંટ્રોલ કરવા ગોળી લેવી પડે ત્યારે સમજવું કે આપણે સ્લો, સહજ અને સરળ રહેવાનું ભૂલી ગયા છીએ. આપણે આપણને કંટ્રોલમાં ન રાખી શકીએ ત્યારે ગોળીઓ લેવી પડતી હોય છે. ટેબ્લેટ એટલે જિંદગી જીવવામાં લેટ થવાની કિંમત.

સંવેદના અને ઉદાસી તમારામાં આજુબાજુના વાતાવરણ અને તમારી વ્યક્તિઓને સીધી અસર કરતી હોય છે. ઘરમાં એક વ્યક્તિની ઉદાસી આખા ઘરને ઉદાસીનતા ઓઢાડી દે છે. એક વ્યક્તિનું હાસ્ય આખા ઘરને જીવતું કરી દે છે. આપણે ઘણી વખત સંવેદનાની તો પરવા કરીએ છીએ, પણ આપણે જેને પ્રેમ કરતા હોઈએ એની સંવેદનાની અવગણના કરતા હોઈએ છીએ. આપણને ગમતું હોય એવું જ નહીં, આપણી વ્યક્તિને ગમતું હોય એવું કરવું એ જ સંવેદનાની શ્રેષ્ઠતા છે. એક પતિ-પત્નીની વાત છે. પત્ની એકદમ લાઈવ હતી. તે હસતી રહેતી. બધાં કામને એન્જોય કરતી. અચાનક તેના વર્તનમાં પરિવર્તન આવ્યું. હસવાનું ઘટી ગયું. ફરિયાદો વધી ગઈ. ઘરનું વાતાવરણ બોઝિલ થવા લાગ્યું. પતિ અત્યંત સંવેદનશીલ હતો. એક દિવસ તેણે કહ્યું કે, મેં બે દિવસની રજા લીધી છે. ચાલને ક્યાંક ફરવા જઈએ. કોઈક એવી જગ્યાએ જ્યાં આપણે પ્રકૃતિની નજીક હોઈએ. પતંગિયું ઊડે એટલી નજાકતથી થોડાક ખૂલીએ. દરિયાનાં મોજાંની જેમ રિધમને અનુભવીએ. બંને ફરવા ગયાં. ફરીને પાછાં આવ્યાં ત્યારે પત્ની ફરીથી જીવતી થઈ ગઈ હતી.

તમારામાં સંવેદના હોય તો તમારી વ્યક્તિની સારવાર માટે સાઇકિયાટ્રિસ્ટની જરૂર પડતી નથી. વેદનાનો ઇલાજ સંવેદના જ છે. આપણને ઘણી વખત એવું લાગે છે કે મારામાં કઈક ખૂટી ગયું છે. એ સંવેદના હોય છે. ક્યાંક ગમતું નથી, ગમે એવું થઈ શકતું નથી, જિંદગી જીવતા હોય એવું નહીં, પણ ઢસડતા હોય એવું લાગે છે. ડિપ્રેશન એ બીજું કંઈ નથી, પણ સંવેદનાનું ડેથ છે. સંવેદનાને જીવતી કરવી અઘરી છે એટલા માટે જ મહત્ત્વનું એ છે કે સંવેદનાને મરવા ન દેવી.

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

એક માણસ સાધુ પાસે ગયો. તેણે સાધુને કહ્યું કે, હું મારા લોકોને મજામાં રાખી શકતો નથી. મને જીવવાની મજા આવતી નથી. મારા અસ્તિત્વને ઉદાસીએ ઘેરી લીધું છે. સાધુએ તેને ઝૂંપડીની બહાર એક ઝાડ બતાવ્યું. એ ઝાડમાં એકેય પાંદડું ન હતું. બધી ડાળીઓ સાવ સૂકી હતી. સાધુએ કહ્યું કે, જા ઓલા ઝાડના છાંયામાં બેસ. એ માણસે કહ્યું કે એ ઝાડને છાંયો ક્યાં છે ? એ ઝાડની ડાળીઓ તો માત્ર પડછાયો છે. સાધુ બોલ્યા, હું એ જ કહું છું પડછાયો છાંયો ન આપી શકે. છાંયા માટે ઝાડમાં પાંદડાં હોવાં જોઈએ. તારે છાંયો આપવો છે, પણ તારાં જ પાંદડાં ખરી ગયાં છે. પહેલાં તું પૂરેપૂરો ખીલી જા, તો જ તું તારા લોકોને મજામાં રાખી શકીશ. આલિંગનમાં ઉષ્મા હોવી જોઈએ. કોઈને ભેટીએ ત્યારે ખાલીપા સિવાય કંઈ વર્તાતું નથી અને કોઈને હગ કરીએ ત્યારે આપણામાં કંઈક ઉમેરાયું હોય એવું લાગે છે. હાશ થાય છે, હળવાશ લાગે છે. કોઈના હાથ માથા પર મૂકાય ત્યારે એવું લાગે છે કે મારા ઉપર કંઈક વરસ્યું છે અને હું થોડો છલકાયો છું. ઘણા હાથ રણ જેવા હોય છે, એમાં રેતીનો સુકારો અને ઝુરાપો જ હોય છે. તમારી અંદર જે હોય એ જ તમે આપી શકો.

બે મિત્રોની આ વાત છે. એક મિત્ર વારંવાર કહેતો કે ચાલને આપણે મળીએ. બીજો મિત્ર ટાળતો. હમણાં નહીં, થોડાક સમય પછી મળીએ. થોડા દિવસો પછી બંને મળ્યાં. મિત્રએ પૂછ્યું કે તું કેમ મળવાનું ટાળતો હતો ? મિત્રએ જવાબ આપ્યો કે હું મજામાં ન હતો.મારી સંવેદનાઓ ક્ષુબ્ધ હતી. મારી સંવેદના જ સજીવન ન હોય તો હું તને શું આપવાનો હતો ? હું માનું છુ કે મજામાં ન હોઈએ ત્યારે કોઈને ન મળવું. સંવેદના ન હોય એ સાંત્વના શું આપવાનો ? એ સુખ શું આપવાનો ?

સંવેદના સુષુપ્ત થઈ ગઈ હોય ત્યારે આમ તો મળતા પણ રહેવું જોઈએ. ધ્યાન એટલું જ રાખવું કે એવી વ્યક્તિને મળવું જે અત્યંત સંવેદનશીલ હોય. જે મૌનને પણ સમજી શકે, જે ચહેરા પરની રેખાને ઉકેલી શકે, જે આંખના ભેજથી ભીંજાઈ શકે અને જે અવાજના ટોનને ઓળખી શકે. અસંવેદનશીલ માણસોને મળીએ તો એ તળિયું પણ સૂકવી નાખે. એવા લોકોને મળો જેની પાસેથી તમને કંઈક મળે. થોડીક ઋજુતા, થોડીક ભીનાશ, થોડીક હળવાશ, થોડી આશ, થોડાક શ્વાસ અને થોડોક વિશ્વાસ. તરસ હોય ત્યારે નદી પાસે જવું પડે, દરિયા પાસે જાવ તો ખારાશ જ મળે. નદી જ પ્યાસ બુઝાવી શકે, દરિયો નહીં. તમારી પાસે નદી છે ? તમારું ઝરણું છે ? અમુક લોકો દરિયા જેવા હોય છે, જેની પાસે હોય છે અઢળક પણ એક ટીપુંયે કામ લાગતું નથી. ઝરણું નામ હોય છે, પણ તૃપ્તિ માટે એ પૂરતું હોય છે. આપણી આસપાસના લોકોમાં પણ આપણને એ ઓળખતાં આવડવું જોઈએ કે આ દરિયો છે કે ઝરણું ?

તમારે તમારી સંવેદનાને જીવતી રાખવી છે ? તો દરેક ક્ષણની સંવેદનાઓને માણો. આપણે તો સંવેદનાને સજીવન રાખવા માટે પણ પ્લાનિંગ કરવા લાગ્યા છીએ. ફરવા જઈએ છીએ. બીમાર માણસ જેમ દવાખાનામાં દાખલ થવા જાય એમ આપણે ફરવા જવા લાગ્યા છીએ. દવાખાનામાંથી સાજા થઈને બહાર આવવાની અને ફરી આવીને તાજા થઈ જવાની દાનત રાખતા થઈ ગયા છીએ. તાજા થઈએ છીએ, પણ પાછા આવીને ફરીથી વાસી થઈ જવાની શરૂઆત થઈ જાય છે. સતત તાજા રહેવા માટે તમારી આસપાસ જે છે એને જીવતા રહો. ફૂલ તો આપણા ઘરની નજીક પણ ખીલતાં હોય છે, પક્ષીઓ પણ કલરવ કરતાં જ હોય છે, બાળકો રમતાં જ હોય છે, પ્રકૃતિ ખીલતી જ હોય છે. ઘણી વખત આપણે દૂર એટલા માટે જવું પડે છે, કારણ કે આપણી નજીક જે હોય છે એની ઉપર આપણે નજર નાખતા હોતા નથી. તમારે જિંદગી મસ્ત રીતે જીવાય છે એવું ફીલ કરવું છે ? તો બસ, તમારી સંવેદનાને મરવા ન દો ! તમારી દરેક ક્ષણને, તમારા દરેક કણને અને તમારા દરેક જણને જીવો, જિંદગીનો ક્યારેય થાક નહીં લાગે. માણસ બીજાના મનની વાત માત્ર સહાનુભૂતિ અને પ્રેમથી જ જાણી શકે, ઉંમર કે બુદ્ધિથી નહીં.

✷ ✷ ✷

## શો મસ્ટ ગૉ ઑન !



ડોંગરેજી મહારાજના જીવનનો એક કિસ્સો જાણવા જેવો છે.

એક કૅન્સર હૉસ્પિટલ માટે ફંડ ઊભું કરવા ડોંગરેજી મહારાજની કથા મુંબઈમાં યોજાઈ હતી. દાયકાઓ અગાઉ યોજાયેલી એ કથા થકી આશરે દોઢ કરોડ રૂપિયા જેટલી રકમ કૅન્સર હૉસ્પિટલ માટે એકઠી થઈ ગઈ હતી.

એ કથાના છેલ્લા દિવસે ડોંગરેજી મહારાજ કથા સંભળાવી રહ્યા હતા ત્યારે તેમના કોઈ સ્નેહી ગંભીર ચહેરે તેમની પાસે ગયો. તેમણે ડોંગરેજી મહારાજને કાનમાં કહ્યું કે તમારા પત્ની મૃત્યુ પામ્યા છે.

એ આઘાતજનક સમાચાર સાંભળ્યા પછી બીજી જ ક્ષણે ડોંગરેજીએ સ્વસ્થતા મેળવી લીધી અને દુઃખદ સમાચાર લઈને આવેલા સ્નેહીને જવાબ આપીને ફરી કથા શરૂ કરી દીધી ! તેમણે એ દિવસે કથા પૂરી કરી. કથાના આયોજકોને ખબર પડી કે ડોંગરેજીના પત્ની મૃત્યુ પામ્યાં છે ત્યારે તેઓ ચિંતામાં મુકાઈ ગયા, પણ ડોંગરેજીએ કથા યથાવત્ ચાલુ રાખી એને કારણે તેઓ ગદ્ગદ્ થઈ ગયા.

એ પછી ડોંગરેજી મહારાજે પત્નીના દેહાંત પછીની વિધિઓ હાથ ધરી. તેઓ થોડા દિવસ પછી પત્નીના અસ્થિ લઈને ગોદાવરી નદીમાં અસ્થિ વિસર્જન માટે નાસિક ગયા. એ વખતે અસ્થિ વિસર્જનની વિધિ કરનારા બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે તેમની પાસે પૈસા નહોતા. જે સ્નેહીએ તેમને તેમના પત્નીના મૃત્યુના સમાચાર આપ્યા હતા એ તેમની સાથે હતા.

ડોંગરેજી મહારાજે તેમને પોતાના પત્નીનું મંગળસૂત્ર આપીને કહ્યું કે આ વેચીને પૈસા લઈ આવો. બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે મારી પાસે કંઈ નથી. પેલા સ્નેહી સ્તબ્ધ થઈ ગયા. તેમની આંખો છલકાઈ ગઈ.

જે માણસે કૅન્સર હૉસ્પિટલ માટે પોતાની કથા થકી દોઢ કરોડનું ફંડ એકઠું કરી આપ્યું હતું તેની પાસે મામૂલી રકમ પણ નહોતી !

✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com



# પવન

☐ યોગેશ જોષી

ફાગણમાં ફાટ ફાટ થતાં કેસૂડાંની ઝળહળતી નાની નાની જ્યોતને સ્પર્શીને આવતો પવન કેસૂડાં જેવો જ કેસરી, પ્રગટાવેલી હોળીમાંથી આરપાર પસાર થઈને આવતો પવન અગનજ્વાળા જેવો જ પીળો-કેસરી-રાતો, ગ્રીષ્મમાં તડકો પી પીને રાતાંચોળ થયેલાં ગુલમહોરને જરી જરી ચાખીને આવતો પવન ગુલમહોર જેવો જ રાતોચોળ, તડકામાં ચળકતી નાગા વરસાદની ધારાઓને અસંખ્ય આંગળીઓથી રણઝણતો પવન વરસાદી તડકા જેવો જ સોનેરી તથા હવાઈ ગયેલા પાપડ જેવો, શરદપૂનમની દૂધ-પૌંઆ જેવી રાતે ભેડાઘાટ પર ધોધની સાથે જ પછડાતો ને રૂપેરી ધુમાડો લઈને ઊછળતો પવન ચાંદી જેવો જ ચળકતો, તો પોષની થરથરતી વિરહિણી અમાસની રાતે કોઈ બંધ દ્વાર પાસે ઊભેલો હતાશ પવન શ્યામ નહિ, પણ અમાસ જેવો જ કાળો મેશ, ગોરંભા જેવો જ ઉદાસ, આકુળ-વ્યાકુળ...

ઘનઘોર ગોરંભો, પણ એ અગાઉ પવન ગોવાળ બનીને સીટી વગાડે, પાવો વગાડે – સીમમાં ચરતાં છૂટાંછવાયાં ગોધણ જેવાં વાદળોને દોરે, હુડુડુડુ... કરીને દોડાવે... તોફાને ચડે... વૃક્ષોને નમાવે, હચમચાવે, ખેરવી નાખે કંઈ કેટલાય પાન... કેટલાંક વૃક્ષોને તો ઉખાડી જ નાખે મૂળમાંથી, અનેક ઘરોનાં બારી-બારણાં પછાડે – ધડધડાધડ્ધડ્... ગૃહિણી દોડતી આવીને બારી બંધ કરે એ અગાઉ તો અનેક જન્મોની તરસથી વીંટળાઈ જ વળે ગૃહિણીને... પાલવ ઉડાડે, વાળ ઉડાડે, મન ઉડાડે... ને પછી થઈ જાય ક્યાંક અદૃશ્ય... સકલ સૃષ્ટિનાં રહસ્યોને જાણે અંતઃસ્તલમાં ગોપવીને... એટલી વારમાં તો આકાશમાં ગોધણ જેવાં વાદળોને બદલે... ઉન્મત્ત હાથીઓનાં ટોળેટોળાં જેવાં વાદળો... ને થોડી જ વાર પછી કાળા ડિબાંગ પહાડો જેવાં વાદળો-ખીચોખીચ-એકમેકમાં ભળતાં-પ્રસરતાં-વધુને વધુ જરઠ બનતાં જતા... ને થોડી વાર પછી ઘનઘોર ગોરંભો. એકદમ નીચું ઊતરી આવેલું, ઝળુંબેલું, પડું પડું થતું ગોરંભાયેલું આકાશ. જેવો ગોરંભો આકાશમાં એવો જ ગોરંભો વિરહીજનોનાં હૈયામાં, લોહીમાં... પછી તો વરસાદ તૂટી જ પડે ધોધમાર, મુશળધાર, લગાતાર... જાણે અનેક જન્મોનો ઓગળતો હોય ડૂમો...કેવળ ધ્રુસકે ધ્રુસકે વરસાદ... ખાલી થતું જાય ભીતર... ચોખ્ખુચણાક થતું જાય ભીતર... વરસી, વરસી, વરસીને થાકી જાય આકાશ... પ્રિયતમના ખભે માથું મૂકીને ધરાઈ ધરાઈને રડ્યા પછીની પ્રિયતમાની આંખ જેવું ઊઘડે આકાશ... પ્રિયતમાની આંખમાંથી પ્રગટી ઊઠે મેઘધનુષ અને વિસ્તરે આકાશના આ છેડાથી તે પેલા છેડા સુધી... અદૃશ્ય થઈ ગયેલો પવન પ્રભાતિયાની જેમ પ્રગટી ઊઠેને હળવેકથી લપસે મેઘધનુષના ઢોળાવ પર... ને પવનના પાતળા પોત પર પ્રગટી ઊઠે મેઘધનુષના સાતેય રંગોની ઝાંય... ને મેઘધનુષી પવન હળુ હળુ સ્પર્શે ચહેરાને, વાળને, કપાળને, ગાલને, પોપચાંને... હાલરડાના મધમીઠા લયની આંગળીઓથી... ને આ પવન હળવેકથી ઊંચકે શરીરને, અસ્તિત્વને... ને લઈ જાય ઊંચે ને ઊંચે... કોઈક અદૃશ્ય શિખર ભણી... ને આ જ પવન એનો મૂડ બદલાતાં જ આપણને આકાશમાંથી ફેંકીય દે ને આપણે પટકાઈ પડીએ અદૃશ્ય શિખર પરથી છેક ખીણમાં... પણ પવન આપણને પટકાવા થોડો દે ? આપણને ઝીલી લેવા માટે એણે તૈયાર જ રાખી હોય વરસાદી માટીની ઝીણી ઝીણી મહેકની ચાદર... આ ચાદરમાં ઝિલાતાં જ મોં પહોળું થાય ને વરસાદી માટીની મહેકવાળો પવન મોંમાં દાખલ થાય... આ પવનનો સ્વાદ તો જરીક વરસાદી માટી, ભીની ભીની, જીભ પર ન મૂકી હોય !

**પવનનો ક્રોધ ભભૂકે એટલે ખલાસ, શાક્ષાત્ અગ્નિ. કાળઝાળ ગુસ્સે થયેલો પવન અને ભડભડતો અગ્નિ-બંને જાણે એકમેકમાં ભળે, ભડકે ને મૂકે દોટ, ક્ષણે ક્ષણે વિસ્તારે... ને થોડી ક્ષણોમાં તો દાવાનળ ! રાક્ષસની જેમ ક્ષણે ક્ષણે વિરાટ થતો જતો, અતિ વેગે દોડતો, વનોનાં વનોને ભરખ ભરખતો, બિચારાં પંખીઓય ઊડીને થોડે દૂર સુધી ભાગે એ પહેલાં તો ભડ ભડ બળીને ભડથું...**

મોગરાની બંધ કળીની ટોચને પવન એની તર્જની સહેજ અડકાડે ત્યાં જ મોગરાની કળી ખીલી ઊઠે સોળે કળાએ... ને આ જોનારની આંખોમાં તો અસંખ્ય મોગરા ઝગમગ ઝગમગ...! ક્યારેક અમાસની રાત્રિએ રસ્તા પરથી પસાર થતા હોઈએ ને પવન ઓચિંતો જ ક્યાંકથી રાતરાણીની મઘમઘ સુગંધ લઈને દોડી આવે, ઊંડો શ્વાસ લઈએ; રાતરાણીમય પવન ફેફસામાં ને પછી લોહીમાં. લોહીમાં ખીલી ઊઠે રાતરાણી, લોહીમાં જાગી ઊઠે અસંખ્ય રાતો–કેટલીક રાતો ભૂખી-તરસી, કેટલીક અગ્નિપરીક્ષામાંથી પસાર થતી, કેટલીક ઝીણી ઝીણી ઝરમરમાં બધાય આવરણ ઊતારીને નહાતી, તો કેટલીક રાતો અતિવૃષ્ટિ પછીની ધરતી જેવી ધરાયેલી... થાય કે એકાદ પુષ્પની સુગંધ લઈને આવેલો પવન શું શું જગવી જાય છે લોહીમાં ? ઋતુ ઋતુનાં પુષ્પોની સુગંધ ખોબલે ખોબલે લઈ આવે છે પવન, મારા દમિયલ શ્વાસ માટે...! વિરહી ચોમાસાની લથબથ ભીંજાતી ને છતાં સળગતી રાતોમાં પવનને કહેવાનું મન થાય કે જા, પ્રિયતમાના શ્વાસની ચપટીક સુગંધ લઈ આવને...! પણ ત્યારે વાદળોનાં ગાલ પંપાળતો કે વરસાદની ધારાઓને રણઝણાવતો પવન ક્યાં જરીએ નવરો હોય છે ? વરસાદ બંધ થતાં જ, ક્યારેક પવન લઈ આવે અસહ્ય દુર્ગંધ–ક્યાંક ઊભરાયેલી ગટરની–મારા દમિયલ શ્વાસ માટે... ઉચ્છ્વાસ પછી નવો તાજો શ્વાસજ ન લઈ શકાય એવી દુર્ગંધ... ને પવનને કહેવાનું મન થાય, હે પવન, થંભી જા... બની જા પથ્થર... પણ, કોઈનેય ગાંઠે તો પવન શેનો ?

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

પવનનો ક્રોધ ભભૂકે એટલે ખલાસ, શાક્ષાત્ અગ્નિ. કાળઝાળ ગુસ્સે થયેલો પવન અને ભડભડતો અગ્નિ-બંને જાણે એકમેકમાં ભળે, ભડકે ને મૂકે દોટ, ક્ષણે ક્ષણે વિસ્તરે... ને થોડી ક્ષણોમાં તો દાવાનળ! રાક્ષસની જેમ ક્ષણે ક્ષણે વિરાટ થતો જતો, અતિ વેગે દોડતો, વનોનાં વનોને ભરખ ભરખતો, બિચારાં પંખીઓય ઊડીને થોડે દૂર સુધી ભાગે એ પહેલાં તો ભડ ભડ બળીને ભડથું... ક્યારેક, આવું જ કંઈક થાય છાતીમાંય–જાગી ઊઠે દાવાનળ છાતીમાં, ભડકે બળે વનોનાં વનો છાતીમાં... થાય કે, આંખમાં જેમ આંસુઓ ઊમટે એમ છાતીમાંય છલોછલ આંસુઓ ઊમટે તો? શાંત થાય દાવાનળ? અને બળબળતી છાતી, છલોછલ આંસુ ભરેલી આંખ બની જાય તો?

કલ્પનોનું ઉડ્ડયન ચાલતું હોય ત્યારે પવન જ બની જાય પાંખ... તે ક્યાં ક્યાં લઈ જાય?- તળેટીમાં પડેલાં સૂકાં પાંદડાંને તળિયે, બરફીલા શિખર પરના મંદિરની મેલી ધજાના ફરફરાટમાં, પૃથ્વીની બહાર છેક શૂન્યાવકાશમાં, ચંદ્રની ધરતી પર નહિ પડેલી પગલીઓમાં, હજી સુધી નહિ શોધાયેલા ગ્રહોમાં, અનેક જન્મોમાં,,, ગર્ભસ્થ શિશુની બિડાયેલી આંખોમાં, મરણ અગાઉના છેલ્લા શ્વાસમાં, બે જન્મ વચ્ચેના ખાલીખમ અવકાશમાં...

દાવાનળને દોડાવતો, વનોના વનોને રાખ કરી નાખતો પવન જ લઈ જાય પરાગરજને એક ફૂલથી બીજા પુષ્પ સુધી... ને ખીલવે, ફૂલે, ફેલાવે ફૂલ, ફળ, બીજ, છોડ, વૃક્ષ, વન... વનોનાં વનો... પરાગરજનું વહન કરતો નાજુક-નમણો-પવન જ્યારે અફાટ રણમાં ભટકતો હોય ત્યારે? જાણે હજીય ભટક્યા કરતો સાક્ષાત્ અશ્વત્થામા... નાનાં બાળકો જેમ, કંઈક ખોવાય તો તે શોધવા ધૂળની સાત ઢગલીઓ કરે ને ફેંદે, ફંફોસે તેમ, બહાવરો બનીને પવન પણ રણમાં ઢૂવે-ઢૂવા ફેંદે-ફંફોસે; કોણ જાણે શુંય શોધવા? અનંત કાળથી કશુંક શોધ્યા કરે ને તે છતાં કશુંયે ન મળવાથી ગુસ્સે ભરાય જાત પર, દિશા ભૂલી જાય, ને ઊભો હોય ત્યાં જ ગોળ ગોળ ફરવા લાગે, ઘમ્મર ઘમ્મર ઘૂમવા લાગે, ધૂળને ડમરી બનીને ઊડે ઊંચે ને ભોંકાય સૂરજની આંખોમાં, સૂરજ આંખો મીંચી દે... પછી ક્યાય સુધી આંખો ચોળે ને પછી આંખ ખોલે તો રણમાંથી પવન જાણે અદૃશ્ય!–છોડી ગયો હોય પાછળ જળલહેરીઓ જેવી અનંત ભાત... જળલહેરીઓ જેવી આ અનંત ભાત જાણે પવને ઉતારી નાખેલી કાંચળી!

કાંચળી રણમાં જ છોડીને પવન દોડી ગયો હોય કોઈ દરિયે... જાણે એનું કશુંક કોઈક કાળે ખોવાઈ ગયું હોય દરિયામાં, તે વ્યાકુળ થઈને મત્ત-ઉન્મત્ત બનીને કશુંક શોધવા લાગે... દરિયો આખોયે ડહોળી નાખે, આખાયે દરિયાને હિલોળે... કશુંય ન જડવાથી પછી ક્રોધે ભરાય ને મોજાંઓને એવાં ઉછાળે કે જાણે મોજે મોજે દરિયાને ઉછાળી ઉછાળીને ફેંકી દેવા ન ઇચ્છતો હોય પૃથ્વીનીય બહાર! પ્રયત્નો તો ખૂબ કરે, પછી હાંફે-થાકે... છેવટે શાંત થઈ જાય... ને થાક ખાય સી-ગલની પાંખો પર કે કોઈ બિડાયેલા શઢમાં... ક્રોધે ભરાયેલા પવને જ શું કોઈ કાળે આપ્યો હશે શાપ સમુદ્રને?! કે તારું અસ્તિત્વ ટકે ત્યાં સુધી કાંઠાના ખડકો સાથે ફોડ્યા કરજે મોજાંઓનાં માથાં... ને ફીણ ફીણ થઈને ડૂબ્યા કરજે કાંઠાની રેતમાં...

પવનનેય શું કોઈ કાળે કોઈએ આપ્યો હશે શાપ?! કે તારો મોક્ષ નહિ થાય... થંભી જઈશ... શબવત્ રહીશ... પણ ફરી પાછો બેઠો થઈશ... આળસ મરડી ઊભો થઈશ... પાંખો ફફડાવતો ઊડીશ... ને ભટક્યા કરીશ–દરિયાનાં મોજાંઓ પાછળ, નદીની લહેરો પાછળ, ફળ-ફૂલ-બીજ, વૃક્ષ પાછળ, રણની રેતી પાછળ, વનમાં લાગતા દાવાનળ પાછળ... ને છતાંય તું ભીંજાઈશ નહિ, સળગીશ નહિ. તારી આંખોમાં હંમેશાં રહેશે કશાકની શોધ, તારા કંઠે રહેશે હંમેશાં કશાકની તરસ...

જોઉં છું તો મારી પાસે મારું શરીર નથી...! હુંય પવન બની ગયો છું કે શું? કંઠે સળગતી તરસ લઈને અનંત કાળ સુધી શું શોધ્યા કરવા માટે?

✱ ✱ ✱

## લક્ષ્યની પ્રાપ્તિ માટે એકાગ્રતા જરૂરી

સુફી સંત બાયજીદના જીવનનો એક કિસ્સો જાણવા જેવો છે.

બાયજીદ યુવાનીમાં તેમના ગુરુ પાસે રોજ ઉપદેશ સાંભળતા હતા. આવી રીતે એક વાર તેઓ તેમના ગુરુ પાસેથી ઉપદેશ સાંભળી રહ્યા હતા ત્યારે અચાનક તેમના ગુરુએ કહ્યું, 'બાયજીદ, ત્યાં બારી પાસે પડેલું પુસ્તક લઈ આવ.'

બાયજીદ ગુરુ સામે તાકી રહ્યા.

ગુરુએ ફરી વાર કહ્યું, 'મેં તને બારી પાસે પડેલું પુસ્તક લઈ આવવા કહ્યું અને તેં સાંભળ્યું નહીં?'

બાયજીદ જાણે હોશમાં આવ્યા હોય એ રીતે બોલ્યા: 'કઈ બારીની વાત કરો છો તમે? ક્યાં છે બારી?'

ગુરુ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે કહ્યું, 'તું વર્ષોથી મારી પાસે આવે છે. આ કમરામાં બેસીને મારી પાસે ઉપદેશ સાંભળે છે છતાં તને એ પણ ખબર નથી કે બારી ક્યાં છે?'

બાયજીદ બોલ્યાં, 'મને ખબર નથી કે બારી ક્યાં છે?'

ગુરુએ કહ્યું, 'તું નિયમિત રીતે આ કમરામાં આવે છે છતાં તને ખબર નથી કે બારી ક્યાં છે!'

બાયજીદે કહ્યું, 'મને ખરેખર ખબર નથી કે બારી ક્યાં છે. હું આ કમરામાં પ્રવેશું એ પછી માત્ર તમને જ જોતો રહું છું. તમારા સિવાય બીજું કશું મારી નજરે ચડતું નથી. હું દરવાજામાં પ્રવેશું પછી માત્ર તમારું અસ્તિત્વ જ મારી નજર સામે હોય છે. મારી નજર બીજે ક્યાંય જતી નથી.'

બાયજીદના ગુરુ થોડી પળો આ અનોખા શિષ્ય સામે જોઈ રહ્યા પછી તેમણે કહ્યું, 'બાયજીદ, તું હવે પાછો જઈ શકે છે. તેં અભ્યાસ પૂરો કરી લીધો છે. તારે હવે કશું શીખવાની જરૂર નથી!'

બાયજીદે બાકીની આખી જિંદગી પોતાના ઘરમાં અને મસ્જિદમાં અલ્લાહની બંદગીમાં એકાગ્ર થઈને વિતાવી. કોઈ તેમને મળવા જાય તો તેઓ ધર્મ વિશે ચર્ચા કરતા. પોતે પ્રાપ્ત કરેલું જ્ઞાન તેમણે યોગ્ય વ્યક્તિઓને વહેંચ્યું.

લક્ષ્યની પ્રાપ્તિ માટેએકાગ્રતા જરૂરી છે એવો બોધ બાયજીદ તેમના જીવન થકી આપી ગયા.

✱ ✱ ✱


Digitalised By ITDESK SOLUTIONS LLP



# બે સ્ત્રીઓ

**□ ધીરુબહેન પટેલ**

'આ વખતે થોડું મોડું થઈ ગયું નહીં ?'

'આમ તો અઠવાડિયું જ, જીજી ! પેલાને મૂકવા ગઈ હતીને ? પાછી આવી પછી બધાં ચડેલાં કામ, ને પાછી કાશીએ નહીં !'

'કેવી છે નિશાળ એની ?'

'અરે આપણી તો અક્કલ કહ્યું ન કરે ! સરસ મજાનું મકાન, છ છ છોકરાઓનો અલાયદો ઓરડો અને બારીની બહાર નજર નાખો એટલી વાર; ઊંચીનીચી ટેકરીઓ ને જાતજાતનાં ઝાડ ને પંખીઓ તો કાંઈ કિલકાણુ કરે ! આપણનેય મન થાય કે અહીં જ રહી જઈએ.'

'ખાવાપીવાનું ને માસ્તરો ?'

'એમ કરો, આવતી વખતે જઈશ ત્યારે તમને લેતી જઈશ. જાતે જ જોઈ લેજો તમારા લાલુને.'

'હવે મોટો થઈ ગયો. હવે લાલુ ન કહેવાય.' આછો નિસાસો નાખીને મોટી સ્ત્રી બોલી અને ખભા પર નાખેલી શાલ જરા જોરથી વીંટી.

'એ.સી. બંધ કરું, જીજી ?' કાર ચલાવતી સ્ત્રીએ પૂછ્યું.

'ના, ના ! જરા ઓછું કર થાય તો.'

'કેમ ન થાય ? એ તો મશીન છે, માણસ નથી.'

'હં... બધાં માણસનાં જ તોફાન છેને, નીલી !'

'તોયે માણસ વિના ક્યાં ચાલે છે, જીજી ?'

જીજીએ જવાબ ન આપ્યો. નીલાંબરા પરણીને આવી ત્યાર પછીના બધા પ્રસંગોનાં એ સાક્ષી હતાં. પોતાના ધૂની ફોટોગ્રાફર પુત્ર અર્જુનને એ સારી રીતે ઓળખતાં હતાં. એણે જ શોધીને આણેલી નીલાંબરાને પણ ધીરેધીરે આત્મીય બનાવી હતી. અમન જન્મ્યો ત્યાર પછી એ નાનકડા બાળકના લાલનપાલનમાં પણ એમણે ઘટે એટલો સહકાર આપ્યો હતો. જિંદગી આમ ને આમ સરળતાથી પૂરી થઈ જશે એવું એ માનતાં હતાં. પણ...

'ચાલો, તમારું મંદિર આવી ગયું જીજી !'

'ને તારું નહીં ?'

'જીજી ! ફરી પાછી એ જ માથાકૂટ કરવી છે ?' નીલીએ સ્મિત સાથે કહ્યું ને જીજીએ મૌનથી એની વાતનો સ્વીકાર કર્યો. મંદિરમાંથી બહાર નીકળતી વખતે ઓટલા પર બેઠેલી નીલીના હાથમાં પ્રસાદ મૂકતાં એમણે પૂછ્યું, 'પ્રસાદ તો લઈશને ?'

'તમારા હાથનું તો ઝેર પણ લઈ લઉં, જીજી ! આ તો પ્રસાદ છે !' કહી નીલીએ આખો લાડુ મોંમાં મૂક્યો. પછી, એના મોંનો જે આકાર થયો તે જોઈને જીજી હસી પડ્યાં. નીલીએ ફક્ત આંખો કાઢી.

પાછા વળતાં કારનો દરવાજો વાસતાં જીજીથી બોલી જવાયું. 'અરે, તું મારી દીકરી હોત તો કેવું સારું થાત !'

'કશુંયે સારું ન થાત. હું ક્યાંની ક્યાં પારકા ઘરમાં નિસાસા નાખતી હોત અને તમને સંદેશો કરત કે મા ! મને કંઈ બહાનું કરીને થોડા દિવસ બોલાવી લે !'

***નીલાંબરા વિચારતી અને અનિવાર્ય ભાવિ તરફ મનની આંખો મીંચી દેતી. નોકરી કરતી, કમાતી, અમનને સારી રીતે એકલે હાથે મોટો કરતી. આમ ને આમ દિવસો ચાલ્યા જશે. ક્યારેક કંઈક થશે. સારું કે ખોટું કોણ જાણે ? જીજીનો ભગવાન જાણે. નીલાંબરાને એકએક આ બધા વિચારોનો થાક લાગ્યો. મનમાં થયું, 'હાશ ! હજી જીજી તો છે ! જીજી બધું જાણે છે. જીજી સમજે છે.'***

બન્ને સ્ત્રીઓ આ વાત પર ખડખડાટ હસી પડી. પણ પછી એક સાથે ગંભીર થઈ ગઈ અને કારની ગતિ સાથે તલ્લીન થઈ ગઈ. થોડી વાર પછી નીલાંબરા બોલી, 'અર્જુનનું કેમ ચાલે છે, જીજી ?'

'શી ખબર ? કહે છે કોઈ દિવસ ? હમણાં તો કંઈક પ્રદર્શનની વાતો ચાલતી હોય છે એના ભાઈબંધો જોડે.'

'તો તો કમાશે.'

'તને ક્યાં એનો પૈસો ખપે છે, નીલી ?'

'જુઓ જીજી ,ફરી પાછી એની એ વાત ?'

'સૉરી ! આ તો... આવી મોટી મોટી સ્કૂલોના ખર્ચા...તું એકલી કેવી રીતે પહોંચી વળતી હોઈશ, એની ચિંતા થાય કોઈ વખત.'

'ન કરવી.'

'વારુ.'

પણ બન્ને જણા સમજતાં હતાં. બેચાર શબ્દોના બંધ બાંધ્યાથી મનમાં ઊછળતા બેચેની અને ચિંતાના ઓઘ અટકી જવાના નથી. શા માટે ? શા માટે ? આવું બધું અર્જુન અને નીલીના જીવનમાં જ બનવું જોઈતું હતું ? કોઈએ પરાણે તો પરણાવ્યાં નહોતાં. પહેલાં પહેલાં તો એકબીજાના સાથ વિના મોંમાં કોળિયો મુકાતો નહોતો. અમન ત્રણેક વર્ષનો થયો ત્યાર લગી તો અર્જુનનો ફોટોગ્રાફીનો શોખ પણ નીલી અને અર્જુનના આનંદમાં છોગું ચડાવતો હતો. પછી કોને ખબર શું થયું કે જિંદગી સપનાંની જેમ વિખેરાઈ ગઈ. શોખમાંથી ધૂન, ધૂનમાંથી લગભગ પાગલપણું... હાસ્તો, બીજું શું ? વ્યવસ્થિત કામકાજ અને આવક પ્રત્યેની બેદરકારી તો સમજ્યા, પણ કોઈની સાથે બોલતાંયે જોર પડતું હોય એવું વર્તન... અંતરંગ મિત્રો ખસી ગયા, સગાંવહાલાંએ સંબંધ છોડ્યાં, બાકી રહ્યાં હતાં માત્ર જીજી અને નીલાંબરા. જીજીની પણ ઉંમર થઈ હતી ને નીલાંબરાથી તો પોતે સ્વેચ્છાએ જ લગ્નબંધનમાંથી છૂટો થઈ ગયો હતો.

અમન હજી નાનો હતો. કોઈ અખબારોમાં અર્જુનનો ફોટો આવે ત્યારે ગૌરવથી કહેતો,

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

'હી'ઝ માય ડેડ !'

'ઓહ, રીઅલી ?' મિત્રો આંખો પહોળી કરીને પૂછતા ને કોઈ વાર કહી પણ નાખતા, 'હાઉ કમ, હી નેવર કમ્સ !'

'હી ઈઝ વેરી બિઝી.' અમન કહી દેતો અને માનતો પણ. પરંતુ એક દિવસ તો એ મોટો થશે.પૂછવા જેવા પ્રશ્નો પૂછશે–કદાચ એના માતાપિતા વિશે ગંભીરતાથી વિચારશે અને–

'ઠીક, આખરે સચ્ચાઈ તો એની સામે આવવાની જ છે ક્યારેક !' નીલાંબરા વિચારતી અને અનિવાર્ય ભાવિ તરફ મનની આંખો મીંચી દેતી. નોકરી કરતી, કમાતી, અમનને સારી રીતે એકલે હાથે મોટો કરતી. આમ ને આમ દિવસો ચાલ્યા જશે. ક્યારેક કંઈક થશે. સારું કે ખોટું કોણ જાણે ? જીજીનો ભગવાન જાણે. નીલાંબરાને એકએક આ બધા વિચારોનો થાક લાગ્યો. મનમાં થયું, 'હાશ ! હજી જીજી તો છે ! જીજી બધું જાણે છે. જીજી સમજે છે.'

ઓચિંતી બ્રેક મારીને એણે કાર ઊભી રાખી.

'અરે નીલી ! અહીંયાં ક્યાં ?'

'હું લઈ જાઉં ત્યાં... મને ભૂખ લાગી છે.'

જીજીને જાળવીને ઉતારીને મજબૂતીથી એમનો હાથ પકડી નીલાંબરા ઝાકઝમાળ હોટલના પ્રવેશદ્વાર લગી પહોંચી ગઈ. એ પળે કદાચ ત્યાં જ જવાની જરૂર હતી એ બન્ને સ્ત્રીઓને.

✷ ✷ ✷

**ખુશખબર...ખુશખબર...ખુશખબર...**

બોટાદના પ્રખ્યાત **K.C.** બ્રાન્ડ મસાલા, કાશ્મીરી મરચું, રેશમપટ્ટી, હળદર, ધાણાજીરું, આખું જીરું, રાઈ બારે માસ ભરવા માટે મળશે.
સ્પે. માવા પેંડા, ખારી શીંગ, ખાખરા દરેક વેરાયટીમાં મળશે.

**સંપર્ક :**
**રાજુભાઈ શાહ (જાળીલાવાલા)**
9820765563 / 8080599981
(Advt.)

# મારી કથા...



જુઓ ત્યાં એક બારી છે.
બારી પાછળ નારી છે,
બારીને સળિયા છે,
તે, નારીને જન્મજાત મળિયા છે.

**મારી કથા...**

હવે હું થાકી છું,
હવે બસ થયું હાઉસવાઈફનું લેબલ...
કારણ કે હવે હું સમજી છું કે,
મને અગર રજા જોઈએ છે તો નોકરી બહાર કરું,
કામ ઘરમાં નહીં ઑફિસમાં કરું...
વગર પગારે બધાના રૂઆબ ઉઠાવું છું,
આટલા બધા બોસ કરતાં તો એક જ નોકરી કરું...

હું સ્વતંત્ર રહીશ,
રજા પણ મળશે,
અને ઘરમાં રૂઆબ પણ રહેશે...
મહત્વાકાંક્ષી લોકો રોટલી બનાવે નહીં પણ કમાય,
દિવસભર બાઈની જેમ ઘરકામ કરનારી,
સ્વયં માટે સજવા સંવરવાનું ભૂલાવી દેનારી,
મારી પર તો કામવાળી પણ રૂઆબ કરે,
છુટ્ટી પણ લે,
અને ઢંગધડા વગરના કામના પૈસા પણ લે...
પણ હું...?

હું શું કરું ?
કોઈ એક્સક્યુઝ જ નહીં,
કોઈ વખાણ નહીં,
કોઈ ગણના નહીં,
અને
વળી મારી પાસેથી બધાની અપેક્ષાઓનો તો અંત નહીં,
હું છું જ શું ???
એક સાધારણ હાઉસ વાઈફ...
હા, મારી પણ કમજોરીઓ છે...

હું ઘરમાં બધા પર હુકમની જગ્યાએ આજીજી કરું છું...
વઢવાને બદલે નારાજ થાઉં છું,
મારી ઉપર ગુસ્સો કરનારને દરવાજો દેખાડવાને બદલે મનાવું છું...
નોકરી કરીને, પોતાને સજાવી સંવારીને જીવવું,
બહાર નીકળી દુનિયામાં પોતાનું વજૂદ બનાવું સહેલું છે,
પણ પોતાને મિટાવીને પોતાનાને પોતાના બનાવી રાખવા સહેલા નથી,
અગર હું ઘર મેનેજ ના કરું ઘર વીખાઈ જાય,
આદત મેં જ બગાડી છે બધાની,
જૂતા, કપડા, ચોપડા, વાસણ પછાડે છે બધા...
અને
ચૂપચાપ હું બધું સમેટું છું...
પતિ મદદ કરે ત્યારે હું એને મારો પતિ જ બનાવી રાખવા માગું છું,
પત્નીનો ગુલામ બને એ મને મંજૂર નથી...
બસ એક જ અપેક્ષા છે મારી
થાકી હું પણ જાઉં છું,
કંટાળી પણ જાઉં છું,
બસ કોઈ વાર ગુસ્સો કરી દઉં,
કડવા બે વેણ કહી દઉં,
તો
સહી લેજો મને પણ
જેમ રોજ હું તમને બધાને સહું છું...
યાદ રાખજો,
હું હાઉસ વાઈફ નહીં હાઉસ મેકર છું... ✷ ✷

*વહાલ વરસાવતું એકાદ સગપણ મળી આવે !*
*લીમડાનાં વૃક્ષમાં ક્યાંક ગળપણ મળી આવે !*
*ચીંથરેહાલ નોટોનો શું ભરોસો ફાટી પણ જાય !*
*પરચૂરણને પ્રેમ કરતું એ બચપણ મળી આવે !*


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# જૈન આચાર મીમાંસા



□ ચંદ્રહાસ ત્રિવેદી

## અપૂર્વ શાંતિ :

જો આપણે વસ્તુના ઊંડાણમાં જઈને સ્વસ્થતાથી વિચાર કરીશું તો લાગશે કે આપણી સમગ્ર પ્રવૃત્તિઓનું આદિ બિંદુ શરીર છે અને તેનું અંતિમ બિંદુ પણ શરીર જ રહે છે. આપણો સંસાર એટલે શરીરદર્શન અને તે અંગે આપણી થનારી પ્રવૃત્તિઓ; પરંતુ શરીર નશ્વર છે તેથી શરીરની સમાપ્તિ સાથે આપણો સંસાર પણ નષ્ટ થઈ જાય છે અને જીવનભર આદરેલી આપણી પ્રવૃત્તિઓ છેવટે વૃથા ઠરે છે. કાયોત્સર્ગની સૌપ્રથમ ચોટ શરીરદર્શન ઉપર છે. એકવાર શરીરથી પરના તત્ત્વ ઉપર આપણી નજર પડે પછી આપણો સમગ્ર સંસાર બદલાઈ જાય છે – જીવન બદલાઈ જાય છે. આ સત્યનું દર્શન કરવા માટે સૌપહેલાં આપણે શરીરથી ઉપર ઊઠવું પડે છે અને તે માટે કાયોત્સર્ગ જાણવો પડે, સમજવો પડે અને કરવો પણ જોઈએ.

જૈન તત્ત્વજ્ઞોએ તેમના આરાધના માર્ગમાં જે ત્રણ ગુપ્તિઓનું ખૂબ મહત્ત્વ આંક્યું છે તે છે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. અરે, આરાધના તો શું પણ સાધુસંતોની દિનચર્યામાં પણ આ ગુપ્તિઓને ખૂબ આવશ્યક ગણવામાં આવી છે. મન, વચન અને કાયાને ગોપવવાનું કાર્ય સહેલું નથી લાગતું પણ એક વખત આપણે જો સજાગ થઈ જઈએ તો પછી તે સહજસાધ્ય બને છે. મન, વચન અને કાયાના યોગોને શાંત કરવા, સ્થિર કરવા, એટલે ગોપવવા – ગુપ્ત રાખવા. આ ગુપ્તિઓને સાધવાનો ક્રમ ઊલટો છે. સૌ પ્રથમ કાયાને સ્થિર રાખવી પડે છે. ત્યાર બાદ વાણીને નિયંત્રિત કરવાની હોય છે. કાયા સ્થિર થતાં વાણીની સ્થિરતા સધાવા લાગે છે. એ બંનેને સ્થિર થતાં તેના વ્યાપારો રૂંધાતાં શ્વાસ મંદ થવા લાગે છે. શ્વાસ એ પ્રાણની જ ધારા છે. એટલે શ્વાસ સ્થિર થતાં મન પણ સ્થિર થવા લાગે છે. મનને સૌથી વધારે વેગ આપનાર જે પ્રાણધારા છે તેને શ્વાસ સાથે સીધો સંબંધ છે. શ્વાસની ગતિ મનની ગતિને દર્શાવનાર બૅરોમિટર કે થર્મોમિટર જેવું છે. શ્વાસ મંદ તો મન મંદ. મનની ગતિ સાથે, આવેગો સાથે શ્વાસની ગતિ વધી જાય છે. મનને જેવો વાણી અને શરીરનો સાથ મળે એટલે વળી આપણા સમગ્ર ચેતના તંત્રને ગતિ મળી જાય છે અને બધું અસ્થિર થઈ જાય છે. મન, વચન અને કાયાની સ્થિરતાનો માપદંડ શ્વાસની સ્થિરતા, લયબદ્ધતા અને ગતિમાં છે. શ્વાસ દીર્ઘ અને ઊંડો થાય એટલે મનના તરંગો શાંત થવા લાગે છે. આ આખું વિજ્ઞાન છે. તેને શરીરશાસ્ત્ર અને મનોવિજ્ઞાન બંનેનો આધાર મળેલો છે.

કાયોત્સર્ગનું પ્રથમ ચરણ એટલે ત્રણેય ગુપ્તિઓની સાધના.આ પ્રથમ ચરણમાં જ શરીર સ્થિર, મન સ્થિર, વચન મૂક અને શ્વાસ દીર્ઘ તેમ જ અલ્પ થવા લાગે. પ્રથમ પગલે જ આપણા સમગ્ર ચેતનાતંત્રની ચંચળતાનો ચક્રવ્યૂહ તૂટવા લાગે છે. શરીર શાંત, વાણી શાંત, મન શાંત શ્વાસ શાંત – ચારેય ગતિશીલ તત્ત્વો શાંત. આમ આપણને દોડાવનાર, ભડકાવનાર આ ચારેય તત્ત્વો શાંત થઈ જતાં આપોઆપ અંદરનો માર્ગ મોકળો થવા લાગે છે. શાંતિના સમુદ્રમાં જાણે આપણે ડૂબકી મારીને ઊંડે ઊંડે ઊતરવા લાગીએ છીએ અને જીવનમાં ક્યારેય અનુભવી ન હોય એવી શાંતિનો આપણને અનુભવ થાય છે. આપણા શરીરનો અણુયે અણુ તો શાંતિ અનુભવવા લાગે છે, પણ આપણું અંતર પણ કોઈ અભૂતપૂર્વ શાંતિનો સાક્ષાત્કાર કરવા લાગે છે. આધ્યાત્મિક પ્રગતિ માટે આ પરિસ્થિતિ ખૂબ આવશ્યક છે.વળી તેનાથી શારીરિક સ્વસ્થતા પણ મળે છે. આપણા શરીરતંત્રમાં પછી ક્યાંય કોઈ તાણ રહેતી નથી – ત્યાં તનાવથી ઊભા થતા રોગો તો ક્યાંથી રહે ? આની અસર આપણા પરસ્પરના સંબંધો ઉપર પણ પડે છે અને તેય મીઠાશવાળા બને છે.

*આરાધનાની ચરમ સીમા સમાધિમૃત્યુમાં રહેલી છે. જ્યારે મન શાંત, સ્વસ્થ અને ભયવિહોણું સ્થિર થઈ ગયું હોય છે ત્યારે ચૈતન્ય પોતાના સ્વરૂપમાં રમણ કરતું હોય છે. આવું મૃત્યુ કાયોત્સર્ગની એક કે બીજા પ્રકારે સાધના કર્યા વિના આવવું મુશ્કેલ છે.*

x x x

**શક્તિસંચય :**

કાયોત્સર્ગનો એક મોટામાં મોટો લાભ શક્તિસંચયનો છે. મન, વચન અને કાયાના ઉપયોગો હંમેશાં ચાલુ જ રહે છે. અને દરેક ઉપયોગમાં આપણા શરીરની અમૂલ્ય પ્રાણશક્તિ વપરાય છે. આપણું જીવન પ્રાણથી રક્ષાયેલું છે અને પ્રાણ જતાં શરીર નિશ્ચેતન થઈને પડ્યું રહે છે. આપણા શરીરમાં પ્રાણશક્તિ દસ ધારાઓમાં વહેંચાઈને વહે છે અને તેનાથી આપણી દરેક માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિનું સંચાલન થાય છે. દરેક પ્રવૃત્તિ સાથે આપણી પ્રાણશક્તિ ખર્ચાય છે અને દરેક સમયે આપણે નવી પ્રાણશક્તિ – ઊર્જા મેળવતા રહેવું પડે છે. આમ પ્રાણશક્તિનો ચય-વિચય ચાલુ જ રહે છે. મિથ્યા આહાર–વિહાર અને વૃદ્ધાવસ્થા સાથે આપણે વધારે પ્રાણશક્તિ ગુમાવીએ છીએ અને ઓછા પ્રમાણમાં પુન: પ્રાપ્ત કરીએ છીએ. તેથી તો આપણી ઇન્દ્રિયોની શક્તિઓનો કાળે કરીને નાશ થતો રહે છે. આપણા દરેક વિચાર સાથે, દરેક શબ્દ સાથે, દરેક હલનચલન સાથે પ્રાણશક્તિ બહાર વહી જાય છે. જ્યારે આપણે કાયોત્સર્ગ સાધીએ છીએ ત્યારે મન, વચન અને કાયાના યોગો સ્થિર થઈ જાય છે. તેથી આપણી પ્રાણશક્તિ ઓછામાં ઓછી વપરાય છે. કાયોત્સર્ગ દરમિયાન આપણે અંતર્મુખ થઈએ છીએ તેથી સતત બહાર વહેતી પ્રાણધારા અંદર તરફ વહે છે. આમ કાયોત્સર્ગ દરમિયાન પ્રાણશક્તિનો

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

સંચય થાય છે એટલું જ નહીં પણ પ્રાણધારા અંદર વહેતાં આપણા શરીરની અને ચિત્તની પણ શુદ્ધિ થાય છે. બહાર વહેતી પ્રાણધારા હલચલ મચાવતી હોય છે. જ્યારે અંતર્મુખ થઈને વહેતી પ્રાણધારા આપણી આંતરિક શક્તિઓને પુષ્ટ કરે છે. તેથી કાયોત્સર્ગ કર્યા પછી કોઈ અપૂર્વ તાજગીનો અનુભવ થવા લાગે છે. આમ કાયોત્સર્ગ શરીર અને મન બંનેનું સ્વાસ્થ્ય આપનાર નીવડે છે.

x x x

**અભયનો દાતા :**

કાયોત્સર્ગની મોટામાં મોટી ઉપલબ્ધિ અભયની પ્રાપ્તિમાં રહેલી છે. આ સંસારમાં કોણ એવું છે કે જે ભયથી સંતપ્ત નહીં હોય ? કોઈને આયુષ્યનો ભય તો કોઈને રોગનો ભય. કોઈને અકસ્માતનો ભય તો કોઈને આજીવિકાનો ભય. કેટલાક આલોકના ભયથી તો કેટલાક પરલોકના ભયથી પીડાતા હોય છે. આ બધા ભયોનું કેન્દ્ર શરીર છે અને શરીર સાથેનું ચેતનાનું તાદાત્મ્ય છે. ભલે આપણે પોપટની જેમ રટણ કર્યા કરીએ કે હું આત્મા છું – શરીર નથી; પણ તે વાત આપણાને આત્મસાત્ નથી હોતી તેથી સંકટ સમયે આપણે ભયગ્રસ્ત થવાના જ. ભાતભાતના ભયોથી ભરેલી દુનિયામાં અભય આપનાર કોઈ હોય તો તે કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગમાં કાયાનો ઉત્કર્ષ થાય છે. જેટલો ઉત્સર્ગ પ્રબળ અને અસરકારક તેટલો ભય ઓછો થવાનો.

આપણી આરાધનાની કોઈ પણ ક્રિયા કાયોત્સર્ગની સમકક્ષ ઊભી રહી શકે તેવી નથી. કાયોત્સર્ગ અનુપમ સાધના છે જે સિદ્ધિની ઘણી નજીક થઈ જાય છે. જ્યાં એવી પ્રતીતિ થઈ ગઈ કે હું કાયા નથી ત્યાં કાયા સાથે જોડાયેલા કોઈ પણ વ્યાપારની તાકાત નથી કે તે તમને ગભરાવી શકે કે ડરાવી શકે.

અકસ્માત કોને ? મૃત્યુ કોનું થવાનું ? રોગ કે વૃદ્ધાવસ્થા કોને થાય છે ? અપકીર્તિ કોની ? આ બધી વાતો શરીર સાથે સંલગ્ન છે. જેવું શરીર છૂટી ગયું કે એમાંની એક પણ વાત આપણને સ્પર્શી શકતી નથી અને આપણે તેની સાથે નિસબત રહેતી નથી. તેથી તો રોગોથી–અપકીર્તિથી વગેરે બાબતોથી છૂટવા માટે લોકો આપઘાત કરે છે. આપઘાત એટલે ચેતનાને બળજબરીથી શરીરથી છૂટી પાડવી. કાયોત્સર્ગમાં આ ક્રિયા સ્વેચ્છાએ સરળતાથી આત્મસૂચન દ્વારા આપણે પોતે જ કરીએ છીએ તેથી તે કષ્ટપ્રદ નથી રહેતી. વળી આપણી એવી ક્ષમતા જ નથી કે આપણે એ રીતે કાયોત્સર્ગ સંપૂર્ણતયા સાધી શકીએ. તેથી તો કાયોત્સર્ગ દરમિયાન પણ આપણી કાયા અને ચેતના વચ્ચેનો સૂક્ષ્મ સંબંધ જળવાયેલો રહે છે જે કાયોત્સર્ગ પૂરો કર્યા પછી પુનઃસ્થાપિત થઈ જાય છે. છતાંય કાયોત્સર્ગ દરમિયાન આપણને જે અનુભૂતિ થઈ હોય છે તે આપણને ખૂબ બળ આપનાર નીવડે છે. આમ કાયોત્સર્ગ અભયનો આપનાર છે.

x x x

**સમસ્યાનું સમાધાન :**

કાયોત્સર્ગ આલોક અને પરલોક બંનેને માટે કલ્યાણકારક છે. કાયોત્સર્ગમાં એવી વાત નથી કે તેનું ફળ પરલોકમાં મળશે અને અહીં તો તમારે જે આવી પડે તે વેઠવાનું. કાયોત્સર્ગ આલોક અને પરલોક બંને માટે અત્યંત ઉપકારક છે. આપણા જીવનની અનેક સમસ્યાઓ ડગલે અને પગલે આપણને સતાવે છે અને તેને હલ કરવામાં ક્યાંક થાપ ખાઈ ગયા તો આપણે જીવનભર તેનાં પરિણામો વેઠવાં પડે છે. આપણી સમસ્યાઓના મૂળમાં આપણો સ્વભાવ અને સમસ્યાઓને સ્પષ્ટ રીતે જોવાની આપણી અશક્તિ છે. સમસ્યાને જોવાની જ જ્યાં વાત ન હોય ત્યાં તેને સમજીને તેનું નિરાકરણ કરવાની વાત તો ક્યાંય દૂર રહી જાય છે.

ઊકળતા પાણીના ચરુની જેમ આપણે હંમેશાં જુદા જુદા આવેગોથી ખળભળતા હોઈએ છીએ. ક્યાંક ગુસ્સામાં તો ક્યાંક કોઈનું પડાવી લેવાની વાતમાં. ક્યાંક અભિમાનથી પીડાતા હોઈએ છીએ તો ક્યાંક આપણે માનેલા ઇષ્ટની પ્રાપ્તિ માટે માયાની – કપટની જાળ બિછાવતા હોઈએ છીએ. ક્યાંક વેરની આગ સળગતી હોય છે તો ક્યાંક કોઈને મારવાના, તેનું નિકંદન કાઢવાના વિચારો ચાલતા હોય છે. ઘણી વાર તો કામ અને વાસનાઓના તરંગોને ઝોલે ચડીને આપણે અથડાતા–કૂટાતા હોઈએ છીએ. આ બધા આવેગોનાં મોજાં આમ સતત ઊછળતાં જ હોય ત્યાં મૂળ સમસ્યા જોવાય જ ક્યાંથી અને સમજાય જ કેવી રીતે ? પછી તેના સમાધાનની વાત દૂર રહી જાય એમાં આશ્ચર્ય નથી.

કાયોત્સર્ગમાં મન, વચન અને કાયાના યોગો અલ્પ થઈ જતાં બધું શાંત થઈ જાય છે. શરીરની સક્રિયતા મટી જતાં, મનનાં તરંગો શમી જતાં આપણે આપણા પોતાના તળમાં પડેલી વસ્તુઓને સ્પષ્ટ જોઈ શકીએ છીએ – તેનું સ્વરૂપ આપણે સમજી શકીએ છીએ. એક વખત સમસ્યા બરોબર સમજાઈ જાય પછી તેનું સમાધાન દૂર ન રહે. વૃત્તિઓના નિરીક્ષણ અને તેના પરિવર્તન માટે કાયોત્સર્ગ ખૂબ આવશ્યક છે. આપણા પુરુષાર્થની દિશા નક્કી કરવા માટે અને જીવનનું તટસ્થ મૂલ્યાંકન કરવા માટે કાયોત્સર્ગ ખૂબ સહાયભૂત નીવડે છે. સંપૂર્ણ કાયોત્સર્ગમાં ઊતરતા પહેલાંની આ ભૂમિકા છે અને તે માટે ખાસ પ્રયાસ પણ કરવો પડતો નથી. કાયોત્સર્ગ સધાતાં આપણે અવચેતન તો શું પણ અચેતન મનનાં ઊંડાણો સુધી પહોંચી શકીએ છીએ જ્યાં આપણી સમસ્યાઓનું મૂળ કારણ રહેલું હોય છે.

કાયોત્સર્ગથી આપણી વિવેક ચેતના જાગે છે. બુદ્ધિ નિર્મળ થાય છે. ચિત્ત શુદ્ધ થાય છે. ત્યાર પછી નીર અને ક્ષીરનો ભેદ આપણને સરળતાથી સમજાય છે. તેથી પુરુષાર્થનો યોગ્ય દિશાબોધ થાય છે. આમ કાયોત્સર્ગ વર્તમાન સમસ્યાઓના સમાધાન માટેની આપણી ક્ષમતામાં ઘણો વધારો કરી આપે છે.

x x x

**વ્યુત્સર્ગ ચેતના :**

કાયોત્સર્ગની મારે મન જો કોઈ મોટામાં મોટી ઉપલબ્ધિ હોય તો તે વ્યુત્સર્ગ ચેતનાનું જાગરણ. જન્મથી જ આપણને લેવાની – મેળવવાની, કંઈક પોતાનું કરી લેવાના સંસ્કાર પ્રાપ્ત થયેલા હોય છે. આ ગાઢ સંસ્કારોને 'સંજ્ઞા' તરીકે ઓળખવામાં આવે છે. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે પણ


Digitalised By ITDESK SOLUTIONS LLP

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓ – ગાઢ સંસ્કારો સાથે લઈને જ જાય છે. આ સંસ્કારો જીવની સાથે જોડાયેલા સૂક્ષ્મતમ દેહ – કર્મશરીર સાથે ઓતપ્રોત થઈ ગયા હોય છે. જીવ પોતાની જીવાયોનિમાં જતાં જ સૌપ્રથમ ગર્ભમાં પરમાણુઓ ગ્રહણ કરવા માંડે છે અને તેનાથી તે પોતાનું શરીર બનાવે છે. આ શરીરની રચના જીવ પોતાના કર્મ અનુસાર કરે છે. આ પ્રક્રિયા માટે પારિભાષિક શબ્દ 'આહાર સંજ્ઞા' વાપરવામાં આવે છે. એમાં ખાવાની વાત નથી, પણ કોઈ પણ સ્વરૂપે પદાર્થના પરમાણુઓ ગ્રહણ કરવાની જીવની શક્તિ અને વૃત્તિની વાત છે. બાળક જન્મતાંની સાથે દૂધ લેવા માંડે છે તે પણ આહારસંજ્ઞાનો જ એક ભાગ છે. નાના બાળકને પણ મોટો અવાજ સાંભળતાં ભય લાગે છે. મૈથુન કોઈને શીખવાડવું પડતું નથી. બાળક, યુવાન કે વૃદ્ધ સૌ કોઈ મનગમતી વસ્તુનો પરિગ્રહ કરે છે. નાનું બાળક પણ ઝટ દઈને રમકડાને પકડી લે છે અને છોડતું નથી. આમ આ બધી સંજ્ઞાઓમાં ગ્રહણ કરવાનો, મેળવવાનો અને તેમ કરીને રાજી થવાનો ભાવ રહેલો છે. જ્યાં સુધી જીવ પુદ્ગલ – પદાર્થના પરમાણુ સાથે તાદાત્મ્ય નથી અનુભવતો ત્યાં સુધી તેને આનંદ થતો નથી; બાકી વાસ્તવિકતામાં જડ પદાર્થની શું તાકાત છે કે તે ચૈતન્યને સુખ કે દુઃખ આપી શકે? દેહ પણ જીવનો પરિગ્રહ છે અને તેની આસપાસ બધી જંજાળ ઊભી થયેલી છે.

કાયોત્સર્ગની મહત્તા વ્યુત્સર્ગ ચેતના જગાવવામાં રહેલી છે. કાયોત્સર્ગ પોતાના પ્રથમ જ ચરણમાં મન-વચન-કાયા બધાને સ્થિર કરી, શાંત પ્રશાંત કરી છોડવાનો અભિગમ અપનાવે છે. જીવ જન્મજન્માંતરથી ગ્રહણ કરતો આવ્યો છે, લેતો આવ્યો છે અને જેનાથી તે ક્યારેય ધરાયો નથી પણ ઊલટાનો તે તેનાથી અસ્વસ્થ જ બન્યો છે. જ્યારે કાયોત્સર્ગમાં કાયાને છોડવાની વાત છે. ત્યાં પછી આહાર-પાણી-વસ્ત્ર એવાં બધાંની તો વાત જ ક્યાં રહી? ત્યાં તો પછી સગાંસંબંધી મિત્રો વગેરેને પણ સ્થાન નથી રહેતું. આ બધાં દેહને વીંટળાઈને રહ્યાં છે. કરોળિયાના જાળાની વચ્ચે જેમ કરોળિયો પોતે રહેલો હોય છે તેમ દેહ પણ પોતાને કેન્દ્રમાં રાખી આ બધી જંજાળ ઊભી કરે છે, પણ જેવી છોડવાની ચેતના જાગી, વ્યુત્સર્ગ ચેતનાનું જાગરણ થયું પછી જગતની કોઈ વાત આપણને રંજાડી શકવા સમર્થ રહેતી નથી.

આરાધનાની ચરમ સીમા સમાધિમૃત્યુમાં રહેલી છે. જ્યારે મન શાંત, સ્વસ્થ અને ભયવિહોણું સ્થિર થઈ ગયું હોય છે ત્યારે ચૈતન્ય પોતાના સ્વરૂપમાં રમણ કરતું હોય છે. આવું મૃત્યુ કાયોત્સર્ગની એક કે બીજા પ્રકારે સાધના કર્યા વિના આવવું મુશ્કેલ છે. જે રોજ ને રોજ કાયોત્સર્ગ કરતો હોય કે તેની નજીક પહોંચી ગયો હોય તેને મૃત્યુ વખતે કંઈ નવું છોડવાનું હોતું નથી. કાયોત્સર્ગના સાધકે જેની તાલીમ લીધી હોય છે, જેનાથી તેણે પોતાના સમગ્ર ચેતના તંત્રને કેળવ્યું છે તે વાત મૃત્યુ સમયે ઉપસ્થિત થાય છે. તેથી તે ગભરાતો નથી કે વિહ્વળ થતો નથી. આવી વ્યક્તિ દેહને કાયમ માટે છોડી દેવા તૈયાર થયેલ જ હોય છે. કારણ કે કાયોત્સર્ગની સાધનાથી તેની વ્યુત્સર્ગ ચેતના જાગી ગયેલી હોય છે.

આમ ચૈતન્યની સભાનતાથી શરૂ થયેલ યાત્રા વ્યુત્સર્ગ ચેતનાના આવિષ્કાર સુધી આવી પહોંચે છે. આપણું જીવન ચૈતન્ય અને દેહ બંનેની ઓતપ્રોત થઈ ગયેલી અવસ્થા છે તેથી કાયોત્સર્ગની સાધનામાં દેહની પણ મહત્તા છે. ચૈતન્ય શરૂઆતમાં દેહને સાધીને પોતાની યાત્રા આરંભ કરે છે પણ પછી તેને ઓળંગી આગળ નીકળી જાય છે. તેથી તો કાયોત્સર્ગ માટે યથાર્થ રીતે કહેવાયું છે–

**કાઉસ્સગ્ગો સવ્વદુક્ખવિમોક્ખણો.**

## જિંદગીભર નિરર્થક બોજ ઉઠાવીને ફરવાથી બચવું જોઈએ

ઓશોની પ્રિય એવી એક કથાનો રસાસ્વાદ માણો.

એક વાર એક સંન્યાસી એક ટ્રેનમાં ચડ્યો. તેના હાથમાં એક મોટી બૅગ હતી. એ બૅગ નીચે મૂકવાને બદલે તેણે પોતાના માથા પર મૂકી રાખી અને તે સીટ પર બેસી ગયો.

તેના એવા વર્તનથી બધા મુસાફરોને નવાઈ લાગી. તેમણે તને પૂછ્યું કે ભલા માણસ આ બૅગ માથા પર શા માટે મૂકી રાખી છે? આ બૅગ નીચે મૂકી દો નહીં તો નાહકનો બોજ ઉપાડીને થાક લાગશે.

માથા પર બૅગ મૂકીને બેઠેલા સંન્યાસીએ કહ્યું, 'હું આ બૅગ નીચે મૂકીશ તો ટ્રેન પર વજન પડશે. ટ્રેન પર એટલો ભાર ઓછો પડે એટલે મેં બૅગ માથા પર મૂકી રાખી છે.'

મુસાફરો આશ્ચર્યચકિત થઈ ગયા. કેટલાક તો હસી પડ્યા. તેમણે તેને કહ્યું, 'તમે પાગલ થઈ ગયા છો કે શું? તમે તમારા માથા પર વજન રાખશો તો પણ એનો બોજ તો ટ્રેન પર જ આવવાનો છે. ટ્રેનને કોઈ ફરક નહીં પડે અને તમારા માથા પર નાહકનો બોજ ખડકાયો છે!'

મુસાફરોની વાત સાંભળીને સંન્યાસી હસવા લાગ્યો. તેણે કહ્યું, 'હું તો એવું માનતો હતો કે તમે બધા સામાન્ય માણસો છો, પણ તમે તો ઉચ્ચ દરજ્જાના સંન્યાસી નીકળ્યા! મેં તો તમને સામાન્ય માણસો ધારીને વજન મારા માથા પર રાખ્યું હતું!'

મુસાફરો કંઈ સમજ્યા નહીં અને બાઘાની જેમ તેની સામે જોઈ રહ્યાં.

તે સંન્યાસીએ કહ્યું, 'મેં તો તમારા બધા પરથી બોધ લઈને માથા પર વજન ઉપાડ્યું તો તમને હસવું આવ્યું. તમે આખી જિંદગી આ રીતે માથા પર વજન ઊંચક્યું છે. તમે માથા પર અનેક પ્રકારનો બોજ લઈને ફરો છો, પણ છેવટે તો તમારો બધો ભાર ઇશ્વર જ ઉપાડી રહ્યો છે, પરંતુ તમે સમજો છો કે તમારો ભાર તમે જાતે ઊંચકી રહ્યા છો. મેં બૅગ માથા પર મૂકી તો તમે કહ્યું કે છેવટે તો બોજ ટ્રેન પર જ આવવાનો છે, પણ તમે માથા પર જિંદગી આખી સંસારનો ભાર લઈને ફરો છો એ નિરર્થક છે એ તમને સમજાતું નથી!' ✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP

# જીવનનો સદુપયોગ કરી જાણ્યો

## પશ્ચિમ બંગાળના પદ્મશ્રી બનેલા સુધાંશુ બિશ્વાસની જીવનકથા



થોડા દિવસો અગાઉ પદ્મશ્રી એવૉર્ડ્સની જાહેરાત થઈ. એમાં જે નામાંકિત વ્યક્તિઓના નામની જાહેરાત થઈ એમના વિશે તો અખબારો અને ટીવી ચેનલોએ ઉછળી ઉછળીને ન્યૂઝ આપ્યા, પણ જેમણે નક્કર કામ કર્યું છે, કેટલાય દાયકાઓ દરમિયાન લાખો લોકોના જીવનમાં યોગદાન આપ્યું છે એવી કેટલીક વ્યક્તિઓને પણ પદ્મશ્રી એવૉર્ડ્સ મળ્યા છે એના વિશે ન્યૂઝ આપવામાં મોટા ભાગના અખબારો અને ટીવી ચેનલોને રસ પડ્યો નહીં. આવી એક વ્યક્તિ એટલે સ્વાતંત્ર્યસેનાની સમાજસેવક સુધાંશુ બિશ્વાસ.

સુધાંશુ બિશ્વાસ સ્વાતંત્ર્યસેનાની હતા અને તેઓ વિવેકાનંદ સ્વામીની ફિલોસોફીમાં શ્રદ્ધા રાખતા હતા. તેઓ અંગ્રેજો સામેની લડતને કારણે અનેક વાર જેલમાં પણ ગયા હતા. દેશ આઝાદ થયો એ પછી તેમના જીવનમાં મોટો વળાંક આવ્યો. તેઓ હિમાલયમાં ચાલ્યા ગયા. તેમણે હિમાલયમાં દોઢ દાયકો વિતાવ્યો અને એ દરમિયાન તેઓ ઘણા આધ્યાત્મિક ગુરુઓને મળ્યા.

આધ્યાત્મિક ગુરુઓ સાથેના સહવાસ અને તેમની સાથેના વાર્તાલાપોના અંતે તેમને સમજાયું કે સમાજને પ્રદાન તો સમાજના ગરીબ, કચડાયેલા અને સૌથી પછાત વર્ગના લોકો માટે કરવામાં આવે છે. એટલે તેઓ સાઠના દાયકાના અંતમાં કોલકાતા પહોંચીને ગરીબોની સેવા કરવા લાગ્યા.

એ પછી એમણે ૧૯૭૩માં મિત્રોની સહાયથી પશ્ચિમ બંગાળના ૨૪ પરગણા જિલ્લાના હેડક્વાર્ટર બારુઈપુરમાં બે આશ્રમ શરૂ કર્યા.જોકે તેમને એટલાથી સંતોષ ન થયો એટલે તેઓ સુન્દરવનના અંતરિયાળ વિસ્તારોમાં પહોંચી ગયા. ત્યાં તેમણે ગરીબ બાળકો માટે ચેરિટેબલ સ્કૂલ શરૂ કરી.

૧૯૯૬ સુધીમાં સુધાંશુ બિશ્વાસ ૨૦ ચેરિટેબલ સ્કૂલ શરૂ કરી ચૂક્યા હતા.એ ઉપરાત તેમણે એક બાળાશ્રમ શરૂ કર્યો છે, એક વૃદ્ધાશ્રમ શરૂ કર્યો છે અને એક ડિસ્પન્સરી પણ શરૂ કરી છે.

અત્યારે ૯૯ વર્ષની ઉંમરે પહોંચેલા સુધાંશુ બિશ્વાસનું હજી પણ એક સપનું છે. તેઓ એક અનોખું મંદિર બનાવવા માગે છે જ્યાં બધા ધર્મોના લોકો આવી શકે અને ધર્મોના તહેવારોની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે.

આવા અનોખા માનવી સુધાંશુ બિશ્વાસને પદ્મશ્રી એવૉર્ડ્સથી નવાજવામાં આવ્યા. મોટા ભાગના લોકો બીબાંઢાળ જિંદગી જીવી જતા હોય છે. સુધાંશુ બિશ્વાસ જેવા માણસો અપવાદરૂપ હોય છે જે જીવનનો સદુપયોગ કરી જતા હોય છે.

✷ ✷ ✷

## તમે સમાજ માટે કેટલાં અનુકરણીય કામ કર્યાં

શ્રીકૃષ્ણ અને અર્જુન ફરવા નીકળ્યા હતા ત્યારે તેમને એક ગરીબ બ્રાહ્મણ મળ્યો અને અર્જુને તેના પર દયા વ્યક્ત કરતા તેને સોનાના સિક્કા ભરેલી થેલી આપી દીધી, જે ચોરી થઈ ગઈ. જ્યારે બંનેએ તેને ફરીથી ભીખ માગતા જોયો તો અર્જુને તેને એક રત્ન આપ્યું. બ્રાહ્મણે ઘેર જઈને માટીના વાસણમાં તેને સંતાડી દીધું. નદી કિનારે પાણી ભરવા જતી પત્ની એ જ ઘડો લઈ ગઈ અને પાણી ભરતી વખતે ઘડામાં રહેલું રત્ન નદીમાં પડી ગયું. બ્રાહ્મણ નસીબને દોષ આપતો ફરી ભીખ માગવા લાગ્યો. આ વખતે શ્રીકૃષ્ણએ તેને કંઈક નજીવું દાન આપ્યું. અર્જુનની ઉદારતાની સરખામણીએ શ્રીકૃષ્ણનું આ તુચ્છ દાન જોઈને બ્રાહ્મણ આશ્ચર્યચકિત થઈ ગયો. ઘરે પાછા ફરતી વખતે તેણે જોયું કે, માછીમારે પકડેલી માછલી જિંદગી બચાવવા છટપટે છે. તેને દયા આવી અને મળેલા દાનના બદલામાં તેણે માછલી ખરીદી લીધી અને પોતાના ભિક્ષાપાત્રમાં નાખી તેમાં પાણી ભરી દીધું. તેણે જોયું કે, માછલીએ મોઢામાંથી કીમતી રત્ન કાઢ્યું, જે અર્જુને આપ્યું હતું. ખુશીથી પાગલ બ્રાહ્મણ રાડો પાડવા માંડ્યો, 'મળી ગયું, મળી ગયું'. એ સમયે સોનાની થેલીનો ચોર બાજુમાં જ હતો, તેને થયું બ્રાહ્મણે તેને ઓળખી લીધો છે. એટલે ગભરાઈને તેણે બ્રાહ્મણને તેના ચોરેલા સિક્કા પાછા આપી દીધા. અર્જુને પૂછ્યું ત્યારે કૃષ્ણએ કહ્યું કે, 'બંને વાર જ્યારે તેને કીમતી વસ્તુઓ આપી ત્યારે તે માત્ર પોતાનું સુખ જોતો હતો, જ્યારે મેં તેને આપ્યું ત્યારે તેણે બીજાની તકલીફ વિશે વિચાર્યું.'

મને આ વાર્તા ત્યારે યાદ આવી જ્યારે મને ગુરુવાયુર સ્થિત સામાજિક કાર્યકર્તા ઉમા પ્રેમનના વિશે જાણકારી મળી, જે કેરળના અટ્ટાપડી આદિવાસી ક્ષેત્રની સરકારી સ્કૂલોમાં મેન્સ્ટ્રુઅલ હાઈજીન અંગે અનોખી યોજના ચલાવી રહી છે. 'પિન્ક ટોઈલેટ' નામની આ પહેલ અંતર્ગત કિશોરીઓ માટે ખાસ ટોઈલેટ બનાવવામાં આવ્યાં છે, જેમાં સાબુ તથા પાણી ઉપરાંત નિઃશુલ્ક સેનેટરી નેપકીન ઉપલબ્ધ છે. આ પહેલની પ્રશંસા કરતાં વિદ્યાર્થિનીઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આ યોજના દેશભરમાં શરૂ કરવા કહ્યું છે. ગત ઑક્ટોબરમાં કેન્દ્રીય આવાસ તથા શહેરી બાબતોના અંડર સેક્રેટરી ગોપાલ ઝાએ દરેક રાજ્ય તથા કેન્દ્ર શાસિત પ્રદેશની સ્વચ્છ ભારત મિશન માટે આદેશ જાહેર કર્યો કે તે સ્કૂલોમાં 'પિન્ક ટોઈલેટ' બનાવવાની પ્રક્રિયા શરૂ કરે.

જો ઊંચા હોદ્દે બેઠેલી વ્યક્તિઓ તમામ કાર્યોનું અનુસરણ કરે છે, તો ચોક્કસપણે તમે અનુકરણીય વ્યક્તિ છે. ✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP



## મહાત્મા વિદુરનાં અણમોલ વચનો

૧ જેનું ચારિત્ર્ય સારું છે, તેના માટે આખી દુનિયા પરિવાર છે.

૨ છળકપટ કરનાર, કદી રાજા બની શકતો નથી.

૩ જે સૌનું કલ્યાણ ઇચ્છે છે, તે સૌથી મહાન છે.

૪ જ્યાં જ્યાં જુગાર રમાય છે, ત્યાં લક્ષ્મીનો અભાવ રહે છે.

૫ સ્વામીએ સેવક ઉપર અને સ્વામી ઉપર સેવકે કદી અવિશ્વાસ ન કરવો.

૬ વિનય અને વિવેક, અપયશનો તત્કાલ વિનાશ કરે છે.

૭ સુખ માટે ક્યારેય, ધર્મનો ત્યાગ કરશો નહિ.

૮ બુદ્ધિમાન અહીં ગરીબ રહી જાય છે અને મૂર્ખ ધનવાન બની જાય છે.

૯ ક્ષમા કદી પણ ક્યારેય કોઈનું અકલ્યાણ કરતી નથી.

૧૦ અગ્નિ, સ્ત્રી, દેવી, દેવતા, ગુરુ અને મા-બાપનું કદી અપમાન કરશો નહિ.

૧૧ રાજાએ ક્યારેય પણ પોતાના રાજ્યના નોકરોનો પગાર રોકવો નહિ.

૧૨ રાજા, વિધવા, સૈનિક, લોભી, અતિ દયાળુ, અતિ ઉડાઉ અને અંગત મિત્ર–આ સાત સાથે નાણાંની લેવડ-દેવડ કરવી નહિ.

૧૩ આળસુ, ખાઉધરો, અળખામણો, ધૂર્ત, ચાલાક, ક્રોધી અને વિચિત્ર વેશધારી– આ સાતને ક્યારેય પોતાના ઘેર ઉતારો આપવો નહિ.

૧૪ તપ, દમ, અધ્યયન, યજ્ઞ, દાન, સદાચાર અને પવિત્ર વિવાહ–આ ગુણો જે કુળમાં હોય છે તે શ્રેષ્ઠ કુળ કહેવાય છે.

૧૫ રાજા, વિદ્વાન, વૃદ્ધ, બાળક, અપંગ અને મા-બાપ–આ સાત ઉપર ગુસ્સો કરનાર સામેથી પીડા વહોરી લે છે.

૧૬ ધીરજ, પુરુષાર્થ, પવિત્રતા, દયા, મધુરવાણી, મનોનિગ્રહ અને નિરોગી શરીર–આ સાત ગુણો હંમેશાં ધનસંપત્તિ વધારે છે.

૧૭ જે ધનવાન છે, પણ ગુણવાન નથી, તેની સોબત કદી ન કરવી.

૧૮ સતત પુરુષાર્થ કરનારને જ બધાં પ્રારબ્ધ સતત સાથ આપે છે.

૧૯ અહીં 'સીધા' માણસને બધાં જ હેરાન કરે છે – માટે બહુ સરળ ન થવું.

૨૦ 'જે થવાનું હતું તે થઈ ગયું' – તેને ભૂલી જઈ વર્તમાનમાં જીવો.

૨૧ બધાં ઉપર પ્રેમ રાખો, પણ વિશ્વાસ કદી નહિ.

૨૨ જે કદી પણ ક્રોધ કરતો જ નથી, તે પુરુષ યોગી છે.

૨૩ આમંત્રણ સિવાય ક્યારેય પારકા ઘરે જવું નહિ.

૨૪ ધર્મનું આચરણ કરી, નીતિપૂર્વક કમાણી કરવી, એ પણ એક પરમસિદ્ધિ છે.

૨૫ ઘરની તમામ મહિલાઓની રક્ષા કરવી, એ ઘરના મર્દોની ફરજ છે.

૨૬ કોઈ પણ કાર્યની શરૂઆત કરો તો તેને બહુ જાહેર ન કરો.

૨૭ જે કારણ વગર ગુસ્સે થાય કે કારણ વગર પ્રસન્ન થાય, તેનાથી ચેતજો.

૨૮ જે પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન બીજા પ્રત્યે કરવું નહિ.

૨૯ જે લોભી છે તેને આખી પૃથ્વી આપો તો પણ ઓછી જ પડવાની છે.

૩૦ જે શાસ્ત્રોથી વિરુદ્ધ વર્તન કરે છે, તેને શાસ્ત્રો કે શસ્ત્રોનો સામનો કરવો પડે છે.

૩૧ દોરીથી બાંધેલી કઠપૂતળીની જેમ, જીવ દૈવને બંધાયેલો પરવશ છે.

૩૨ ક્રોધ શરીરના સૌંદર્યનો નાશ કરે છે.

૩૩ પરિવારને મૂકી, જે એકલો મિષ્ઠાન્ન આરોગે છે, તેનું પતન નિશ્ચિત છે.

૩૪ જ્યારે ઘરમાં બધાં સૂઈ ગયાં હોય ત્યારે એકલાએ જાગવું નહિ.

૩૫ જે વાદવિવાદ નથી કરતાં, તે સંવાદમાં જીતી જાય છે.

૩૬ ઋષિનું કૂળ અને નદીનું મૂળ જાણવા પ્રયત્ન કરવા નહિ.

૩૭ જે ભૂખ વગર ખાય છે તે વહેલો મરે છે.

૩૮ દુર્જનોનું બળ હિંસા છે.

૩૯ મધુરવાણી ઔષધ છે, કટુવાણી રોગ છે.

૪૦ બધાં તીર્થોની કરેલી યાત્રા કરતાં, જીવદયા ચડિયાતી છે.

૪૧ દહીં, મીઠું, મધ, ઘી, તેલ, કંદમૂળ, શાકભાજી, લાલ વસ્ત્રો અને ગોળ – આ અગિયાર વસ્તુઓ કોઈને વેચવી નહિ.

૪૨ સાપ, રાજા, શત્રુ, ભોગી, લેણદાર, સ્ત્રી અને પોતાનું શરીર – આટલા સાત ઉપર કદી વિશ્વાસ મૂકવો નહિ.

૪૩ સ્નાન કરવાથી રૂપ, બળ, સ્વર, શોભા,સ્વચ્છતાના લાભ પ્રાપ્ત થાય છે.

૪૪ જે સેવક આજ્ઞાનું પાલન કરવાને બદલે, વ્યર્થ દલીલબાજી કરતો હોય, તેને વિના વિલંબે પાણીચું આપી દેવું જોઈએ.

૪૫ જે માણસ જેવો વ્યવહાર કરે છે, તેવો જ વ્યવહાર તેની સાથે કરવો.

૪૬ હણે તેને હણવામાં પાપ નથી.

૪૭ કોઈની વગર કારણે નિંદા કરવી, કોઈ વાતને મૂળ કરતાં વધારીને કહેવી અને કર્કશ વાણી ઉચ્ચારવી – આ ત્રણ દુર્ગુણ, દુ:ખ વધારે છે.

૪૮ જ્યાં અતિથિઓનો આવકાર થાય છે, જે પરિવારમાં મધુર સંવાદ થાય છે, સંતોષ-કારક ભોજન થાય છે, તેમ જ સેવા થાય છે ત્યાં સદાકાળ લક્ષ્મી છે.

૪૯ જ્ઞાનથી અભય, તપથી ગૌરવ, ગુરુ-સેવાથી જ્ઞાન અને યોગથી શાંતિ મળે છે.

૫૦ દિવસે એવું ને એટલું કામ કરવું કે રાત્રે તરત જ ઊંઘ આવી જાય.


Digitalised By ITDESK SOLUTIONS LLP

૫૧ જે સભામાં વૃદ્ધ નથી, તે સભા નથી; જે ધાર્મિક નથી, તે જ્ઞાનવૃદ્ધ નથી અને જેમાં સત્ય નથી, તેમાં કોઈ ધર્મ નથી.

૫૨ નાશ પામેલી કોઈ પણ વસ્તુનો કોઈ શોક નથી કરતાં, તે પંડિત છે.

૫૩ માણસને જે વહાલું હોય છે, તેના અવગુણ દેખાતા નથી અને જે અળખામણું હોય છે, તેના સદ્‌ગુણો દેખાતા નથી.

૫૪ પર્વતની ટોચ ઉપર, ઘરમાં, એકાન્ત સ્થળે, નિર્જનસ્થાન કે વનમાં, નદી કે સમુદ્ર કિનારે, કોઈ ધર્મસ્થાનમાં, જ્યારે સમય મળે ત્યારે બેસી આત્મમંથન કરવું.

૫૫ કલ્યાણ ઇચ્છનારે ક્યારેય કુટુંબમાં કજિયો કે કંકાસ કરવાં નહિ.

૫૬ જે વૃક્ષ ઉપર ફળફૂલ બેસતાં નથી, તેનો પક્ષીઓ ત્યાગ કરી દે છે. તેમ મરેલાં માણસનો સગાંવહાલાં તુરત જ ત્યાગ કરી દે છે.

૫૭ જે ભાગ્યમાં લખેલું છે, તે ક્યારેય મિથ્યા થતું નથી.

૫૮ જ્યારે મુશ્કેલીઓ આવી પડે ત્યારે સંકોચ વગર વડીલોનું માર્ગદર્શન મેળવો.

૫૯ કારણ વગર જ બીજાના દોષો જોવા–કહેવા એ મહામૂર્ખતા છે.

૬૦ દૂધ, ફળ, દવા, પાણી, કંદમૂળ, કોઈપણ દેવી કે દેવતાનો પ્રસાદ લેવાથી ઉપવાસ કે વ્રતભંગ થતો નથી.

૬૧ માતા-પિતા, પ્રભુ અને ગુરુને પગે લાગવાથી આયુષ્ય, વિદ્યા, યશ વધે છે.

૬૨ શુભ કાર્યો કરવાના સંકલ્પ સમયથી જ સંજોગો સુધરવાનું શરૂ થઈ જાય છે.

૬૩ કોઈપણ પ્રયોજન વગર, કોઈ પણ પ્રવાસ કરવો નહિ.

૬૪ જે પોતાના વખાણ (આત્મશ્લાઘા) જ કરે છે, તે બધે અળખામણો બને છે.

૬૫ જીવનમાં જે માત્ર થોડાં લાભથી જ સંતુષ્ટ થઈ જાય છે, તે મહામૂર્ખ છે.

૬૬ કુટુંબનું ભલું થતું હોય તો કુટુંબની ખરાબ વ્યક્તિનો તુરત જ ત્યાગ કરી દેવો, ગામનું ભલું થતું હોય તો પરિવારનો, દેશનું ભલું થતું હોય તો ગામનો અને આત્માની જો મુક્તિ થતી હોય તો પૃથ્વીનું રાજ પણ છોડી દેવું.

૬૭ જે ઘેરથી અતિથિ નારાજ-નિરાશ થઈ જાય છે, તે ઘરનું પુણ્ય નાશ પામે છે.

૬૮ ક્રોધને શાંતિથી, દુર્જનને સૌજન્યથી, કંજૂસને દાનથી, અસત્યને સત્યથી, મા-બાપને સેવાથી, પત્નીને પ્રેમથી અને પતિને સ્વાદિષ્ટભોજનથી જીતવા.

૬૯ જેમ ઉચ્ચ કુળમાં જન્મેલ નીચ બની શકે છે, તેમ નીચ કુળનો ઉચ્ચ બની શકે છે.

૭૦ જે અન્ન સારી રીતે પચી જતું હોય, તે જ માણસે ગ્રહણ કરવું.

૭૧ કાચાં ફળ તોડી લેનાર, ફળની અસલ મીઠાશ માણી શકતો નથી.

૭૨ નપુંસકને જેમ કોઈ સ્ત્રી પ્રેમ કરતી નથી, તે રીતે જ રાજા કે સ્વામી કે માલિકની કૃપા અને ક્રોધ જો વાંઝિયો હોય તો તેનો બધાં ત્યાગ કરે છે.

૭૩ જે ધાતુ તપાવ્યા વિના જ વળી જાય છે, તે ધાતુને તપવું પડતું નથી.

૭૪ જેને કકડીને ભૂખ લાગે છે, તેને રોટલો પણ મિષ્ટાન્ન છે. પરંતુ જેને ભૂખ જ લાગતી નથી, તેના માટે મિષ્ટાન્ન પણ વ્યર્થ છે.

૭૫ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉપર જેનો કાબૂ નથી, તે શ્રેષ્ઠ ગુલામ છે.

૭૬ સત્યથી ધર્મનું, સતત અભ્યાસથી વિદ્યાનું, સાદગીથી અને સુઘડતાથી સૌંદર્યનું અને સદ્‌ગુણોથી કુળનું રક્ષણ થાય છે.

૭૭ અધર્મથી હજુ સુધી કોઈને સિદ્ધિ મળ્યાનું સાંભળ્યું નથી.

૭૮ શાંતિ માટે ક્ષમા, સુખ માટે સમાધાન, કલ્યાણ માટે ધર્મ શ્રેષ્ઠ ઉપાય છે.

૭૯ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નર્કનાં દ્વાર છે.

૮૦ સત્ય, દયા, તપ, અહિંસા, અચૌર્ય અને અપરિગ્રહ એ સ્વર્ગનાં દ્વાર છે.

૮૧ નશાબાજ, પાગલ, કામી, લોભી, અભિમાની, ક્રોધી, ઉતાવળિયો, બીકણ, આળસુ અને બહુ બોલનારનો ક્યારેય સંગ ન કરવો.

૮૨ હંમેશાં પ્રસંગને અનુરૂપ પહેરવેશ ધારણ કરવો.

૮૩ જેવો પ્રશ્ન હોય તેવો જ જવાબ આપો.

૮૪ જે બીજાના સુખે સુખી થાય છે, તે સજ્જન છે. પણ જે બીજાના દુઃખે દુઃખી થાય છે તે સંત છે.

૮૫ જે શુભ કાર્યોમાં પોતાનાથી ચડિયાતાને આગળ રાખે છે, તે સફળ થાય છે.

૮૬ સમય આવ્યે જે શત્રુને પણ મદદ કરે છે, તેને ત્યાં અનર્થો આવતા નથી.

૮૭ બધાં તહેવારોમાં શક્તિ મુજબ જે પરિવારનું ધ્યાન રાખે છે, તે સુખી છે.

૮૮ જેમ અગ્નિ ઇંધણથી સંતુષ્ટ નથી, તેમ કામી પુરુષ સ્ત્રીઓથી ધરાતો નથી.

૮૯ વિદ્યાર્થીને સુખ ક્યાંથી અને સુખાર્થીને વિદ્યા ક્યાંથી ?

૯૦ ધનનું મુખ્ય પ્રયોજન જ દાન અને ભોગ છે.

૯૧ જે ગાય સહેલાઈથી દોહવા દેતી નથી, તેને બહુ માર ખાવો પડે છે.

૯૨ ફૂલમાંથી જે રીતે ભ્રમર મધ લે છે,રાજાએ એ રીતે પ્રજા પાસેથી કર લેવો.

૯૩ રાજનીતિમાં ધર્મ જરૂરી છે, પણ ધર્મમાં રાજનીતિની જરૂર નથી.

૯૪ પોતાનું જરૂરી કામ પડતું મૂકી, બીજાનું કામ કરવા દોડી જાય તે મહામૂર્ખ છે.

૯૫ કોઈ પણ પ્રસંગમાં આમંત્રણ વગર જે દોડી જાય છે, તે અપનાનિત થાય છે.

૯૬ દૂરદર્શિતા, કુલીનતા, ઇન્દ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, પરાક્રમ, મિતભાષણ, દાન અને કૃતજ્ઞતા – આ આઠ ગુણો મનુષ્યને યશસ્વી બનાવે છે.

૯૭ આળસ, માદક દ્રવ્યોનું સેવન, વાતોડિયો સ્વભાવ, પરિવારની માયા, ધગશનો અભાવ, લાલચ, ચંચળતા અને અહંકાર – આ આઠ દુર્ગુણો હોય ત્યાં ક્યારેય વિદ્યા કે વિદ્યાર્થીનો વિકાસ થતો નથી.

૯૮ જે આસ્તિક છે, તે પંડિત છે.


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

૯૯ ન ગમાડવા જેવા લોકોને ગમાડે છે, ગમાડવા જેવાનો ત્યાગ કરે છે, તે મૂર્ખ છે.

૧૦૦ જે દુર્જનનો આદર સત્કાર કરતો નથી , તેને યશ અને મહત્તા મળે છે.

૧૦૧ ધન, પુત્ર, સદ્‌ગુણી પત્ની, આજ્ઞાંકિત પુત્ર, નિરોગી શરીર અને વિદ્યા– સુખ આપે છે.

૧૦૨ સુપાત્રને દાન આપવું, એ ધનની પ્રતિષ્ઠા છે.

૧૦૩ બધાં જ 'ઘા'ની દવા છે, પણ કટુવાણીના 'ઘા'ની કોઈ દવા નથી.

૧૦૪ બુદ્ધિથી પાર પડાતાં કાર્યો શ્રેષ્ઠ, બળથી મધ્યમ અને કપટથી અધમ હોય છે.

૧૦૫ બોલવા કરતાં મૌન શ્રેષ્ઠ છે અને મૂંગા રહેવા કરતાં, સાચું બોલવું શ્રેષ્ઠ છે.

૧૦૬ એકલું-અટૂલું ઊગેલું સુદૃઢ મૂળવાળું વૃક્ષ પણ ઊખડે છે, તેવું માણસનું પણ છે.

૧૦૭ યાન, વિગ્રહ, આક્રમણ, આસન, સંધિ, શત્રુતા, સમાશ્રય એ રાજનીતિ છે.

૧૦૮ જે તદ્દન નિઃસ્વાર્થ ભાવે સેવા કરે છે, તેને અનાયાસે અપાર સુખ મળે છે.

**વિદુર નીતિનાં શ્રેષ્ઠ ૧૦૮ વાક્યો દરેકે વાંચવા જોઈએ.**

✶ ✶ ✶

## એસ.ઈ.ઓ. તરીકે નિમણૂક



શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ-ઘાટકોપરના સભ્ય શ્રીમતી વર્ષાબેન પરિમલ-ભાઈ ગાંધી (મૂળ વતન બોટાદ હાલ ઘાટકોપર)ની મહારાષ્ટ્ર સરકાર દ્વારા એસ. ઈ.ઓ. (Special Executive Officer) તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રીમતી વર્ષાબેનને ખૂબ ખૂબ અભિનંદન.

# વીલપાવર થકી માણસ અકલ્પ્ય પરિણામ લાવી શકે

## જયપુરના એક વેપારીને ખબર પડી કે તેને કેન્સર થયું છે ત્યારે..



જયપુરના મહેશ આચાર્ય જેમ્સ સ્ટોનની દલાલીનો ધંધો કરતા હતા. દરરોજ તેઓ ઝવેરી બજારમાં જતા હતા. ૧૯૯૫માં તેમની તબિયત ખરાબ રહેવા લાગી. તેમના શરીરમાં ઝીણો તાવ રહેવા લાગ્યો. તેમણે દવા લીધી પણ કોઈ ફરક ન પડ્યો. તેમને વૃષણમાં પણ તકલીફ થવા લાગી.

છેવટે છ મહિના પછી તેઓ મોટા ડૉક્ટર પાસે ગયા. એ વખતે તેમને ડૉક્ટરે ગંભીરતા સમજાવી અને તેમને સર્જન પાસે મોકલ્યા. સર્જને નિદાન પછી મહેશ આચાર્યની પરવાનગી લઈને, ઓપરેશન કરીને તેમના બંને વૃષણ કાઢી નાખ્યા. સાથે તેમને બાયોપ્સી રિપોર્ટ કઢાવવાનું સૂચન પણ કર્યું.

૧૯૯૬ની ૪ જાન્યુઆરીએ મહેશ આચાર્યની પત્નીએ પુત્રને જન્મ આપ્યો અને એ જ દિવસે બાયોપ્સી રિપોર્ટ આવ્યો જેમાં કન્ફર્મ કરાયું કે મહેશ આચાર્યને કેન્સર છે. જો કે મોટા ભાઈએ એ વાત મહેશ આચાર્યને કહી નહીં.

આ દરમિયાન મહેશ આચાર્યના મિત્ર અને ફિઝિશિયન સી. એસ. બાયડે તેમને સલાહ આપી કે તમે એમ.એમ.એસ. મેડિકલ કૉલેજ એન્ડ હોસ્પિટલના ડૉક્ટર હેમંત મલ્હોત્રાને કન્સલ્ટ કરો.

મહેશ આચાર્ય બાયોપ્સી રિપોર્ટ સાથે ડૉક્ટર હેમંત મલ્હોત્રા પાસે ગયા. હેમંત મલ્હોત્રાએ રિપોર્ટ જોઈને તેમને દવાઓ લખી આપી. મહેશ આચાર્ય પ્રિસ્ક્રિપ્શન લઈને કેમિસ્ટ પાસે ગયા. કેમિસ્ટે તેમને દવાઓ આપી પછી જે બિલ આપ્યું એ જોઈને મહેશ આચાર્યને ચક્કર આવી ગયા. કેમિસ્ટે તેમને સમજાવ્યું કે તમને કેન્સર છે. અને એની સારવાર બહુ મોંઘી હોય.

મહેશ આચાર્યએ વિચાર્યું કે મારી પાંચ લાખની બચત છે એ કેન્સરની સારવાર પાછળ વાપરી નાખું કે મારા નવજાત દીકરાના ભવિષ્ય માટે રાખી મૂકું ? આમ પણ કેન્સરને કારણે અમુક સમય પછી તો હું મરી જ જઈશ ! જો કે ડૉક્ટર હેમંત મલ્હોત્રાએ તેને ખાતરી આપી કે તમે સો ટકા કેન્સરમાંથી બહાર આવી જશો.

ડૉક્ટરના શબ્દોથી મહેશ આચાર્યને સધિયારો મળ્યો અને બીજી બાજુ તેમણે નક્કી કર્યું કે હું મારી બચત કેન્સરની સારવાર પાછળ ખર્ચી નાખીશ. મારા દીકરાના ભવિષ્ય માટે હું ચોક્કસ જીવતો રહીશ. હું કેન્સરમાંથી બહાર આવીશ જ.

ડૉક્ટર હેમંત મલ્હોત્રાની સારવાર અને પોતાના સ્ટ્રોંગ વીલપાવરને કારણે મહેશ આચાર્ય અગિયાર મહિનામાં કેન્સરમાંથી બહાર આવી ગયા.

મહેશ આચાર્યએ કેન્સરને કારણે પોતાનો જેમ્સ સ્ટોનનો ધંધો છોડીને ફોટોગ્રાફીનો કૌટુંબિક વ્યવસાય અપનાવી લેવો પડ્યો હતો.તેમના પિતા અને બે ભાઈઓ ફોટોગ્રાફી કરતા હતા. તેઓ ફોટોગ્રાફર તરીકે સુખમય દિવસો વિતાવી રહ્યા હતા ત્યાં વળી એક દાયકા પછી ૨૦૦૬માં તેમના પર કેન્સરરૂપી આફત ત્રાટકી. આ વખતે તેમને આંતરડાનું કેન્સર ડિટેક્ટ થયું અને એ પણ ચોથા સ્ટેજમાં ! મહેશ આચાર્ય હિમ્મત હાર્યા નહીં. તેમણે ફરી કેન્સરને લડત આપી. તેમના પર ઓપરેશન થયું અને લાંબી સારવાર પછી તેઓ ફરી વાર કેન્સરમાંથી બહાર આવી ગયા.

વીલપાવર થકી માણસ ભયાનક રોગમાંથી પણ બહાર આવી શકે.

✶ ✶ ✶

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



## દયા ધરમ કા મૂલ હય

આજુબાજુના ગામમાં બાબા ભારતીનો ઘોડો પ્રખ્યાત થઈ ગયો હતો.

બાજુના ગામમાં રહેતા એક ડાકુની નજર એ ઘોડા ઉપર પડી. તેણે વિચાર્યું કે બાબા ભારતી તો સંતપુરુષ છે. મંદિરના પૂજારી છે. એમને આવા ઘોડાની શી જરૂર છે ? મારા જેવા પાસે આવો ઘોડો હોય તો ભાગવામાં ખૂબ જ ઉપયોગી થઈ પડે.

વિચાર કરી તે બાબા ભારતી પાસે ગયો અને ઘોડાની માગણી કરી, પરંતુ ઘોડો તો બાબાનો પ્રાણ હતો. તેમના પુત્ર જેવો હતો. તેને કેમ અપાય ? તેમણે સવિનય ઇનકાર કર્યો...

'મને એ ઘોડો આપો, બાબાજી...'

ડાકુએ કહ્યું.

'ના ભાઈ, એ તો મારો પ્રાણ છે. તેને તને કેમ આપું ?'

'પસ્તાશો.' ડાકુએ બીક બતાવી.

'ભલે જે થવાનું હોય તે થાય ભાઈ.'

બાબાએ શાંતિથી જવાબ આપ્યો.

'તો હવે ઘોડાને સંભાળતા રહેજો.'

ભય બતાવી ચેતવણી આપી ડાકુ ચાલ્યો ગયો...

પણ તે દિવસથી બાબા ભારતીની ઊંઘ હરામ થઈ ગઈ. રાત-દિવસ ઘોડાની જ ચિંતા થવા લાગી. અડધી રાતે ઊંઘમાં પણ ઝબકી જતાં અને ઘોડાની તપાસ કરી આવતા.

એક દિવસ કામ પ્રસંગે તેમને બીજે ગામ જવાનું થયું. પોતાના ઘોડા ઉપર બેસી તેઓ જતા હતા, ત્યાં રસ્તામાં એક લંગડો મળ્યો.

'ભાઈ, મારે બાજુના ગામે જવું છે, દયા કરી મને ઘોડા ઉપર બેસવા દો. મારાથી ચાલી શકાતું નથી.'

દયાળુ બાબા નીચે ઉતર્યા. અને લંગડાને ઘોડા ઉપર બેસાડ્યો. થોડે દૂર ગયા ત્યાં લંગડાએ તેમના હાથમાંથી લગામ ઝૂંટવી લીધી અને ઘોડાને મારી મૂક્યો. જરા દૂર જઈ ઘોડાને જરા થંભાવી કહ્યું, 'બાબા મને ઓળખ્યો ? હું એ જ ડાકુ છું, જેને તમે ઘોડો આપવાની ના પાડી હતી. હવે તો ઘોડો મને મળ્યોને ?'

બાબાએ ડાકુ ઉપર નજર ઠેરવતાં કહ્યું, 'ભાઈ, તું તારે ઘોડો ખુશીથી લઈ જા. પણ મારી એક વાત સાંભળ.'

'શું ?' ડાકુએ ઘોડાને થંભાવી દીધો અને બાબા ભારતીની નજીક આવ્યો.

'તું આ વાત કોઈને કહીશ નહીં કે તેં લંગડાનો ઢોંગ કરી બાબાને છેતર્યા છે.'

'કેમ ?'

'લોકો જો એ વાત જાણશે તો પછી કોઈ દીનઃદુખિયા ઉપર દયા નહીં કરે !'

એમ કહી બાબા પાછા જવા ફર્યા.

પણ ડાકુના દિલમાં એ વાક્યો છરીની જેમ ભોંકાયા, આવા પવિત્ર માણસનું દિલ કેમ દુભાવાય ? એ તરત જ પાછો ફર્યો, અને કહ્યું,

'લો બાબા, આ તમારો ઘોડો, તમારા જેવા પ્રભુના માણસને લૂંટીને હું શું કરવાનો હતો ?'

* * *

## યોગ્ય વ્યક્તિને ઓળખો

તમે ગમે તેટલા સક્ષમ અને લાયક કેમ ન હો, જિંદગીમાં અમુક કામ પૂરાં કરવા માટે બીજા લાયક લોકોની જરૂર પડવાની જ. માણસની સૌથી મોટી લાયકાત એ છે કે પોતાની અને બીજાની કાબેલિયતને ઓળખી લે. જો એવું કરી લીધું તો કોઈ પણ કામના પ્રારંભે જ અડધી બાજી જીતી લીધા સમાન ગણાશે. બીજા લોકો પ્રશંસા કરી શકે છે, ઇશારો કરી શકે છે પરંતુ તમારી અંદર કઈ કઈ ખાસિયતો રહેલી છે, તે માત્ર અને માત્ર તમે પોતે જ જાણી શકો છો. આ જ રીતે સામે ઊભેલી વ્યક્તિની કાબેલિયતને ઓળખવી એ પણ એક કલા છે અને આવડત માગી લેતું કામ છે. તમારા પૂર્વગ્રહો અને અહંકારને લીધે તમે તેમને ઓળખી નથી શકતા અને જો ઓળખી ગયા તોપણ તેમનો ઉપયોગ કરવામાં સંકુચિત વૃત્તિ અપનાવો છો. જો કામ મોટું કરવું હોય, તો યોગ્ય વ્યક્તિને જોડવા માટે નમવું પડે તો તેમાં કશી ખરાબી નથી. કોઈ યોગ્ય વ્યક્તિની સાથે જોડાવ ત્યારે સાવચેતીપૂર્વક તેની કાબેલિયતને તમારી અંદર ઉતારવાનો પ્રયત્ન કરજો.

## બુદ્ધિને પ્રજ્ઞા બનાવો

અનેક સંશોધનો થઈ રહ્યાં છે કે બુદ્ધિમાન લોકો અશાંત શા માટે હોય છે ? વાંચવા–લખવાના યુગમાં આપણે બાળકોને બુદ્ધિમાન બનાવવા માટે ખૂબ ભણાવીએ છીએ, પરંતુ અશાંતિ જાણે બુદ્ધિની બાયપ્રોડક્ટ બની ગઈ છે. શાંતિ સરળતાથી ઉપલબ્ધ હોવા છતાં બુદ્ધિ તર્ક વિના કંઈ સ્વીકારતી નથી. જીવનમાં શાંતિ મેળવવા માટે અતાર્કિક, શૂન્ય હોવું પડશે. વર્તમાન યુગમાં બુદ્ધિમાન એ જ છે, જે દમન કરવામાં માહેર હોય, બીજાને પછાડીને આગળ નીકળી જાય, ષડ્યંત્ર કરી શકે, જેને શોષણ કરતા આવડે અને ભ્રષ્ટાચાર કરીને પણ દેખાય ન આવે. છેલ્લાં બે-ચાર વર્ષની ઘટનાઓ જોઈને ખ્યાલ આવશે કે દરેક ખોટું કામ બુદ્ધિમાન માણસે જ કર્યું હશે. આવું શા માટે થાય છે ? બુદ્ધિમાન માણસે જો શાંત થવું હોય તો બુદ્ધિને પ્રજ્ઞામાં બદલવી પડશે. પ્રજ્ઞાનો અર્થ થાય છે, આત્માની નિકટતાવાળી બુદ્ધિ. અત્યારે પણ બુદ્ધિની નિકટતા માટે શરીર સાથે છે. જો યોગનો ઉપયોગ કરશો તો બુદ્ધિ આત્માની દિશામાં ગતિ કરશે અને પ્રજ્ઞાનું રૂપ લઈ લેશે. જે બુદ્ધિને પ્રજ્ઞામાં બદલી શકે છે, તે અશાંતિથી બચી જશે.


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# અમે બે

દીકરી આમારી યુરોપમાં અને દીકરો યુ.એસ.એ.માં,
અહીં તો બસ અમે બે જ.
જમાઈ ઑફિસમાં રાજ કરે ન વહુરાણી પણ ડૉલર કમાઈ લાવે,
અમારી મદદે આવો તેમનો સતત આગ્રહ હોય, પણ
અમે ચતુરાઈથી એ આમંત્રણ ટાળીએ,
કારણ કે અહીં અમે લાઈફ એન્જોય કરીએ છીએ,
મારી પત્ની ખૂબ શોખીન છે, બપોરે એ બિઝી રહે છે,
મને કોઈ શોખ નથી એટલે બાકી રહેલી નીંદર પૂરી કરું છું,
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
સાંજે અમે સિનેમા જોવા ઉપડી જઈએ,
પાછા ફરતા બહાર જમીને આવીએ.
ઘરની પાછળ સૂર્યાસ્ત થાય અને
અમારી મસ્તી મજાકનો સૂર્યોદય થાય,
કારણ કે અમે બે જ હોઈએ છીએ.
એક દિવસ દીકરાનો તો બીજે દિવસે દીકરીનો ફોન આવે,
સમય જ નથી મળતો એવી ફરિયાદ કરે, અમારું મન ભરાઈ આવે,
પછી તમે પણ એન્જોય કરશો એની એમને હૈયાધારણ આપીએ,
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
એક વાર નવી નવાઈનું અમેરિકા ફરી આવ્યા,
સ્વચ્છ ને સુંદર જગ્યાઓ જોઈને માણી સુધ્ધાં આવ્યા.
અમે બેઉ દુનિયા માણીએ, કારણ કે અમે બે જ હોઈએ છીએ.
નથી કોઈ જવાબદારી કે નથી કોઈ ફરિયાદ,
નથી કોઈ અડચણ ને અમે સેકધડ હનીમૂન એન્જોય કરીએ છીએ,
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
મરણની વાતો અમે કરતા જ નથી,
પાર્ટીમાં જઈએ અને અને પિકનિકમાં ફરીએ,
પૈસાની છૂટ અને સમય તેમ જ મિત્રો પણ છે ભરપૂર
સંતાનોને કારણે બંધાઈ રહેવાના દિવસો ગયા
એ વિચાર માત્રથી ખુશ થવાય છ
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ.
બાળકોને અમારી ઈર્ષ્યા ન થાય એ માટે અમારી મોજમજા એમનાથી છાની રાખીએ,
મારી આ ટ્રીકથી પત્ની હસી પડે અને
એને સાથ આપીને હું પણ હસી લઉં,
કારણ કે અહીં અમે બે જ હોઈએ છીએ. ✷

# ડિવોર્સને એક વર્ષ પૂરું થયું

ડિવોર્સને એક વર્ષ પૂરું થયું ત્યારે એક યુવતીએ તેના ભૂતપૂર્વ પતિને એક પત્ર લખ્યો :

‘આજે આપણે છૂટા પડ્યા તેને એક વર્ષ થયું. છૂટા પડ્યા પહેલાં આપણે પાંચ વર્ષ સાથે રહ્યાં હતાં. આપણે સાથે હતા તેમાં છેલ્લું વર્ષ આપણું ખરાબ રહ્યું. આપણા સંબંધો બગડ્યા. આપણે છૂટા પડ્યા.’

આજે મારી સામે છૂટાછેડા પછીનું એક વર્ષ છે, છૂટાછેડા પહેલાનું ખરાબ સંબંધોનું વર્ષ છે ને તારી સાથે લગ્ન કર્યા પછીનું એક વર્ષ પણ મારી નજર સામે છે. હું વિચાર કરતી હતી કે આ ત્રણ વર્ષમાં ક્યું વર્ષ યાદ રાખવું જોઈએ ?હું મારા વિચારોથી ત્રણે વર્ષમાં ચક્કર મારી આવી.

તારી સાથેનું પહેલું વર્ષ કેટલું સુંદર હતું ?

એવું લાગતું હતું કે જાણે આપણે જ એક-બીજાની જિંદગી છીએ. આપણે સરસ જીવ્યા અને પછી જીવવાનું ભૂલતાં ગયા. એક-બીજાના વાંક શોધવા લાગ્યા અને અંતે છૂટા પડ્યા. છૂટાછેડા પછીના એક વર્ષમાં મેં તને ખૂબ ધિક્કાર્યો છે. તને નફરત કરી છે.

...પણ ગઈકાલની એક ઘટનાએ મારી વિચારવાની દિશા જ બદલી નાખી. ગઈકાલે હું આપણાં જૂનાં ફોટોગ્રાફ્સ કાઢીને બેઠી હતી. આપણે ફરવા ગયાં હતાં એ બધી જ તસવીરો ફરીથી જોઈ. આપણું હસવું, આપણી મસ્તી અને એક-બીજામાં ખોવાઈ જવાની પળ. મેં વર્ષો પછી આ ફોટા જોયા. આલબમ બંધ કર્યું ત્યારે વિચાર આવ્યો કે,

‘આપણે કેવા વિચિત્ર છીએ સારી યાદોને આલબમમાં મઢાવીને રાખીએ છીએ અને ખરાબ યાદોને દિલમાં સંઘરીએ છીએ !’

‘સારી યાદોના આલબમને ભાગ્યે જ ખોલીએ છીએ અને દિલમાં ધરબેલી ખરાબ યાદોને રોજ ખોતરીએ છીએ !’

એના કરતાં ઊલટું કરીએ તો ?

સારી યાદોને દિલમાં રાખીએ અને ખરાબ

**_હા, અને છેલ્લી વાત. આજે હું એટલું શીખી છું કે, આપણે આપણા દિલને સારી યાદોનો બગીચો બનાવવો કે ખરાબ યાદોની કબર એ પણ નક્કી કરવાનું હોય છે. આજે મેં એક કબર ઉખેડીને ફેંકી દીધી છે...મને બહુ હળવાશ લાગે છે._**



યાદોને દફનાવી દઈએ ! મેં આજે મારી બધી જ ખરાબ યાદોને દફનાવી દીધી છે. આ પત્ર હું તને એટલું કહેવા માટે જ લખું છું કે, હવેથી હું તને ક્યારેય નફરત નહીં કરું. કદાચ હવે હું તને યાદ જ નહીં કરું અને યાદ કરીશ તો પણ ખરાબ રીતે તો નહીં જ કરું ! હું ખરાબ ક્ષણોને ભૂલી જાઉં છું, તું પણ ભૂલી જજે અને તારી જિંદગીને સરસ રીતે જીવજે...

હા, અને છેલ્લી વાત. આજે હું એટલું શીખી છું કે, આપણે આપણા દિલને સારી યાદોનો બગીચો બનાવવો કે ખરાબ યાદોની કબર એ પણ નક્કી કરવાનું હોય છે. આજે મેં એક કબર ઉખેડીને ફેંકી દીધી છે...

મને બહુ હળવાશ લાગે છે. ✷ ✷ ✷

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

# સાભાર સ્વીકાર

પૂ. પિતાશ્રી ચંદ્રવદન જેચંદ તુરખિયાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે (સ્મૃતિરૂપે) હસ્તે સુપુત્ર હરીશભાઈ સી. તુરખિયા હાલ ઘાટકોપર
સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૧

ચુડાનિવાસી હાલ ગોરેગાંવ, શ્રી પરેશભાઈ નગીનદાસ શાહના સુપુત્ર ચિ. જીમીત તથા માંડવીનિવાસી હાલ મલાડ, કમલેશભાઈ મનસુખલાલ શાહની સુપુત્રી ચિ. ધ્વનિના શુભલગ્ન પ્રસંગે ૫૫૫

વઢવાણશહેર હાલ કલ્યાણ, શ્રીમતી મનીષાબેન તરુણકુમાર શાહની સુપુત્રી ચિ નિધિના શુભલગ્ન કલ્યાણનિવાસી શ્રી રાજેન્દ્રભાઈ ઘનશ્યામદાસ વિઠલાણીના સુપુત્ર ચિ. પાર્થ સાથે થયા તેની ખુશાલીમાં ૫૦૧

લખતર નિવાસી હાલ કાંદિવલી સ્વ. જયશ્રીબેન હેમંતકુમાર સંઘવી હસ્તે હેમંતકુમાર ત્રિભોવનદાસ સંઘવી
પાણી પરબ ફંડ ૫૦૦૦

# પ્રભુતામાં પગલાં

**જય-રુચિ** વરપક્ષ કન્યા પક્ષ
શ્રી મયંકભાઈ ગુણવંતરાય દોશીના સુપુત્ર બોટાદ, હાલ માટુંગા તથા શ્રી વિમલભાઈ અરવિંદભાઈ વારિયાની સુપુત્રી જામનગર હાલ જામનગર
સ્વધર્મી સહાય ફંડ ૨૫૦૦ ૨૫૦૦

**ઉત્સવ-શ્રદ્ધા**
શ્રી મિલનભાઈ ચંપકલાલ શાહના સુપુત્ર વઢવાણ, હાલ સાયન તથા શ્રી પંકજભાઈ નગીનદાસ શાહની સુપુત્રી ટુવા હાલ બોરીવલી
સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૧ ૧૦૦૧

**દર્શન-શ્રેયા**
શ્રી સુનીલભાઈ નગીનદાસ શાહના સુપુત્ર, બોટાદ હાલ દહિસર તથા શ્રી મુકેશકુમાર વર્ધમાનભાઈ દોશીની સુપુત્રી રાણપુર હાલ બોરીવલી ૭૫૧ ૭૫૧

**જિતેશ-શ્રુતિ**
શ્રી કિશોરભાઈ વાડીલાલ પારેખના સુપુત્ર બરવાળા (ઘેલાશા), હાલ ભાયંદર તથા શ્રી ચંદ્રકાંત તારાચંદભાઈ શાહની સુપુત્રી રાજકોટ હાલ રાજકોટ ૨૫૧ ૨૫૧

# વેવિશાળ

**જય** **વૈશાલી** વરપક્ષ કન્યા પક્ષ
શ્રી જિતેષભાઈ રમણીકલાલ શાહના સુપુત્ર, લીંબડી હાલ વાલકેશ્વર તથા શ્રી વિક્રમભાઈ જશવંતલાલ શાહની સુપુત્રી, ટુવા હાલ લોઅર પરેલ.
સ્વધર્મી સહાય ફંડ ૨૫૦૦ ૨૫૦૦

**ઋષભ** **શ્રેયા**
શ્રી રાજેશભાઈ મનસુખલાલના સુપુત્ર, ધ્રાંગધ્રા હાલ ઘાટકોપર તથા શ્રી નિલેશભાઈ નગીનદાસ સંઘવીની સુપુત્રી, આણંદપુર હાલ રાજકોટ
સ્વધર્મી સહાય ફંડ ૧૫૦૦ ૧૫૦૦

**ધરવ** **ખુશ્બુ**
શ્રી સુધીરભાઈ ધીરજલાલ ગાંધીના સુપુત્ર, સોમાસર હાલ કાંદિવલી તથા શ્રી ગિરીશભાઈ રમણીકભાઈ શાહની સુપુત્રી વઢવાણ હાલ બોરીવલી ૫૦૦ ૫૦૦

**સોમીલ** **મીતાલી**
શ્રી ધીરેન્દ્રભાઈ ધરમચંદભાઈ ગાંધીના સુપુત્ર, બોટાદ હાલ અંધેરી તથા શ્રી નીતિનભાઈ પ્રવીણભાઈ શાહની સુપુત્રી પાટણ હાલ અંધેરી ૫૦૦ ૫૦૦

**જયમીન** **દિશા**
શ્રી ભરતભાઈ જયંતીલાલ શાહના સુપુત્ર, બોટાદ હાલ અંધેરી તથા શ્રી શશિકાંતભાઈ રૂણીમલજી ચોખાણીની સુપુત્રી લક્ષ્મણગઢ હાલ મલાડ ૫૦૦ ૫૦૦

**દર્શન** **શ્રેયા**
શ્રી સુનીલભાઈ નગીનદાસ શાહના સુપુત્ર, બોટાદ હાલ દહિસર તથા શ્રી મુકેશકુમાર વર્ધમાનભાઈ દોશીની સુપુત્રી રાણપુર હાલ બોરીવલી ૫૦૧ ૫૦૧

**નિશિત** **હીનલ**
શ્રી ચેતનભાઈ ગુણવંતલાલ ડગલીના સુપુત્ર, વડોદ (લીંબડી) હાલ વિલેપાર્લા તથા શ્રી સ્વ. પરેશભાઈ વડીચંદ મહેતાની સુપુત્રી ટંકારા (મોરબી) હાલ કાંદિવલી ૫૦૦ ૫૦૦

**શ્રેણિક** **ભક્તિ**
શ્રી ભૂપેન્દ્રકુમાર ઠાકરશીભાઈ શાહના સુપુત્ર, ટાટમ હાલ બોરીવલી તથા શ્રી લલિતભાઈ નરોત્તમદાસ ઘેલાણીની સુપુત્રી શીવરાજગઢ (ગોંડલ) હાલ મીરારોડ ૨૫૧ ૨૫૧

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

# સાભાર સ્વીકાર

### જન્મદિન નિમિત્તે ભેટ

પાણશીણા નિવાસી હાલ વિલેપાર્લા (ઈસ્ટ) ન્યાલચંદ નાગરદાસ શાહ તથા સુધાબેન ન્યાલચંદ શાહ બંનેનાં ૮૩મા જન્મદિન નિમિત્તે

| | |
|---|---|
| નોટબુક યોજના | રૂા. ૭૫૦૦ |
| પાણી પરબ ફંડ | રૂા. ૩૦૦૦ |
| સ્વધર્મી સહાય ફંડ | રૂા. ૫૦૦ |
| **કુલ રકમ** | **રૂા. ૧૧૦૦૦** |

### સદ્‌ગતના સ્મરણાર્થે

ચોટીલા નિવાસી હાલ વડાલા માતુશ્રી મંજુલાબેન કાંતિલાલ કોઠારીના સ્મરણાર્થે તેમના સુપુત્રી ચંદ્રાબેન ચંદ્રકાંત શાહ હાલ નેપયન્સી રોડ તરફથી

| | |
|---|---|
| શ્રી સી. યુ. શાહ તબીબી રાહત ફંડ | રૂા. ૨૧૦૦૦ |
| શ્રી પાણી પરબ ફંડ | રૂા. ૪૦૦૦ |
| | **કુલ રૂા. ૨૫૦૦૦** |

### સદ્‌ગતના સ્મરણાર્થે

શ્રી નગીનભાઈ હરગોવનદાસ ગોપાણીના આત્મશ્રેયાર્થે
જિતેન્દ્ર તથા નિરંજન રમણીકલાલ શાહ (માથકીયા)
હાલ બોરીવલી. પારિતોષિક ફંડ રૂા. ૧૧૦૦૦
વીણાબેન મનસુખલાલ ધારશીભાઈ વોરા તરફથી
હાલ કાંદિવલી. પારિતોષિક ફંડ રૂા. ૨૦૦૦
હંસાબેન સુરેન્દ્રકુમાર દોશી તરફથી
પાણી પરબ ફંડ રૂા. ૨૦૦૦
જ્યોતિબેન નલિનકુમાર શાહ હાલ ઘાટકોપર (વેસ્ટ)
તરફથી નોટબુક રૂા. ૨૦૦૦
**કુલ રૂા. ૧૭૦૦૦**

### પારિતોષિક મેડલ ફંડ માટે અનુદાન (ધાર્મિક શ્રેણી)

માતુશ્રી સમતાબેન હરિલાલ શાહ, લખતર હાલ મલાડ
હસ્તે જયેન્દ્ર હરિલાલ શાહ
પારિતોષિક મેડલ ફંડ માટે (ધાર્મિક શ્રેણી) **રૂા. ૧૧૦૦૦**

## હે કૃષ્ણ, તું મૈત્રી છે...



હું થાકું છું ત્યારે તારી પાસે આવું છું
હું છલકાઉં છું ત્યારે તને ગાઉં છું
હું તને ચાહું છું;
હે કૃષ્ણ, તું મૈત્રી છે...

તું બુદ્ધનું સ્મિત છે...
તું મીરાંનું ગીત છે...
તું પુરાતન તોયે નૂતન અને નીત છે,
હે કૃષ્ણ, તું મૈત્રી છે...

તું વિરહમાં પત્ર છે...
તું મિલનમાં છત્ર છે...
તું અહીં અને સર્વત્ર છે...
હે કૃષ્ણ, તું મૈત્રી છે...

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# વાચકની વિચારગોઠડી

## સામાજિક ટિશ્યૂ પેપર

આપણા વ્યક્તિત્વનું સૌથી જરૂરી સોપાન એટલે આપણો ચહેરો. આ ચહેરો સાફ કરવા આપણે સૌ હાથ રૂમાલ એટલે કે Handkerchief વાપરીએ છીએ. અને હા, હાલમાં થોડા સમયથી ટિશ્યૂ પેપર – Tissue Papers પણ ખરા. રૂમાલ – જે મેલા થઈને પણ ચહેરો સાફ રાખે અને ધોવાઈને સ્વચ્છ થયા પછી ફરી વાપરવાના કામમાં આવે જ્યારે ટિશ્યૂ પેપર!! બસ વાપરો ન વાપરો અને કચરો.

ના ના અહીં આપણે કચરાની કે પર્યાવરણની કે વૃક્ષોના નિકંદનની વાત નથી કરવી. એ તો જટિલ સમસ્યા તો છે જ. પણ એનાથી પણ વધુ જટિલ સામાજિક સમસ્યા કે જેની સાથે આપણે સૌ જીવી રહ્યા છીએ એની વાત કરવી છે. અને એ છે આપણાં સંબંધો. આપણે સૌ એકબીજા સાથે સંબંધોનાં લાગણીતંતુ થકી જોડાયેલા છીએ. આ સંબંધોની સચોટ અભિવ્યક્તિ માટે આપણે એને નામ આપ્યાં–માતા-પુત્ર, પિતા-પુત્રી, ભાઈ-બહેન, પતિ-પત્ની...

કેટલું સુંદર લાગે કે આવા સંબંધ માત્રનું નામ લેતાં જ આપણને આપણાં પોતાનાં વ્યક્તિ યાદોનાં માનસપટલ પર ઊપસી આવે. એ વ્યક્તિ સાથે વિતાવેલા સમય, એની વાતો, પ્રેમ, સંભાળ, અને એવું ઘણું બધું કેટલું સહજ આપણી આંખોની સામે તરવરવા લાગે. મન પ્રફુલ્લિત થઈ જાય.

પરંતુ આજની ફેસબુક અને વોટ્સએપની દુનિયામાં આ સંબંધો નશ્વર થઈ રહ્યા છે, ભૂંસાઈ રહ્યા છે. નાની નાની વાતમાં એકબીજાના સંબંધોના ફાટતા છેડા આપણે રોજ નિહાળીએ છીએ. ભાઈ-ભાઈ સાથે ઝઘડે છે; પુત્રી-પિતાથી વિમુખ થઈ જાય છે; પતિ–પત્નીના છૂટાછેડા, સંતાન દ્વારા ઘરડા-ઘરમાં મુકાયેલાં માતા-પિતા... આજકાલના આ બધા સંબંધો ટિશ્યૂ પેપર અનયુઝ્ડ. જરાક જેવી ભૂલ થઈ અને ટિશ્યૂ પેપર યુઝ્ડ – સો જસ્ટ થ્રો ઈન બિન.

પરંતુ થોડા સમય પહેલાં આવું નહોતું. આપણા સંબંધો રૂમાલ જેવા હતા. એકબીજા પ્રત્યેની લાગણી, પ્રેમ–એ પરસ્પરની ભૂલોને ભૂલાવી દેતા. પરસ્પરની અપેક્ષાઓને એકબીજા માટે સમર્પિત કરવા પ્રેરક બનતા. સંબંધોના રૂમાલ જાણે પ્રેમ અને લાગણીરૂપી જળ અને ડિટર્જન્ટથી ધોવાઈ જતા. વડીલોના માર્ગદર્શન અને બોધરૂપી વૉશિંગ પાઉડરથી અહં અને ગુસ્સાના મેલ ખંખેરીને ફરી સાફસૂથરા થઈ જતા. એકબીજાની સંભાળ ફરી પાછા એ જ પ્રેમ અને લાગણીથી સબંધો નવતર થઈ જતા. સંબંધરૂપી રૂમાલ કોરાકટ થઈ સુંદર ભાસતા.

શું આપણે જેને આપણા પોતીકા માન્યા છે એવા આપણા પ્રિય પરિવારજનોની માટે ટિશ્યૂ પેપરની જગ્યાએ રૂમાલ જેવો સ્વભાવ ન બનાવી શકીએ? આપણી પોતાની માટે આપણા સ્વભાવને સ્વચ્છ રૂમાલ જેવો ન બનાવી શકીએ? કે જે અહમ્, મદ, અભિમાન, માયા, પરસ્પરની અપેક્ષાના મેલને ખંખેરી–ધોઈને ફરી સાફ થઈ શકે, આપણા સ્નેહીજનોને સાચવી શકે?

નાની સમજ થકી આપણા અમૂલ્ય સંબંધોને સાચવીને જીવન જીવવાની પ્રેરણા બનાવવાનો એક પ્રયાસ આ લેખ થકી કરેલ છે.

–મિતેષ પી. પારેખ
(કાંદિવલી, મુંબઈ)

✱ ✱ ✱

---

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ**

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ **દિલીપભાઈ એ. શાહ**

ઉપરોક્ત શાતાકારી ઉપાશ્રયમાં સંત-સતીજીના આવાગમન, સત્સંગ, વ્યાખ્યાનના લાભ મળતા રહે છે. અજરામર સંપ્રદાયના પ. પૂ. મલ્લિકાબાઈ મ., પ. પૂ. વૈભવીબાઈ મ.એ શેષકાળનો લાભ આપેલ. જ્ઞાનગચ્છ સંપ્રદાયના આગમજ્ઞાતા, શ્રુતધરજી, પ. પૂ. પ્રકાશચંદ્રજી સ્વામીના સુશિષ્ય પ. પૂ. રવીન્દ્રમુનિ મ. સા, ઠાણા-૨ ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે પધારેલ. વ્યાખ્યાનવાણીનો અપૂર્વ લાભ મળેલ.

ચૈત્ર-આસો માસ કાયમી આયંબિલ ઓળી તથા પારણા ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. જય અશોકભાઈ મનસુખભાઈ સંઘવી તરફથી કરાવવામાં આવે છે. આયંબિલ ખૂબ સારી સંખ્યામાં થાય છે. સવારે બે સામાયિક તેમ જ નવકાર મંત્રના જાપ રાખવામાં આવેલ છે. અનુમોદના પન્નાબેન મહેશભાઈ શાહ હાલ ગોરેગાંવ તથા ગીતાબેન નરેન્દ્રભાઈ શાહ હાલ મલાડ તરફથી આપવામાં આવેલ છે. સામાયિક દરમ્યાન ધાર્મિક જ્ઞાન તેમ જ પ્રશ્નોત્તરી અને પૂ. ગુરુદેવના વ્યાખ્યાન-સારાંશ દ્વારા જ્ઞાન પીરસવામાં આવેલ છે.

**ચૈત્ર માસ આયંબિલ ઓળીના દાતા**

સાયલાનિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. માતુશ્રી શાંતાબેન જેઠાલાલ શાહ, હસ્તે શ્રીમતી દેવીબેન હસુભાઈ શાહ રૂા. ૨૧૦૦૦/-

**નવ દિવસ આયંબિલ ઓળી નકરાના**

વઢવાણ નિવાસી હાલ તારદેવ
શ્રી પોપટલાલ ન્યાલચંદ વોરા રૂા. ૪૫૦૦/-
શ્રી દીપકભાઈ પોપટલાલ વોરા રૂા. ૪૫૦૦/-
લીંબડી નિવાસી હાલ ઘાટકોપર
શ્રી અતુલભાઈ લક્ષ્મીચંદ ગોસલિયા
રૂા. ૪૫૦૦/-
શ્રી હર્ષ અતુલભાઈ લક્ષ્મીચંદ ગોસલિયા
રૂા. ૪૫૦૦/-

✱ ✱ ✱


Digitalised By ITDESK SOLUTIONS LLP

# અનહદ બાની

આચાર્ય નાગાર્જુન (ઈ.સ.૧૫૦-૨૫૦)ને ધર્મનો ઇતિહાસ ગૌતમ બુદ્ધ પછી બીજા બુદ્ધ ગણે છે. જ્યારે તાંત્રિક ધારા તેમને સિદ્ધ ગણે છે. તેઓ પ્રખર રસાયણવિદ્ અને દાર્શનિક હતા. મહાયાની બુદ્ધ હતા જેમનું પ્રજ્ઞાપારામિતા અને શૂન્યવાદ એ મોટું પ્રદાન ગણાય. તેઓ નાલંદામાં આચાર્ય હતા. તેમના ૪૭થી વધારે ગ્રંથોનો અનુવાદ તો ચીની ભાષામાં થયો છે. તેઓ અસામાન્ય આયુર્વેદાચાર્ય પણ હતા.

તેમની પાસે બે શિષ્યોએ આયુર્વેદની કેળવણી સંપન્ન કરી. ત્યારે આચાર્ય કહે છે, 'અંતિમ કસોટી બાકી છે તેમાં સફળ થયા તો આયુર્વેદની ઉપાધિ આપીશ.' અંતિમ કસોટીનો દિવસ નિશ્ચિત કર્યો. પ્રથમ શિષ્યને જ્વર (તાવ)ની અને બીજાને ચોટ ઘાવની ઔષધિ તૈયાર કરીને લાવવા કહ્યું. નિર્ધારિત સમયે બન્ને ઔષધિ તૈયાર કરીને પાછા આવી રહ્યા હતા ત્યારે પ્રથમ શિષ્યે જ્વરથી પીડાતો માણસ રસ્તામાં પડેલો જોયો. તેણે પોતે તૈયાર કરેલી ઔષધિ તેને પાઈ અને તેને હેમખેમ ઘેર પહોંચાડ્યો. અને પછી ખાલી હાથે આચાર્ય પાસે પહોંચ્યો. જ્યારે બીજા શિષ્યે રસ્તામાં એક નાના બાળકને હાથ-પગ અને સમગ્ર શરીર પરના ઘાવમાંથી લોહી વહેતાં જોયું. તેની માતા પણ મદદ માટે ચીસ પાડતી હતી.સમયની પાબંદી, કસોટીનું સ્મરણ અને ઉપાધિની ઇચ્છાએ તે દોડતો રહ્યો. બાળક પાસે ન રોકાયો અને આચાર્ય પાસે પહોંચી ગયો. આચાર્યને તો આ બન્ને ઘટનાની જાણ હતી, કારણ કે પૂર્વનિયોજિત હતી. તેણે પ્રથમ શિષ્યને આયુર્વેદની ઉપાધિ આપી પણ બીજા શિષ્યને કેળવણી હજી અધૂરી અને અપર્યાપ્ત છે તેમ કહી રોકી રાખ્યો.

દરેક સારવારમાં ઔષધી તો અર્ધી જ કેળવણી કહેવાય. માવનજીવન અને ચૈતન્યની ખેવના એ પૂર્ણ કેળવણી છે. નાવની ખરી કસોટી તટ પર નથી પણ નદી અને દરિયામાં છે. તેવી જ રીતે મૌનની ઘોંઘાટ વચ્ચે, ધ્યાનની ટોળા વચ્ચે, પ્રેમની ઘૃણા વચ્ચે અને અધ્યાત્મની ખરી કસોટી બજાર વચ્ચે – સંસારમાં છે.

✶ ✶ ✶

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન સંચાલિત નોટબુક યોજના

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા સમાજનાં બાળકો માટે રાહત દરે નોટબુક યોજનાનું આયોજન કરેલ છે. જૂન મહિનામાં દરેક પ્રતિનિધિને ત્યાંથી નોટબુકનું વેચાણ કરવામાં આવશે, જેનો સમય આગામી પત્રિકામાં જણાવવામાં આવશે.

નોટબુકમાં જાહેરખબર આપવા માટેનો ભાવ રૂા.૧૦,૦૦૦/- (મોટી બુક માટે), રૂા. ૭૫૦૦/- (નાની બુક માટે) રાખવામાં આવેલ છે. જાહેરખબર માટે શ્રી જીતુભાઈ શાહ (મો. 9773358372) અથવા સભાની ઑફિસનો સંપર્ક કરવો.

# મહાસાગરના રત્નો

–તમે કોણ છો અને અહીં શા માટે છો એ જાણ્યા વગર જીવન અર્થહીન છે.

**-લેવ તોલ્સ્તોય**

–જે વ્યક્તિ સતત સફળ થવા ઇચ્છે છે તેણે પોતાની કામ કરવાની રીત અને પોતાના વર્તનમાં ફેરફાર કરવો જ પડે છે.

**-નિકોલો મેકિયાવેલી**

–ઇશ્વરથી વધુ પ્રેમ માતા, પિતા, ભાઈ-બહેન, પતિ, મિત્ર કે કોઈ પણ આપી શકતું નથી.

**-એલ્ફોન્સસ લિગોર**

–જો તમારી પાસે બગીચો અને પુસ્તકાલય છે તો એનો અર્થ એ છે ક તમારી પાસે બધું જ છે.

**-માર્ક્સ ટુલિયસ સિસરો**

–જે વ્યક્તિ પોતાના સમયમાં કામ કરે છે તે દરેક સમયમાં જીવતી રહે છે.

-ફ્રેડરિક શિલર.

–મોટી વસ્તુઓ મેળવવા માટે મોટા મોટા ભયનો સામનો કરવો જ પડે છે.

**-હિરોડોટ્સ**

–તમે કોઈ વ્યક્તિને મચ્છી આપો છો તો તેને એક વારના ભોજનની વ્યવસ્થા કરી આપો છો, પણ જો તમે તેને મચ્છી પકડતાં શીખવી દો તો તેના માટે જીવનભરના ભોજનની વ્યવસ્થા કરી આપો છો.

**-મેમોનાઈડ્સ**

–ઇશ્વરને પ્રેમ કરવો એ સૌથી મોટો રોમેન્સ છે. ઇશ્વરને હાંસલ કરવા એ સૌથી મોટું સાહસ છે અને તેમને મેળવવા એ સૌથી મોટી ઉપલબ્ધિ છે.

**-ઓગસ્ટિયસ**

–સત્યને માર્ગે ચાલનારો માણસ માત્ર બે ભૂલો કરી શકે છે : એક તો સંપૂર્ણ માર્ગ નક્કી ન કરવો અથવા ફરી શરૂઆત જ ન કરવી.

**-ભગવાન બુદ્ધ**

–રોગ સામે લડવા માટે શરીરની અંદરના નેચરલ ફોર્સ સૌથી વધુ અસરકારક સાબિત થાય છે.

**-હિપોક્રેટ્સ**

–ભવિષ્યના અનેક નામો-પ્રકારો હોય છે. નબળા લોકો તેને દુર્લભ ગણે છે, ડરપોક લોકો તેને અજ્ઞાત કહે છે અને શૌર્યથી છલકાતા લોકો તેને અવસર કહે છે.

**-વિક્ટર હ્યુગો**

–માણસને પ્રેમ, પૈસા અને પ્રસિદ્ધિ કરતાં વધુ જરૂર સત્યની હોય છે જે તેને દરેક સ્થિતિમાં કામ આવે છે.

**-હેન્રી ડેવિડ થોરો.**


Digitalised By ITDESK SOLUTIONS LLP



# અનોખી પરીક્ષા

લેખક : ડૉ. વિષ્ણુ એમ. પ્રજાપતિ

'બેટા... થોડું ખાઈને જા...! બે દિવસથી તેં કાંઈ ખાધું નથી...!' મા લાચાર શબ્દોમાં મોહનને સમજાવતી રહી.

'જો મમ્મી... મેં મારી બોર્ડની પરીક્ષા પછી વેકેશનમાં માત્ર સેકન્ડહેન્ડ બાઈક જ માગેલી... અને પપ્પાએ પ્રોમિસ પણ કરેલું... આજે મારું પેપર પત્યા પછી દીદીને કહેજો કે સ્કૂલની બહાર આવે પૈસા લઈને આવે. મારા ફ્રેન્ડની જૂની બાઈક આજે જ લેવાની છે... અને જો દીદી બહાર નહીં આવે તો હું ઘરે પાછો નહીં આવું...!' એક ગરીબ ઘરમાં મોહનની જીદ અને માની લાચારી સામસામે ટકરાઈ રહી હતી.

'બેટા... તારા પપ્પા તને બાઈક લઈ આપવાના જ હતા... પણ ગયા મહિને એક્સિડન્ટ... અને...!' મમ્મી કાંઈ આગળ બોલે તે પહેલા મોહન બોલ્યો, 'એ હું કાંઈ ન જાણું... મારે બાઈક જોઈએ એટલે જોઈએ જ!' અને મોહન માંને ગરીબી અને લાચારીના મધદરિયે એકલી મૂકીને બહાર નીકળી ગયો.

ધોરણ ૧૨બોર્ડની પરીક્ષાના એક સપ્તાહ પછી ભગવદસર એક અનોખી પરીક્ષાનું આયોજન કરતાં. જો કે ભાગવદસર ગણિત વિષય ભણાવતા પરંતુ સાથે વિદ્યાર્થીઓને જીવનનું ગણિત પણ સમજાવતાં. વિવિધતાઓથી ભરેલી તેમની અનોખી પરીક્ષા દરેક વિદ્યાર્થીઓ અચૂક આપે જ.

આ વર્ષે પરીક્ષાનો વિષય હતો... 'મારી પારિવારિક ભૂમિકા.'

મોહન પરીક્ષાના ખંડમાં આવીને બેસી ગયો અને તેણે મનમાં ગાંઠ વાળી દીધેલી કે જો બાઈક નહીં આપે તો ઘેર નહીં જ જાઉં.

પેપર ક્લાસમાં વહેંચાઈ ગયું... તેમાં દસ પ્રશ્નો હતા. તેના જવાબ લખવા માટે એક કલાકનો સમય હતો. મોહને પહેલો પ્રશ્ન વાંચ્યો અને જવાબ લખવાની શરૂઆત કરી.

'પ્રશ્ન નં. ૧. તમારા ઘરમાં તમારા પિતાશ્રી, માતાશ્રી, બહેન, ભાઈ અને તમે પોતે કેટલા કલાક કામ કરો છો તે સવિસ્તર જણાવો?'

મોહને ખૂબ ઝડપથી લખવાનું શરૂ કર્યું. પપ્પા સવારે છ વાગે રીક્ષા અને ટિફિન લઈને નીકળી પડે તો રાતે નવેક વાગે ઘરે આવે. અને ક્યારેક રાતે પણ વરધીમાં જવું પડે એટલે દિવસમાં સરેરાશ પંદરેક કલાક.

મમ્મી તો ચાર વાગે ઉઠે... ટિફિન તૈયાર કરે... ઘરનું કામ કરે... બપોરે સિલાઈનું કામ કરે... અને બધા સૂઈ જાય પછી જ તે સૂએ. એટલે સરેરાશ રોજ... સોળેક કલાક... મોટી બહેન સવારે કૉલેજ જાય... સાંજે ચારથી આઠ ચાર કલાક નોકરી કરે... રાત્રે મમ્મીને મદદ કરે અને અગિયાર વાગે સૂઈ જાય... એટલે સરેરાશ બાર-તેર કલાક અને હું... છ વાગે ઉઠું... બપોરે સ્કૂલેથી આવી જમીને સૂઈ જવાનું... અને રાત્રે અગિયાર વાગ્યા સુધી વાંચવાનું... એટલે સરરાશ દસ કલાક...

મોહને જોયું તો ઘરમાં કામની સરાસરીમાં સૌથી છેલ્લો નંબર તેનો હતો.

પહેલો જવાબ લખ્યા પછી તેણે બીજો સવાલ વાંચ્યો.

'પ્રશ્ન નં. ૨. તમારા ઘરની મહિનાની કુલ આવક કેટલી?'

***મોહને તે પૈસા મોહનના હાથમાં આપતાં કહ્યું, 'સોરી, મારે બાઈક નથી જોઈતી... અને પપ્પા, મને રિક્શાની ચાવી આપો. તમારે આરામ કરવાનો... હું આ વેકેશનમાં કામ કરીશ... અને મમ્મી, આજે સાંજે તને ભાવતું રીંગણ-મેથીનું શાક બનાવજે. રાત્રે પહેલી કમાણી લાવીશ એટલે સાથે જમીશું...!'***

જવાબ: પપ્પાની અંદાજે દસ હજાર... સાથે મમ્મી અને બહેન મળીને ત્રણેક હજારનો ટેકો કરે એટલે કુલ તેર હજાર થાય.

'પ્રશ્ન નં. ૩. મોબાઈલ રીચાર્જ પ્લાન... ટીવીમાં આવતી મનપસંદ ત્રણ સિરિયલના નામ... શહેરના એક થિયેટરનું એડ્રેસ... હાલની એટેસ્ટ મુવીનું એક નામ લખો.'

આ દરેકના જવાબ સહેલા હોવાથી મોહને એક મિનિટ કરતાં ઓછા સમયમાં જવાબ લખી નાખ્યાં.

'પ્રશ્ન નં. ૪. બટાટા અને ભીંડાની હાલની એક કિલોની કિંમત... ઘઉં-ચોખા-તેલના એક કિલોના ભાવ... તમારા ઘરનો લોટ જ્યાં દળાય છે તે ઘંટીનું નામ-સરનામુ લખો.'

મોહનને આ સવાલનો જવાબ ન આવડ્યો. મોહનને સમજાયું કે જે ખરેખર જીવનની રોજબરોજની ખૂબ જરૂરિયાતવાળી ચીજો વિશે તો તેને લેશમાત્ર જ્ઞાન નથી.

મમ્મી ઘણીવાર ઘરનું કામ બતાવે તો તરત ના કહી દેતો જેનું આજે ભાન થયું કે મોબાઈલનું રીચાર્જ કે મુવી જે જીવનમાં કોઈ ઉપયોગી નથી તે વિશે ખૂબ ધ્યાન રાખીએ છીએ પણ ઘરની જવાબદારી લેવામાં પાછી પાની કરીએ છીએ.

'પ્રશ્ન નં. ૫. તમારા ઘરમાં તમે ભોજન બાબતે કોઈ તકરાર કરો છો ખરા?'

જવાબ–હા... મને બટાટા સિવાય કોઈ શાક ન ભાવે. જો મમ્મી બીજું કોઈ શાક બનાવે એટલે મારે ઝઘડો થાય... અથવા હું ખાધા વિના ઊભો થઈ જાઉં...

આટલું લખીને મોહનને યાદ આવ્યું કે બટેકાથી મમ્મીને બહુ ગેસ થઈ જાય છે અને પેટમાં પણ દુ:ખે છે... પણ પોતે જીદ કરે કરે અને કરે જ... એટલે મમ્મી પોતાના બટેટાના શાકમાં એક મોટો ચમચો અજમો નાખીને ખાય. એક વાર તે શાક ભૂલથી મોહને ખાઈ લીધેલું તો તરત થૂંકી નાખેલું... મમ્મી તું આવું થાય છે...? બહેન પણ કહેતી હતી કે આપણા ઘરમાં એવી સ્થિતિ નથી કે રોજ જુદા જુદા શાક બને... તું નથી માનતો એટલે મમ્મી બિચારી શું કરે...?

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

અને મોહન પોતાની યાદમાંથી બહાર આવ્યો અને પછીનો પ્રશ્ન વાંચ્યો.

'પ્રશ્ન નં. ૬. તમે કરેલી છેલ્લી જીદ અને તેનું સ્વરૂપ લખો.'

જવાબ–મોહને જવાબ લખવાનું શરૂ કર્યું. 'મારી બોર્ડની પરીક્ષા પૂરી થઈ ને બીજા દિવસે મેં બાઈક માટે જીદ કરેલી. પણ પપ્પાએ કોઈ જવાબ ન આપ્યો... મમ્મીએ સમજાવ્યો કે ઘરમાં પૈસા નથી... પણ હું ન માન્યો... મેં બે દિવસથી ખાવાનું પણ બંધ કરી દીધું છે અને જીદ કરી છે કે જ્યાં સુધી મને બાઈક ન લાવી આપો ત્યાં સુધી હું જમીશ નહીં... અને આજે જો ઘરે પણ પાછો નહીં ફરું તેમ કહીને જ નીકળ્યો છું.' મોહને પોતાની જીદનો પ્રમાણિકપણે જવાબ લખ્યો.

'પ્રશ્ન નં. ૭. તમને આપવામાં આવતી પોકેટમનીનો શો ઉપયોગ કરો છો? તમારા ભાઈ કે બહેન તેનો શો ઉપયોગ કરે છે?'

જવાબ–પપ્પા દર મહિને મને સો રૂપિયા આપે છે... તેમાંથી હું મને ગમતું પરફ્યુમ... ગોગલ્સ... જેવી વસ્તુઓ કે ક્યારેક મિત્રોની નાની નાની પાર્ટીઓમાં ખર્ચ કરું છું. મારી બહેનને પણ પપ્પા સો રૂપિયા આપે છે... તે નોકરી કરીને કમાય છે... તે પોતાની મમ્મીને પણ આપે છે અને પોકેટમની ગલ્લામાં નાખી બચાવી રાખે છે. તેને કોઈ જ શોખ નથી. તે કંજૂસ છે.

'પ્રશ્ન નં. ૮. તમે તમારી પારિવારિક ભૂમિકા શું સમજો છો?'

પ્રશ્ન અટપટો અને અઘરો હતો પણ મોહને વિચારી જવાબ લખ્યો... પરિવારમાં જોડાઈને રહેવું... એકમેક પ્રત્યે સમજણ રાખવી... એકમેકને મદદ કરવી અને પોતાની જવાબદારી નિભાવવી.

અને આ લખતાં જ મોહનને અંગરથી અવાજ સંભળાયો... શું મોહન તું પોતે પોતાની પારિવારિક ભૂમિકા યોગ્ય રીતે ભજવી રહ્યો છે...?

અને અંદરથી જ પોતાનો જવાબ સંભળાયો, 'ના.'

'પ્રશ્ન નં. ૯. શું તમારા પરિણામોથી તમારા માતા-પિતા ખુશ છે? શું તે તમારા પરિણામ માટે જીદ કરે કે તમને લડે છે?'

આ જવાબ લખતા મોહનની આંખો ભરાઈ આવી... તે હવે પોતાની પારિવારિક ભૂમિકા સમજી ગયો હતો... તેણે જવાબ લખવાની શરૂઆત કરી... આમ તો હું ક્યારેય મારા માતા-પિતાને સંતોષકારક પરિણામ આપી શક્યો નથી. જો કે તેમણે ક્યારેય જીદ પણ કરી નથી... અને મેં સેંકડો વાર તેમને આપેલા રિઝલ્ટના પ્રોમિસ તોડ્યા છે.'

પ્રશ્ન નં.-૧૦. પારિવારિક અસરકારક ભૂમિકા ભજવવા માટે વેકેશનમાં તમે કેવી રીતે મદદરૂપ થશો?

જવાબ–મોહનની કલમ ચાલે તે પહેલાં તેની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી... આ પ્રશ્નનો જવાબ લખતા પહેલાં જ મોહનની પેન ફસડાઈ પડી અને બેંચ પર નીચે મોં ઘાલીને રડી લીધું... મોહને ફરી પેન ઉપાડી પણ આ પ્રશ્નનો જવાબ તે લખી ન શક્યો... અને છેલ્લો જવાબ કોરો મુકીને પેપર સબમીટ કરી દીધું.

ગેટ પર જ દીદીને જોઈ તે તેની પાસે દોડી ગયો.

'ભઈલું, લે આ આઠ હજાર રૂપિયા... મમ્મીએ કહ્યું છે કે મોહનને કહેજે કે બાઈક લઈને ઘરે આવે...' અને તેની દીદીએ મોહન સામે પૈસા ધર્યા.'

'ક્યાંથી લાવી આ પૈસા?' મોહને પૂછ્યું.

'મેં મારી નોકરીમાં એક મહિનાનો એડવાન્સ પગાર માંગ્યો 'તો તેમણે આપ્યો. મમ્મી પણ જ્યાં કામ કરે છે ત્યાંથી ઉછીના લાવી... અને મારી બચાવેલી મોકેટમની બધું ભેગું કરીને તારા બાઈકના પૈસા કર્યા છે.' દીદીએ જણાવતાં કહ્યું.

મોહનની નજર પૈસા પર સ્થિર થઈ અને તેની બહેન ફરી બોલી.

